श्रीमद् रा
कहानियां
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ

८०ग

સંપાદક

મુકુલભાઈ કલાર્થી

८०ग
५९

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાઓને પોષવાની દૃષ્ટિએ પરંપરાઓમાં એને અનુકૂળ એવાં દૃષ્ટાંતો, વાર્તાઓ અને કથાઓ પુષ્કળ યોજાયાં છે. અને તે દૃષ્ટાંતો અનેક વાર સાંભળનાર કે વાંચનારને બહુ આકર્ષે એવાં પણ છે.

પરંપરાઓમાં મળી આવતી આવી ભાવનાપોષક કથાઓનું તુલનાત્મક અધ્યયન મહત્ત્વનું બની રહે છે. મહાભારત, યોગવાસિષ્ઠ, બૌદ્ધ અટ્ઠકથાઓ અને જૈન કથાનુયોગ એ બધું એ દૃષ્ટિએ જોવાલાયક છે.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી. મુકુલભાઈએ જે દૃષ્ટાંતો લીધાં છે, તે શ્રીમદ્‌નાં બે પુસ્તકો 'ભાવનાબોધ' અને 'મોક્ષમાળા'માંથી લીધાં છે. શ્રીમદે એ દૃષ્ટાંતો જૈન આગમિક સાહિત્યમાંથી તારવ્યાં છે.

આવી લઘુ પુસ્તિકા સરળ ભાષામાં તૈયાર કરી શ્રી. મુકુલભાઈએ અધિકારી વાચકોને એક સારી સગવડ પૂરી પાડી છે.

[પ્રસ્તાવનામાંથી] **પંડિત સુખલાલજી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

३२,८८६
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા–૫

શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ

श्रीमद राजचन्द्र नी दृष्टांत कथाओ

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તબ લેખું રે.
મુક્તાનંદ

CHECKED 1973
Initial

સંપાદક
સુકુલભાઈ કલાર્થી

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ – ૧૪

© સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે, ૧૯૫૫

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ – ૧૪ : મુંબઈ ૨

રૂ. ૧.૨૫ એપ્રિલ, ૧૯૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી રાજચંદ્ર જયંતી માળાનો આ ૫ મો મણકો છે. અગાઉના ૪ની ખબર આ ચોપડીના પૂંઠા પર છેલ્લે મળશે, તે જોવા વાચકને વિનંતી છે.

આ મણકાનો વિષય કવિશ્રી રાજચંદ્રની આલેખેલી દૃષ્ટાન્ત-કથાઓ છે. તે કથાઓ જૈન પરંપરામાં જાણીતી છે. કવિશ્રીએ તેમને પોતાની રીતે રજૂ કરી છે એટલું વિશેષ કહી શકાય. શ્રી. મુકુલભાઈએ તેમને આ મણકામાં એકત્રિત કરી, જરૂર પડે ત્યાં ટૂંકાવીને તથા સરળ ભાષામાં અલગ પુસ્તક રૂપે રજૂ કરી છે; સાથે સાથે તેમણે શ્રી રાજચંદ્રની મૂળ ભાષાની ઝલક પણ વાચકને મળે, તેનો ખ્યાલ રાખ્યો છે.

દૃષ્ટાન્તકથાઓ અમુક ધર્મભાવનાઓની લોકકેળવણીને અર્થે છે. તે ભાવનાઓ જૈન મત પ્રમાણે ૧૨ છે, જે પ્રસ્તાવનામાં ગણાવી છે. પંડિત સુખલાલજીએ તેમના આમુખમાં આ વિષે તાત્ત્વિક ચર્ચા કરીને આ પુસ્તકનું મૂલ્ય વધારવામાં મદદ કરી છે, તે માટે એમનો આભાર માનું છું.

શ્રીમદ્ રાજચંદ્ર અર્વાચીન ગુજરાતની એક અદ્ભુત આધ્યાત્મિક વિભૂતિ હતા. ગાંધીજી જેવા મહાપુરુષે એમની સ્તુતિ કરી છે. એવા સમર્થ પુરુષની પ્રતિભાના ઓપવાળી આ દૃષ્ટાન્તકથાઓ આપણી કલ્યાણ ભાવનાઓની કેળવણીમાં ફાળો આપશે, એ આશાએ તેમને પ્રસિદ્ધ કરવામાં આવે છે. જૈન જૈનેતર સૌને માટે એ છે, એ તેની વિશેષતા ગણાય. નવી પેઢી આવો એમને મળેલો ભવ્ય વારસો અપનાવશે એવી આશા છે.

૫–૪–'૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૩
શ્રીમદ્ રાજચંદ્ર	મુકુલભાઈ કલાર્થી	૫
નવપ્રભાત	પંડિત સુખલાલજી	૧૫
શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ		
૧. અનિત્યભાવના		૩
૨. અશરણભાવના		૭
૩. એકત્વભાવના		૧૪
૪. નમિરાજની એકત્વ-સિદ્ધિ		૨૧
૫. અન્યત્વભાવના		૨૪
૬. અશુચિભાવના		૩૦
૭. નિવૃત્તિબોધ		૩૫
૮. આસ્રવ અને સમ્વર ભાવના		૪૬
૯. અચળ મુનિત્વ		૪૮
૧૦. નિર્જરાભાવના		૪૯
૧૧. માન-શત્રુ		૫૨
૧૨. કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા		૫૪
૧૩. સત્ય		૫૫
૧૪. પરિગ્રહનું પરિણામ		૫૮
૧૫. જીવ-રક્ષા		૬૦
૧૬. વિનય		૬૩
૧૭. સુદર્શન શેઠ		૬૫
૧૮. ક્ષમાભાવ		૬૮
૧૯. અનુરાગ		૬૯
૨૦. કપિલમુનિ		૭૧
૨૧. સુખ વિષે વિચાર		૭૭
૨૨. મોક્ષસુખ		૮૯
પરિશિષ્ટ		૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્ર



શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા વવાણિયા નામના ગામમાં સંવત ૧૯૨૪ના કારતક સુદ ૧૫ને દિને (ઈ. સ. ૧૮૬૭) થયો હતો. એમનું બાળવયનું નામ રાયચંદભાઈ હતું. એમના પિતાશ્રીનું નામ રવજીભાઈ પંચાણભાઈ મહેતા હતું અને માતુશ્રીનું નામ દેવબાઈ હતું.

શ્રીમદ્ બાળવયમાં વૈષ્ણવ તેમ જ જૈન ધર્મના સંસ્કારો પામ્યા હતા. તેમના પિતામહ શ્રીકૃષ્ણના ભક્ત હતા અને માતુશ્રી દેવબાઈ જૈન સંસ્કાર લાવ્યાં હતાં.

શ્રીમદ્ રાજચંદ્ર સાતેક વર્ષના હતા, ત્યારે તેમને જન્મજન્માંતરનું કાંઈક દર્શન થયું હતું. નાનપણથી તેમની સ્મરણશક્તિ અદ્ભુત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એ કારણે જ્યારે તેમને નિશાળે બેસાડવામાં આવ્યા, ત્યારે એક માસ જેટલો સમય પણ વીત્યો નહીં એટલામાં તો તેમણે આંક પૂરા કર્યા અને બે વર્ષ જેટલી મુદતમાં સાતે ચોપડી પૂરી કરી. તેટલી નાની ઉંમરથી જ રસિક વાતો જોડી કાઢીને કહી બતાવવાની તેમનામાં શક્તિ હતી. આઠ વર્ષની વયથી કવિતા રચવાની તેમણે શરૂઆત કરી હતી. એ ઉંમર દરમ્યાન તેમણે ૫,૦૦૦ કડીઓ રચેલી કહેવાય છે.

નાનપણથી જ તેમનામાં નવું જાણવાની, નવું સાંભળવાની અને નવું શીખવાની તથા તેના ઉપર મનન કરવાની ભારે ટેવ હતી. દશમે વર્ષે તો તેઓ ઘણા વિષયો પર છટાદાર ભાષણો આપતા. અગિયાર વર્ષની વયથી તેમણે ચોપાનિયામાં લેખ લખવા માંડ્યા હતા. એ વર્ષે તેમણે સ્ત્રી-કેળવણીની ઉપયોગિતા વિષે એક નિબંધ પણ લખ્યો હતો. તેર વર્ષની વયથી તેમણે નિયમપૂર્વક ખાનગીમાં નવા નવા વિષયોનો અભ્યાસ કરવા માંડ્યો હતો. તેર વર્ષ પૂરાં થયા બાદ તેમણે પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું. ત્યાં તેમણે કદી કોઈને ઓછોઅધિકો ભાવ કહ્યો નથી કે કોઈને ઓછુંઅદકું તોળી દીધું નથી.

સંવત ૧૯૪૦માં એક મહત્ત્વનો બનાવ બન્યો. શ્રીમદ્ એક વાર મોરબી ગયા હતા. ત્યાં શાસ્ત્રી શંકરલાલ ભટ્ટે કરેલા અષ્ટાવધાનના પ્રયોગો તેમણે જોયા. શ્રીમદ્ તો એ જોઈને અવધાન કરવાનું તરત જ શીખી ગયા અને ધીમે ધીમે તેમણે સં૦ ૧૯૪૩ના અરસામાં મુંબઈ મુકામે સો અવધાન કરી બતાવ્યાં. એકીસાથે સો જુદી જુદી ક્રિયાઓ થતી હોય અને શ્રીમદ્ એ બધી ક્રિયાઓનો ઉત્તર બરોબર આપી શકતા. તેમની સો અવધાનો કરવાની શક્તિથી લોકો મુગ્ધ બની ગયા હતા. અને તેમને સુવર્ણચંદ્રક આપ્યો હતો તથા 'સાક્ષાત્ સરસ્વતી'નું માનવંતું બિરુદ આપવામાં આવ્યું હતું. અગ્રગણ્ય અંગ્રેજી છાપાંઓએ પણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. ઓગણીસ વર્ષની વયના એક જુવાન હિંદીની આવી અદ્‌ભુત માનસિક શક્તિ જોઈને અંગ્રેજી વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

અવધાન ઉપરાંત અલૌકિક સ્પર્શેન્દ્રિય શક્તિ પણ તેમનામાં હતી. તેમને પ્રથમ એક ડઝન જેટલાં જુદાં જુદાં કદનાં પુસ્તકો બતાવવામાં આવતાં તથા તેમનાં નામ વાંચવા દેવામાં આવતાં. ત્યાર બાદ તેમની આંખે પાટા બાંધી દેવામાં આવતા અને એક પછી એક જુદા જુદા ક્રમમાં તે તેમના હાથમાં મૂકવામાં આવતાં. આમ, પુસ્તકને સ્પર્શ કરીને તેના કદ ઉપરથી શ્રીમદ્ દરેક પુસ્તકનું નામ આપી શકતા.

વીસ વર્ષની વયે તેમણે અવધાનો કરવાનું એકદમ બંધ કરી દીધું. કારણ કે સ્મરણશક્તિના પ્રતાપરૂપ આ પ્રવૃત્તિનો વધતો જતો ચમત્કાર આત્મોન્નતિ કરવામાં તેમને બાધક લાગ્યો.

એવી જ બીજી એક અદ્‌ભુત શક્તિ તે ભવિષ્યમાં બનનાર પ્રસંગનું તથા સામી વ્યકિતના મનમાં શું ચાલે છે એ જાણવાનું જ્ઞાન. અહીં એક ઉદાહરણ લઈએ. શ્રીમદ્ દશ વર્ષની વયના હતા, ત્યારે તેઓ રાજકોટ એમના મોસાળે મોરબીના ન્યાયાધીશ ધારસીભાઈની સંગાથે ગયા હતા. તે વખતે હેમરાજભાઈ નામના કચ્છી ભાઈઓ શ્રીમદ્ રાજચંદ્રની ખ્યાતિથી આકર્ષાઈ તેમને ખાસ મળવા મોરબી આવ્યા. પણ તેઓ તો રાજકોટ હતા, એટલે બંને ભાઈઓ રાજકોટ જવા ઊપડ્યા. આ તરફ શ્રી રાજચંદ્રનું જ્ઞાન નિર્મળ હોવાથી તેમને જ્ઞાનમાં જણાયું કે, બે કચ્છી ભાઈઓ સાંઢણી ઉપર બેસી તેમને મળવા આવી રહ્યા છે. એટલે શ્રીમદ્ એ ભાઈઓને સામા લેવા ગયા. તેઓ નજીક આવ્યા એટલે શ્રી રાજચંદ્રે તેમને નામ દઈને બોલાવ્યા : "કેમ હેમરાજભાઈ? કેમ માલસીભાઈ?"

તે બંને વિચારમાં પડી ગયા કે, આપણાં નામ તેઓ ક્યાંથી જાણે? કોઈને આપણે ખબર તો આપી નથી! તેથી બંનેએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્ય પામીને પૂછ્યું: "તમે કેમ જાણ્યું કે અમે અત્યારે આ જ માર્ગે આવીએ છીએ?"

શ્રી રાજચંદ્ર કહે: "આત્માની અનંત શક્તિઓ છે, તે વડે અમે જાણીએ છીએ."

સંવત ૧૯૪૪માં શ્રી રાજચંદ્રનાં લગ્ન થયાં. તેમનાં ધર્મપત્નીનું નામ ઝબકબાઈ હતું. આમ શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા; પરંતુ સાથે સાથે ત્યાગ, વૈરાગ્ય તથા તત્ત્વજિજ્ઞાસા તેમનામાં વધારે ને વધારે જાગ્રત થતાં જતાં હતાં.

આ વર્ષો દરમ્યાન જ તેમને વેપારની અને અન્ય બાહ્ય ઉપાધિઓ પણ વધતી જતી હતી. શરૂઆતમાં કાપડ, કરિયાણું, અનાજ વગેરે મોકલવાની આડત તરીકે કામકાજ હતું. પાછળથી મોતીનો બહોળા પ્રમાણમાં વ્યાપાર તેમણે આદર્યો.

એ સાથે તેમનું આંતરજીવન પણ વિકાસ પામતું જ જતું હતું. વેપાર કરવા તેઓ દુકાને બેસતા, ત્યારે એમની પેઢી ઉપર હિસાબી ચોપડા વગેરે તો હોય; પરંતુ વધારે પ્રમાણમાં ત્યાં ધર્મગ્રંથો પડેલા જોવા મળતા. કામ પત્યું કે તેઓ આ ધર્મગ્રંથો જોવામાં લાગતા અને એની સાથે એમની રોજનીશી રહેતી. એમાં તેઓ દિવસે કામ કરતા તે નહીં લખતા, પણ શા વિચારો કર્યા તે ટપકાવતા. કોઈને મળ્યા ને જ્ઞાનવાર્તા કરી તે લખતા; કોઈ વાર કાવ્યો પણ એમાં જ લખતા; અને આની સાથોસાથ લાખોનો વેપાર કરતા. તેમાં લાભહાનિ પણ થતી હોય. પરંતુ એ બધું એમને મન ક્ષણિક હતું. એમનું સાચું જીવન તો ધર્મલાભને અનિવાર્ય સમજી એમાં ઓતપ્રોત રહેતું. વળી તેઓ ઘણી વાર ઉદ્યોગરત જીવનમાંથી બહાર નીકળી થોડો વખત એકાંત સ્થળે જતા અને આત્મ-ચિંતનમાં મગ્ન રહેતા.

શ્રીમદ્ રાજચંદ્રની આવી ઉચ્ચ સ્થિતિ જોઈને ઘણા જૈન સાધુઓ પણ તેમનો સત્સંગ કરવા આવતા. શ્રીમદ્ પણ તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય માર્ગદર્શન આપતા. એક વાર શ્રી દેવકરણજી નામના એક જૈન સાધુ એમની પાસે આવ્યા. તે કુશળ વ્યાખ્યાતા હતા. શ્રી રાજચંદ્રે તેમને પૂછ્યું : "વ્યાખ્યાનમાં કેટલાં માણસો આવે છે?"

દેવકરણ — "હજારેક માણસો ભરાય છે."

શ્રીમદ્ — "સ્ત્રીઓને વ્યાખ્યાનમાં દેખી વિકાર થાય છે?"

દેવકરણજી — "કાયાથી નથી થતો, મનથી થાય છે."

શ્રીમદ્ — "મુનિએ તો મન, વચન અને કાયા એ ત્રણે યોગથી સાચવવાં જોઈએ."

એટલે દેવકરણજીએ આક્ષેપ કરતાં કહ્યું : "તમે ગાદીતકિયે બેસો છો અને હીરામાણેક તમારી પાસે પડેલાં હોય છે, ત્યારે તમારી વૃત્તિ નહીં ડહોળાતી હોય?"

શ્રીમદ્ બોલ્યા : "મુનિ, અમે તો કાળકૂટ વિષ દેખીએ છીએ!" પછી તેમણે પૂછ્યું : "તમે કોણ છો?"

દેવકરણજી — "જેટલો વખત વૃત્તિ સ્થિર રહે છે, તેટલો વખત સાધુ છીએ."

શ્રીમદ્ — "તેવી રીતે સંસારીને પણ સાધુ કહેવાય કે નહીં?"

શ્રી દેવકરણજી મૌન રહ્યા.

પછી શ્રીમદ્ બોલ્યા : "નાળિયેરનો ગોળો જેમ જુદો રહે છે, તેમ અમે રહીએ છીએ."

આવો જ એક બીજો પ્રસંગ શ્રી રાજચંદ્રની વિરક્ત અવસ્થા બતાવે એવો છે. એક વખત શ્રીમદ્ ફરવા ગયા હતા. સ્મશાનની જગા આવી, ત્યારે તેમણે તેમની સાથે હતા તે ભાઈને પૂછ્યું : "આ શું છે?"

તે ભાઈએ કહ્યું : "સ્મશાન."

શ્રીમદ્ બોલ્યા : "અમે તો આખી મુંબઈને સ્મશાન સમાન જોઈએ છીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા ગૃહસ્થો પણ શ્રીમદ્ રાજચંદ્રની પાસે આવતા હતા. મહાત્મા ગાંધીજી પણ બૅરિસ્ટર થઈને વિલાયતથી હિંદમાં આવ્યા, ત્યારે તેમના પરિચયમાં આવ્યા હતા. ગાંધીજીએ શ્રીમદ્ વિષે પોતાની આત્મકથામાં તેમ જ અન્ય લખાણોમાં ઉલ્લેખ કર્યા છે. તેમણે આત્મકથામાં લખ્યું છે: "મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે: રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન્ટુ ધિસ લાસ્ટ' — સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો."

આ સમય દરમ્યાન શ્રીમદ્ પોતાનાં લખાણો પણ પ્રસિદ્ધ કર્યે જતા હતા. તેમનાં બધાં લખાણો આજે 'શ્રીમદ્ રાજચંદ્ર' નામના મોટા ગ્રંથમાં એકત્ર કરેલાં મળે છે. જિજ્ઞાસુને આ ગ્રંથ ઉપયોગી થાય એવો છે. શ્રીમદ્ પોતાના સંસર્ગમાં આવેલા લોકોને પત્રો લખીને પણ માર્ગદર્શન આપતા હતા. એ બધા પત્રો પણ મનનીય છે. શ્રીમદ્ હંમેશાં લક્ષમાં રાખતા કે, માત્ર ચર્ચા કરવા ખાતર કે બુદ્ધિની કસરત ખાતર કદી કશી પ્રવૃત્તિ ન કરવી. જેને જીવનને ઉન્નત કરવાની તાલાવેલી જાગી છે, આત્માની ઓળખ કરવાની જેને તીવ્ર ઝંખના થઈ રહી છે, એવા જિજ્ઞાસુ લોકો સાથે જ તેઓ વાતો કરતા અને પત્રવ્યવહાર પણ રાખતા. માત્ર કુતૂહલ ખાતર પ્રશ્ન પૂછનારને શ્રીમદ્ ટકોર કરી તેની સાન ઠેકાણે લાવતા. એક ઉદાહરણ લઈએ.

એક શેઠ જરા દૂર આરામ-ખુરસી પર પડચા પડચા બીડી પીતા હતા. તેમણે આમ જ પ્રશ્ન પૂછ્યો: "રાયચંદભાઈ, મોક્ષ કેમ મળે?"

તેના જવાબમાં શ્રીમદ્ ટકોર કરતા બોલ્યા: "તમે અત્યારે જે સ્થિતિમાં બેઠા છો તે જ સ્થિતિમાં હાથ કે પગ કંઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલાવ્યા ચલાવ્યા વગર સ્થિર થઈ જાઓ, તો તમારો અહીંથી સીધો મોક્ષ થઈ જશે !"

સંવત ૧૯૫૫ પછી શ્રીમદ્ રાજચંદ્રની સાધના વધારે તીવ્ર બનતી ગઈ. તેમને લાગ્યું કે, હવે સંસારનો ત્યાગ કરી બધો સમય લોકકલ્યાણમાં ગાળવો. અને એ સારુ તેમણે તૈયારી પણ કરવા માંડી. પરંતુ એ દરમ્યાન એમની તબિયત વધારે લથડવા લાગી. છેલ્લી અવસ્થાએ તેમને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડ્યો. છેવટે એ જ દર્દમાં સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમે (ઈ. સ. ૧૯૦૧) તેત્રીસ વર્ષનું ટૂંકું પરંતુ અત્યંત સમૃદ્ધ જીવન જીવી શ્રીમદ્ રાજચંદ્ર રાજકોટ મુકામે વિદેહ પામ્યા.

આમ, શ્રીમદ્ રાજચંદ્રનો ક્ષર દેહ પંચમહાભૂતમાં ભળી ગયો. પરંતુ એમનો અક્ષરદેહ તેમ જ એમના આત્માની જીવનપ્રેરક સુવાસ હમેશને માટે આપણી વચ્ચે હાજર જ છે.

શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ

શ્રીમદ્ રાજચંદ્રે સત્તર વર્ષની વયે 'ભાવનાબોધ' લખ્યો હતો. એમાં વૈરાગ્યની અને આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા માટે બાર ભાવનાઓ* જૈન ધર્મગ્રંથોમાં જાણીતી છે એનું નિરૂપણ છે. શ્રીમદ્ રાજચંદ્રે 'ભાવનબોધ'ના પ્રાસ્તાવિકમાં જે લખ્યું છે તે એનું તાત્પર્ય સમજવામાં ઉપયોગી થાય એમ છે. શ્રીમદ્ લખે છે:

> "ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે. બાહ્ય દૃષ્ટિથી જ્યાં સુધી ઉજ્જવળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દે છે ત્યાં સુધી તે કથનની સિદ્ધતા કવચિત

---

* જુઓ પૃ૦ ૨૨ પરની ફૂટનોટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્લભ છે; તોપણ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવળ સુલભ છે, એ નિઃસંશય છે.

"એક નાનામાં નાના જંતુથી માંડીને એક મદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓ, માનવીઓ અને દેવદાનવો એ સઘળાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગૂંથાયાં રહે છે. પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે: તેઓ સંસારમાં નાના પ્રકારનાં સુખનો આરોપ કરે છે. પણ અતિ અવલોકનથી એમ સિદ્ધ છે કે, તે આરોપ વૃથા છે. વિરલા માનવીઓ વિવેકના પ્રકાશ વડે અદ્દ્ભુત પણ અન્ય વિષય પ્રાપ્ત કરવા કહેતા આવ્યા છે. જે સુખ ભયવાળાં છે તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે, જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યા છે; તેમ જ પરિણામે મહા તાપ, અનંત શોક અને અનંત ભય છે; તે વસ્તુનું સુખ તે માત્ર નામનું સુખ છે વા નથી જ. આમ હોવાથી તેની અનુરક્તતા વિવેકીઓ કરતા નથી.

"સંસારમાં એકાંત અને જે અનંત ભરપૂર તાપ છે તે તાપ ત્રણ પ્રકારના છે: આધિ, વ્યાધિ ઉપાધિ. એથી મુક્ત થવા માટે પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓ કહેતા આવ્યા છે. સંસારત્યાગ, શમ, દમ, દયા, શાંતિ, ધૃતિ, અપ્રભુત્વ, ગુરુજનનો વિનય, વિવેક, નિઃસ્પૃહતા, બ્રહ્મચર્ય, સમ્યક્ત્વ અને જ્ઞાન એનું સેવન કરવું; ક્રોધ, લોભ, માન, માયા, અનુરાગ, વિષય, હિંસા, શોક, અજ્ઞાન, મિથ્યાત્વ એ સઘળાંનો ત્યાગ કરવો. આમ, સર્વ દર્શનોનો સામાન્ય રીતે સાર છે."

આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે વૈરાગ્યને દૃઢ કરનારી ભાવનાઓને વિવેકપૂર્વક પોતાના જીવનમાં ઉતારવી હિતકર છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાઓને શ્રીમદ્ રાજચંદ્રે 'ભાવનાબોધ'માં વિસ્તારથી નિરૂપી છે. વળી એ ભાવનાને સરળ રીતે સમજાવવા શ્રીમદ્ રાજચંદ્રે જૈન ધર્મગ્રંથોમાંથી કેટલીક દૃષ્ટાંતકથાઓ ઉતારી છે. પ્રસ્તુત પુસ્તકમાં 'ભાવનાબોધ'માં આપેલી દશ કથાઓ લીધી છે.

વળી શ્રીમદ્ રાજચંદ્રે સત્તરમા વર્ષ પહેલાં 'મોક્ષમાળા' લખી હતી. એમાં પણ તેમણે દૃષ્ટાંતકથાઓ આપી છે. એમાંથી ૧૨ કથાઓ આ પુસ્તકમાં લીધી છે.

શ્રીમદ્ રાજચંદ્રે આ કથાઓને વિસ્તારથી લખી છે. પણ આ કથાઓને એ જ સ્વરૂપે પ્રસ્તુત પુસ્તકમાં ન લેતાં એને જ્યાં જરૂરનું લાગ્યું ત્યાં ટૂંકાવી છે તેમ જ ભાષા પણ ક્યાંક ક્યાંક સરળ કરી છે, જેથી આ પુસ્તક જૈનેતર સમાજને પણ વાંચવામાં સરળ થઈ પડે.

દૃષ્ટાંતકથાનું વિશ્વસાહિત્યમાં અનોખું સ્થાન છે. ધર્મસંસ્થાપકોએ, ધર્મોપદેશકોએ, સંતોએ તેમ જ અન્ય મહાપુરુષોએ પોતાનો ઉપદેશ સામાન્ય જનસમુદાય સરળતાથી સમજી શકે અને તેમના પર એની સચોટ અસર પડે એ માટે દૃષ્ટાંતકથાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે. ઈશુ ખ્રિસ્ત, બુદ્ધ, મહાવીર વગેરે ધર્મસંસ્થાપકોની દૃષ્ટાંતકથાઓ તે તે ધર્મના અમર વારસારૂપ જ બની ગઈ છે. સૉક્રેટીસ, ઇસપ વગેરે જેવા તત્ત્વજ્ઞોએ પણ દૃષ્ટાંતકથાઓની સહાય લીધી છે. આજના યુગમાં જોઈએ તો શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવાએ પણ દૃષ્ટાંતકથાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે.

આ ઉપરથી આવી દૃષ્ટાંતકથાઓને સરળ કરીને વાચકવર્ગ આગળ મૂકવામાં આવે તો તે શ્રેયસ્કર થઈ પડે. એ દિશામાં આ પુસ્તક દ્વારા નમ્ર પ્રયત્ન કર્યો છે.

એ કથાઓને પૂજ્ય પંડિત સુખલાલજી સાંભળી ગયા છે અને એ કથાઓને ઉઠાવ આપે એવી વિસ્તૃત પ્રસ્તાવના પણ લખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી છે. એ બદલ તેઓશ્રીનો અત્યંત આભાર માનું છું. વળી મુ. શ્રી ગોપાળદાસભાઈ પટેલે પણ આ કથાઓને સરળ કરવામાં કીમતી સહાય આપી છે, એ માટે તેમનો પણ હું આભારી છું. આ કથાઓ જૈન ધર્મગ્રંથોમાં ક્યાં ક્યાં મળી આવે છે એ જો દર્શાવવામાં આવે તો અભ્યાસીઓને મૂળ કથા વાંચવાની સરળતા થઈ પડે. એ સ્થળો શોધી આપવામાં પૂજ્યશ્રી પુણ્યવિજયજી મહારાજે સહાય કરી છે, એ બદલ તેઓશ્રીનો પણ આભાર માનું છું.

૨૯–૩–'૫૯ સુકુલ કલાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવપ્રભાત

શ્રી. મુકુલભાઈ મને પ્રસ્તુત પુસ્તકમાંની કથાઓ સંભળાવવા આવેલા. એ કથાઓ હું સાંભળ્યે જતો હતો. પણ આ કથાઓમાંની દરેક કથા મને બહુ પરિચિત હતી. નાની ઉંમરથી તે ઠેઠ અત્યાર સુધીના જીવનકાળ દરમિયાન જ્યારે જ્યારે જૈન શાસ્ત્રોમાંના કથાનુયોગને સાંભળતો, ત્યારે આ અને આના જેવી બીજી અનેક કથાઓ સાંભળવામાં આવતી. આથી પ્રસ્તુત પુસ્તક સાંભળતી વખતે આ વિષે કાંઈ પણ લખવું એવો ભાવ પ્રકટતો ન હતો. એમ થતું કે, આ વિષે કાંઈ લખવું એ ચર્વિતચર્વણ જેવું થશે.

આમ, મનમાં વિચાર ચાલતો અને કથાઓ ક્રમે ક્રમે સાંભળતો જતો. એટલામાં એમાંની એકવીસમી કથા સાંભળવાનો પ્રસંગ આવ્યો. એ સાંભળતાં સાંભળતાં મન વધારે સ્થિર થયું; ઊંડાણમાં ઊતર્યું અને એને તરત જ પ્રશ્ન થયો કે, શું શ્રીમદે આ કથા ક્યાંયથી લીધી છે કે કલ્પી છે? કથાનું બાહ્ય ખોખું અને એમાંનો તાત્ત્વિક ભાવ વિચારતાં મારા મન ઉપર એક નવો પ્રકાશ પથરાયો. સંભવ છે કે, મને જે સૂઝ્યું તે બીજા કોઈનેય સૂઝ્યું હોય. છતાં મારા મનમાં પ્રગટેલી સૂઝ એ તે વખતે મારે માટે સાવ નવીન જ હતી; અને હું એ નવી સૂઝના ઉલ્લાસમાં બોલી ઊઠચો કે, 'આ તો નવું પ્રભાત ઊગ્યું!' આ ઉદ્‌ગારને અનુસરી મેં પ્રસ્તુત લખાણનું મથાળું 'નવપ્રભાત' રાખ્યું છે અને એ જ નવપ્રભાતના ઉલ્લાસથી પ્રેરાઈ કાંઈક લખવા બેઠો છું.. પહેલાંનો ન લખવાનો વિચાર ગળી જઈ તેના સ્થાનમાં લખવાનો ઉલ્લાસ એ જ સૂઝથી આવ્યો છે, એમ મારે કહી દેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એકવીસમી કથા આમ તો સાવ સાદી છે. એમાં કોઈ વિશિષ્ટ કળાતત્ત્વ નથી. પણ મને એમાં એક છુપાયેલ રહસ્ય ભાસ્યું છે. તે રહસ્ય એટલે આ કથાના રૂપક દ્વારા શ્રીમદે પોતાના વર્તમાન જીવન અને ભાવિ જીવનના મનોરથોની ગૂંથણી કરી છે તે. આમ જોઈએ તો આ રૂપક એમણે સત્તરમા વર્ષ જેટલી નાની ઉંમર પહેલાં જ 'મોક્ષમાળા'માં આલેખ્યું છે.* એ રૂપકમાં જે વિચારો શ્રીમદે ગોઠવ્યા છે તે એમના તત્કાલીન જીવનવ્યવહારના પ્રત્યક્ષ સૂચક છે અને કેટલાક ભાવિ જીવનના જે મનોરથો તેમને આવતા હશે તેનું પણ એ રૂપકમાં પ્રતિબિંબ છે. શ્રીમદ્ છેક નાની ઉંમરથી આંતરિક વૈરાગ્યની પ્રકૃતિવાળા હતા એ વિષે બે મત છે જ નહીં. એમની પ્રજ્ઞા અને વિવેકશક્તિ તો અસાધારણ હતી જ. થોડામાંથી ઘણું સમજવાની શક્તિ અને સાર-અસારનો વિવેક કરવાની બારીક શક્તિ તો એમનાં લખાણોના વાક્યે વાક્યમાં દેખાય છે. એ સહજ કવિ હતા અને કલ્પનાસામર્થ્ય પણ એમનામાં અજબ હતું. તેથી એમ લાગે છે કે, તેમણે પોતાના વર્તમાન જીવનને એ રૂપક દ્વારા ગ્રથિત કરી સૂચવ્યું છે કે, મૂળ મનોરથ તો સર્વથા સંગત્યાગનો અથવા નિર્ગ્રંથપદનો છે. પણ ગૃહસ્થ તરીકે પ્રામાણિક જીવન કેમ જીવવું એનો અનુભવ લઈ બીજા ગૃહસ્થોને તેવા જીવનનો બોધ અનુભવને આધારે આપવો એ ખાસ ઉપયોગી છે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' એ પદમાં તેમણે 'ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો' એવો ઉદાત્ત ભાવ રજૂ કર્યો છે. જોકે, આ રચના એમની પાછલી ઉંમરની છે.× પણ એમ લાગે છે કે, જ્યારે તેઓ

---

* 'મોક્ષમાળા'ની મૂળ હસ્તલિખિત પ્રત મળે તો આ વાતની સત્યતા વિષે કશું કહેવાનું ન રહે. પરંતુ 'મોક્ષમાળા' છપાઈ તે વખતે શ્રીમદ્ મોટી ઉંમરના હતા. એટલે કદાચ એવોય સંભવ ખરો કે, તેમણે છપાવતી વેળાએ આ કથા ઉમેરી પણ હોય. આ તો અનુમાન માત્ર જ છે.

× આ પદ તેમણે ત્રીસ વર્ષની વયે લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોળ વર્ષની આસપાસના હતા ત્યારે પણ તેમના મનમાં એ જ ભાવ રમતો; અને છતાં તે વખતે તેઓ પોતાને ગૃહસ્થ તરીકે સૂચવે છે. એ ઉંમરે પણ તેઓ અનેક ગૃહસ્થોને અનેક રીતે બોધ આપતા. તેમની આસપાસ શ્રોતાઓ અને ભક્તિશીલોનું વર્તુળ સારા પ્રમાણમાં રચાતું. આ બધું જોતાં મને ઊંડી પ્રતીતિ થઈ કે, એ રૂપક દ્વારા શ્રીમદે પોતાના જીવનનું વહેણ સૂચિત કર્યું છે.

મારી આ પ્રતીતિ સોળે સોળ આના યથાર્થ છે એમ તો હું ન કહી શકું. પણ મને એ પ્રતીતિ થતાં જે અકૃત્રિમ ઉલ્લાસ પ્રગટ્યો અને એમ લાગ્યું કે, આ રૂપકમાં તો શ્રીમદના જીવનની તાદૃશ છબી છે, તેને હું 'सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमन्तः-करणप्रवृत्तयः ।' * એવી કાલિદાસની ઉક્તિને અનુસરી નિર્ણાયક તત્ત્વ લેખું છું. અને તેથી જ હું એ પ્રતીતિને 'નવપ્રભાત' નામથી ઓળખાવું છું. કોઈને વણકહ્યો અને વણસૂચવ્યો નવો જ વિચાર સૂઝે તેને અપૂર્વ વિચાર તરીકે લોકો લેખે છે. નવું પ્રભાત એ પહેલાંના પ્રભાત જેવું જ હોય છે, છતાં તેમાં એક એવી નવતા અવશ્ય હોય છે કે જે રોજ રોજ પ્રભાત જોનાર આંખને પણ તે આકર્ષે છે જ. મારી આ પ્રતીતિએ કદાચ મને એ જ રીતે આકર્ષ્યો છે. અસ્તુ.

હવે પુસ્તકના વિષયો વિષે કાંઈક ચર્ચા કરવી ઇષ્ટ છે.

વિવેક

વિવેક એ કાંઈ માત્ર માનવજીવનની જ મૂડી નથી. એનું બીજ તરતમભાવે પ્રાણીમાત્રમાં છે. એ ન હોય તો કોઈ જંતુ, કોઈ પક્ષી કે કોઈ પશુ જીવન જીવી જ ન શકે. શારીરિક અને સજાતીય પરિવારનું જીવન જીવવા માટે પણ આહાર અને કામસંજ્ઞાને સંતોષવી પડે છે. એ સંતોષવામાં અણગમતી પરિસ્થિતિને ટાળીને

* शाकुन्तल અંક ૧, શ્લોક ૧૭.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમતી અને અનુકૂળ પરિસ્થિતિ પસંદ કરવી જ પડે છે. આ કાર્ય એ વિવેકશક્તિથી જ સિદ્ધ થઈ શકે.

પણ ઇતર પ્રાણીવર્ગનો વિવેક સ્થૂળ, ભૌતિક અને શારીરિક જીવન જીવવાના પ્રદેશથી આગળ વિકસતો નથી. માનવ જીવનનું એમ નથી. મનુષ્યમાં પડેલું પરાપૂર્વથી વારસાગત ચાલ્યું આવતું વિવેકબીજ અનેક રીતે વિકસે છે. તે જેમ ભૌતિક અને શારીરિક જીવન જીવવાના પ્રદેશોને વિસ્તારે છે, તેમ તે માનસિક અને તેથીયે આગળ વધી આધ્યાત્મિક જીવનના પ્રદેશોને ખુલ્લા કરે છે — વિકસાવે છે. તેથી જ આપણે જોઈએ છીએ કે, માનવ એ ભૌતિક અને શારીરિક જીવન સુખપૂર્વક જિવાય એની વિવિધ શોધ કર્યા પછી પણ ઊંડો અસંતોષ અનુભવે છે અને જાણે જીવનમાં ખરેખરું કાંઈક ખૂટતું હોય તેવું તેને લાગે છે. માનસિક અને બૌદ્ધિક શક્તિઓ અને કળાઓનાં અનેક ક્ષેત્રો ખેડયા પછી પણ કોઈ કોઈ વિરલ માનવને એમ લાગે છે કે, આથી પણ બીજું વધારે મહત્ત્વનું કાંઈક જાણ અને અનુભવ બહાર રહી જાય છે! આ લાગણીથી તે પ્રેરાય છે અને શોધના ઊંડા કૂવામાં તે કૂદી પણ પડે છે. આવા અંતિમ કોટીના સાહસિકોએ જે વિવેક દ્વારા શોધ્યું, તે વિવેકને આધ્યાત્મિક વિવેક કહેવો જોઈએ. ખરા અર્થમાં આધ્યાત્મિક વિવેક ઊગે તો બીજી બધી અગવડો કે સગવડો એવા વિવેકીને એકસમાન જ ભાસવાની. આધ્યાત્મિક પુરુષોના જીવનમાંથી જાણવા જેવી ખરી વસ્તુ એ આવો આધ્યાત્મિક વિવેક છે.

આધ્યાત્મિક વિવેકનો સાદો અર્થ એટલો જ છે કે, માત્ર શરીર 'હું' નથી; ઇંદ્રિયશક્તિઓ એ પણ 'હું' નથી; મનની વૃત્તિઓ કે મન-શક્તિ એ પણ 'હું' નથી. 'હું' તો એ બધાંથી પર અને એ બધાં વડે કામ કરતું અને એ બધાંને સજીવ રાખતું કાંઈક વધારે સૂક્ષ્મ એવું તત્ત્વ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા તત્ત્વની શોધ જુદા જુદા પુરુષોએ જુદા જુદા દેશ અને કાળમાં એક યા બીજી રીતે કરી છે. એ તત્ત્વને કોઈ જીવ તરીકે તો કોઈ પુરુષ, આત્મા, ચિત્ત યા બ્રહ્મ રૂપે ઓળખાવે છે. પણ બધાનો ભાવ એટલા અંશમાં તો સરખો છે જ કે, એ તત્ત્વ નથી જડ કે નથી ઇન્દ્રિયગમ્ય; એ તો માત્ર સ્વસંવેદ્ય અને ચૈતન્ય યા જ્ઞાનવિચારમય છે. આ રીતે એવા આધ્યાત્મિક પુરુષોએ જગતનાં તત્ત્વોને બે ભાગમાં વહેંચી કહી દીધું કે, જગત એ જડ અને ચૈતન, યા પ્રકૃતિ અને પુરુષ, યા બ્રહ્મ અને માયા, યા નામ અને રૂપમય છે. આવો એમણે વિવેક તો કર્યો; પણ એ વિવેક નવનવા જિજ્ઞાસુ કે સાધકોના મનમાં ઊંડો ઊતરે અથવા સારી રીતે સમજાય, તેના સંસ્કાર દૃઢ થાય એ માટે તેમણે અનેક સરળ અને અધરી એવી યુક્તિઓ પણ રચી. એ યુક્તિઓમાંની થોડીક યુક્તિઓનો પરિચય અત્રે કરીએ, તો પ્રસ્તુત દૃષ્ટાંતકથાઓનો મર્મ સમજવામાં સરળતા થાય.

ઉપર સૂચવ્યું તે પ્રમાણે આત્મા યા ચેતનતત્ત્વની માન્યતા તત્ત્વજ્ઞોમાં સ્થિર થઈ. પણ એ બધા તત્ત્વજ્ઞો આત્માના સ્વરૂપની બાબતમાં દૃષ્ટિભેદ ધરાવતા આવ્યા છે. કોઈ દેહભેદે આત્માને ભિન્ન ભિન્ન માને છે, તો કોઈ એવો ભેદ કાલ્પનિક છે એમ માને છે. વળી કોઈ આત્માને વિભુ અને વ્યાપક માને છે, તો કોઈ અણુ અને દેહપરિમિત મધ્યમ પરિમાણ માને છે. કોઈ પરિવર્તન યા પરિણામથી રહિત કૂટસ્થ નિત્ય માને છે, તો કોઈ પરિણામી નિત્ય માને છે. વળી કોઈ માત્ર ક્ષણિક છતાં અવિચ્છિન્ન ધારાવાહી સંતતિરૂપ માને છે. આ રીતે આત્માના સ્વરૂપની બાબતમાં દૃષ્ટિભેદ હોવા છતાં બધા આત્મવાદી તત્ત્વજ્ઞો એક બાબતમાં એકમત છે. તે એક બાબત એટલે આત્મેતર યા આત્માથી ભિન્ન વસ્તુઓમાં આત્મબુદ્ધિ નિવારવી તે. જ્યાં લગી આવી બુદ્ધિ પ્રવર્તે, ત્યાં લગી અવિદ્યા છે એમ સૌએ માન્યું છે. જ્યારે આવી બુદ્ધિ નિવૃત્ત થઈ આત્માની જ આત્મારૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ થાય, ત્યારે તે વિદ્યા. આમ, આત્મવાદી તત્ત્વજ્ઞોએ અવિદ્યા અને વિદ્યાનો વિવેક કર્યો છે.

પરંતુ આત્મસ્વરૂપની બાબતમાં દૃષ્ટિભેદ હોવાને લીધે અવિદ્યા અને વિદ્યાની વ્યાખ્યામાં થોડો ભેદ પડી જાય છે. પર તત્ત્વને આત્મા સમજવો એ અવિદ્યાનું સામાન્ય સ્વરૂપ ખરું. પણ એના વિશેષ સ્વરૂપમાં દર્શનભેદે ભેદ દેખાય છે, તે જાણવો જરૂરી છે. ઉદાહરણાર્થ, સાંખ્યયોગ પરંપરા અનિત્ય, અશુચિ, દુઃખ અને અનાત્મા એવા શરીર આદિમાં નિત્ય, શુચિ, સુખ કે આત્મબુદ્ધિને અવિદ્યા કહેશે.* પણ નિત્ય પુરુષ તત્ત્વને નિત્ય માનવું એને વિદ્યા કહેશે. આથી ઊલટું બૌદ્ધ પરંપરા પુરુષ યા આત્મતત્ત્વને નિત્ય માનવું એને જ અવિદ્યા કહેશે અને અનિત્ય યા ક્ષણિક માનવું તેને વિદ્યા કહેશે. એ જ રીતે કેવલાદ્વૈતી વેદાંતી ચેતનને ભિન્ન ભિન્ન તત્ત્વરૂપે સ્વીકારવું તેને અવિદ્યા કહેશે અને અભિન્ન માનવું તેને વિદ્યા. આથી ઊલટું જૈન આદિ તત્ત્વજ્ઞો ચેતનતત્ત્વને માત્ર અભિન્ન જ માનવામાં અવિદ્યા નિહાળશે. આ રીતે અવિદ્યા અને વિદ્યાના વિશેષ નિરૂપણમાં તાત્ત્વિક દૃષ્ટિભેદને કારણે ભેદ ઊપજ્યો છે. છતાં એની પાછળ રહેલું અગત્યનું રહસ્ય તો દરેક પરંપરામાં એક જ છે; અને તે જ આત્મવાદીઓની દૃષ્ટિએ સારભૂત છે.

એ રહસ્ય એટલે આત્મેતર જે કાંઈ હોય તેમાંથી આત્મબુદ્ધિ સેરવી લેવી અને એ ર તત્ત્વમાં જે આસક્તિ, રાગ કે અહંકારનું વળગણ હોય તેને નિવારવું. તેને નિવાર્યું એટલે દ્વેષ તો આપોઆપ જવાનો જ. જ્યાં લગી આસક્તિ યા રાગ હોય ત્યાં લગી જ દ્વેષને અવકાશ છે. સ્વ સ્વરૂપ સિવાય પર તત્ત્વમાં જ રાગ યા આસક્તિને સ્થાન છે. તેથી દ્વેષ પણ એમાં જ સંભવે. જ્યારે સાધક સ્વ સ્વરૂપમાં પ્રવર્તમાન થાય કે તેમાં નિષ્ઠા કેળવે, ત્યારે રાગ યા દ્વેષના

---

* अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या । પાદ ૨, સૂત્ર ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૫૨ ૩૨,૮૮૬

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્ભવને અવકાશ જ નથી રહેતો. આવો અનુભવ આધ્યાત્મિક પુરુષોને થયેલો છે. તેથી જ તેમણે પોતપોતાને અભિપ્રેત હોય એવા આત્મા યા ચેતનના સ્વરૂપ પ્રત્યે અભિમુખ થવા ઉપર અને ક્રમે ક્રમે તેમાં સુસ્થિર થવા ઉપર ભાર આપ્યો છે.

આવો ભાર આપવા જતાં તેમણે લોકોની જુદી જુદી માનસિક ભૂમિકા અને તેમનાં વલણો જોઈ જુદી જુદી રીતો અજમાવી છે. એ રીતોને આપણે અહીં ભાવના શબ્દથી ઓળખીશું.

ભાવના

બૌદ્ધ, વેદાન્ત અને જૈન આદિ બધી પરંપરાઓએ પોતપોતાની રીતે ભાવનાઓનું વર્ણન કર્યું છે અને એ દ્વારા હેય પર તત્ત્વમાંથી અહંત્વ–મમત્વ બુદ્ધિ ગાળવાનો ઉપાય સૂચવ્યો છે. શાસ્ત્રોમાં જેને હેય તરીકે વર્ણવવામાં આવેલ છે તે શરીર, સંપત્તિ, દારા, પુત્ર આદિ હેય છે. એનો અર્થ એવો સમજવાનો નથી કે, જીવનમાં તેનો સંબંધ સર્વથા ટાળી શકાય યા ટાળવો જોઈએ; પણ ખરી રીતે એનો અર્થ એટલો જ કે, જે જે વસ્તુ હેય તરીકે જણાવવામાં આવે છે, તેનો જીવનક્રમમાં અનિવાર્ય ઉપયોગ હોવા છતાં તેમાં જે આસક્તિ અને અભિનિવેશ હોય તે હેય છે. આસક્તિ અને અભિનિવેશ વિનાની કોઈ વસ્તુ બાધક છે જ નહીં. ઉચ્ચમાં ઉચ્ચ કોટીના સાધકો પણ શરીર, ઇંદ્રિય અને ભૌતિક સાધનોનો ઉપયોગ કરે છે અને છતાં તેમની સાધનામાં તે બાધક નથી થતાં. આનું કારણ એ છે કે, તેમનામાં તે સાધનો પ્રત્યે આસક્તિ કે અભિનિવેશનું તત્ત્વ નથી રહેતું. એટલે જે જે વસ્તુ હેય તરીકે લેખાય છે તે વસ્તુઓમાં સ્વતઃ કાંઈ હેયત્વ જેવું નથી હોતું. માત્ર એના પ્રત્યેનું આપણું અહંત્વ-મમત્વમય વળગણ એ જ એને હેય બનાવે છે.

આવી સમજણ એ જ સૂક્ષ્મ વિવેક છે. એ વિવેકને પોષવા ને વિકસાવવા માટે જ આધ્યાત્મિક પુરુષોએ જુદી જુદી ભાવનાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવવા કહ્યું છે. ભાવનાઓ ભાવવી એટલે અમુક દૃષ્ટિબિંદુથી વસ્તુ પરત્વે અમુક વિચાર વારંવાર પોષવો. આ મુદ્દાને હવે થોડાક દાખલાઓથી સમજીએ.

જૈન પરંપરામાં બાર ભાવનાઓ * પરાપૂર્વથી જાણીતી છે. પહેલી ભાવના 'અનિત્ય' છે. બધી વસ્તુ અનિત્ય છે, નશ્વર છે, એવો વિચાર વારંવાર સેવવાનો અર્થ એટલો જ છે કે, પોતા સિવાયની બધી વસ્તુઓને સ્થિર માનવાથી તેમાં જે વળગણ ઊભું થાય છે તેને અનિત્ય કે અસ્થિરપણાની ભાવનાથી નિવારવું. આત્મા એ સદાય પોતાનો સાથી છે. તે પોતાથી કદી છૂટો પડવાનો નથી. જ્યારે બીજી વસ્તુઓ ગમે તેવી સ્થિર દેખાય છતાં તે આત્માની સદા સાથી બની શકે નહીં. આ રીતે અનિત્યપણાની ભાવના એ માત્ર આસક્તિ કે મમત્વ ઘટાડવા કે નિવારવા માટે છે. એ જ રીતે બારે ભાવનાઓ એક યા બીજી રીતે આધ્યાત્મિકતા પુષ્ટ કરવામાં ઉપયોગી થઈ શકે, જો ભાવનાઓનો વિવેકપૂર્વક ઉપયોગ થાય તો.

બૌદ્ધ પરંપરામાં પણ આવી ભાવનાઓ છે. એણે વસ્તુમાત્રમાં અનિત્યપણું, દુઃખરૂપતા અને અનાત્મબુદ્ધિ કેળવવાનું કહ્યું છે.* અનિત્યપણું વિચારવું તે એટલા માટે કે, કોઈ પણ વસ્તુને નિત્ય કે સ્થિર માની તેમાં લુબ્ધ ન થવાય. દુઃખરૂપતા એટલા માટે વિચારવી કે, વસ્તુઓને સુખરૂપ યા સુખનું સાધન માની તેમાં લિપ્ત ન થવાય. અનાત્મબુદ્ધિ એટલા માટે કેળવવી કે, જે અતિ નિકટનું હોય તેને 'હું' 'હું' માની તેમાં ગૃદ્ધ—લુબ્ધ ન થવાય.

---

* ૧. અનિત્યભાવના, ૨. અશરણભાવના, ૩. સંસારભાવના, ૪. એકત્વભાવના, ૫. અન્યત્વભાવના, ૬. અશુચિભાવના, ૭. આસ્રવભાવના, ૮. સમ્વરભાવના, ૯. નિર્જરાભાવના, ૧૦. લોકસ્વરૂપભાવના, ૧૧. બોધદુર્લભભાવના, ૧૨. ધર્મદુર્લભભાવના.

* अनिच्चतो वा दुक्खतो वा अनत्ततो वा ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ રીતે વેદાંતી પરંપરાએ પણ બ્રહ્મ યા ચૈતન્યમાં નિષ્ઠાવાન થવા માટે ઇતર ભાવોને માયિક કહી તેમાં શાશ્વતપણાની બુદ્ધિ નિવારવા માયાની ભાવના પોષી છે.

આ રીતે બધી જ આધ્યાત્મિક પરંપરાઓએ છેવટે આત્મરતિ અને આત્મનિષ્ઠા કેળવવા તે સિવાયની વસ્તુઓમાંથી ચિરકાલીન અહંત્વ અને અભિનિવેશના સંસ્કારો નિવારવા માટે જ ભાવનાઓની યોજના કરી છે.

આ તેમની વૈરાગ્યપોષક એક પ્રાથમિક યુક્તિ છે. પ્રાથમિક એટલા માટે કે, એવી ભાવનાઓ દ્વારા પોષાયેલો વૈરાગ્ય એ માત્ર દોષદર્શનજન્ય હોઈ અપર વૈરાગ્ય છે. એટલે કે, તે વૈરાગ્ય અંતિમ કોટીનો નથી. અંતિમ કોટીનો વૈરાગ્ય એ પર વૈરાગ્ય કહેવાય છે. અને પર વૈરાગ્ય તો માત્ર વસ્તુના યથાર્થ સ્વરૂપદર્શનથી જ સંભવે. યોગશાસ્ત્રમાં તેથી જ પર વૈરાગ્યનું નિરૂપણ જુદું કર્યું છે.* અપર વૈરાગ્ય સ્થૂળ ભૂમિકામાં પ્રાથમિક સાધકોને ઘણી વાર ઉપયોગી થઈ શકે એની ના નહીં. પણ એ દોષદર્શનજન્ય વૈરાગ્યને અંતિમ વૈરાગ્ય માનવાની ભૂલ કદી કરવી ન જોઈએ.

આપણા દેશનું બધી પરંપરાનું વૈરાગ્યપ્રધાન અને વૈરાગ્યપોષક સાહિત્ય જોતાં અહીં એક ચેતવણી આપવાની જરૂર ભાસે છે. તે એ કે, બધા લેખકોએ બાહ્ય વૈરાગ્ય પોષવા અને વધારવા હેય લેખાતી વસ્તુઓના દોષોનું ઘણી વાર મર્યાદાતીત અને વિવેકશૂન્ય નિરૂપણ કર્યું છે, જેને લીધે આ કોટીનું સાહિત્ય સુરુચિ પોષી શકતું નથી. અસ્તુ.

આમ છતાં ઉપર સૂચવેલી ભાવનાઓને પોષવાની દૃષ્ટિએ પરંપરાઓમાં એને અનુકૂળ એવાં દૃષ્ટાંતો, વાર્તાઓ અને કથાઓ પુષ્કળ યોજાયાં છે. અને તે દૃષ્ટાંતો અનેક વાર સાંભળનાર કે

* तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચનારને બહુ આકર્ષે એવાં પણ છે. જેમ જૈન પરંપરામાં તેમ બૌદ્ધ, સાંખ્યયોગ અને વેદાન્ત પરંપરામાં પણ વૈરાગ્યપોષક કોઈ ને કોઈ ભાવનાને કેન્દ્રમાં રાખી જે કથાઓ, વાર્તાઓ અને દૃષ્ટાંતો રચાયાં છે, તેમાં પરંપરાગત તત્ત્વભેદની છાયા હોવા છતાં, અનેક વાર બહુ સામ્ય દેખાય છે. એમ લાગે છે કે, લોકજીભે એક વાત રમતી હોય તો એની લોકપ્રિયતા જોઈ દરેક પરંપરાના લેખકો એને પોતાના સાહિત્યમાં પોતાની પરંપરાને અનુકૂળ હોય એવો ઘાટ આપતા આવ્યા છે.* તેથી પરંપરાઓમાં મળી આવતી આવી ભાવનાપોષક કથાઓનું તુલનાત્મક અધ્યયન અનેક દૃષ્ટિએ મહત્ત્વનું બની રહે છે.

મહાભારત, યોગવાસિષ્ઠ, બૌદ્ધ અટ્ઠકથાઓ અને જૈન કથાનુયોગ એ બધું આ દૃષ્ટિએ જોવા લાયક છે.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી. મુકુલભાઈએ જે દૃષ્ટાંતો લીધાં છે, તે શ્રીમદનાં બે પુસ્તકો ' ભાવનાબોધ ' અને ' મોક્ષમાળા 'માંથી લીધાં છે. શ્રીમદે એ દૃષ્ટાંતો જૈન આગમિક સાહિત્યમાંથી તારવ્યાં છે. એ દૃષ્ટાંતોનાં મૂળ સ્થાન* પુસ્તકને અંતે શ્રી. મુકુલભાઈએ આપ્યાં છે. તેથી વાચક સમજી શકશે કે, શ્રીમદે કયું દૃષ્ટાંત કયા સ્થાનથી લીધું છે.

આવી લઘુ પુસ્તિકા સરળ ભાષામાં તૈયાર કરી શ્રી. મુકુલભાઈએ અધિકારી વાચકોને એક સારી સગવડ પૂરી પાડી છે. એ બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

સુખલાલ

* ઉદાહરણાર્થે, પ્રસ્તુત દૃષ્ટાંતકથાઓમાંની નમિરાજની કથા સાથે મહાભારતના શાંતિપર્વમાંની જનકરાજાની કથા અને બૌદ્ધ ગ્રંથમાંની ' મહાજનકજાતક ' કથા સરખાવો.

* જુઓ પરિશિષ્ટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

અનિત્યભાવના

(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ!

લક્ષ્મી વીજળી જેવી છે. વીજળીનો ઝબકારો જેમ ઓલવાઈ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે. અધિકાર પતંગના રંગ જેવો છે. પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે, તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથસાંથી જતો રહે છે. આયુષ્ય પાણીનાં મોજાં જેવું છે. પાણીનો હિલોળો આવ્યો કે ગયો, તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં તો બીજા દેહમાં પડવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતા ઇંદ્રના ધનુષ જેવા છે. જેમ ઇન્દ્રધનુષ્ય વર્ષાકાળમાં ક્ષણવાર દેખાઈને લય પામી જાય છે, તેમ યૌવનમાં કામના વિકાર ફળીભૂત થઈ જરાવયમાં જતા રહે છે. ટૂંકમાં, હે જીવ! એ સઘળી વસ્તુઓનો સંબંધ ક્ષણભર છે; એમાં પ્રેમબંધનની સાંકળે બંધાઈને શું રાચવું? તાત્પર્ય એ છે કે, એ સઘળાં ચપળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિનાશી છે; તું અખંડ અને અવિનાશી છે. માટે તારા જેવી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર.

એ અનિત્ય અને સ્વપ્નવત્ સુખ પર એક દૃષ્ટાંત કહીએ છીએ :

એક પામર ભિખારી જંગલમાં ભટકતો હતો. ત્યાં તેને ભૂખ લાગી. એટલે તે બિચારો લથડિયાં ખાતો ખાતો એક નગરમાં એક સામાન્ય ઘેર પહોંચ્યો. ત્યાં જઈને તેણે અનેક પ્રકારની આજીજી કરી.

તેના કાલાવાલાથી કરુણાર્દ્ર થઈને સ્ત્રીએ તેને ઘરમાંથી જમતાં વધેલું મિષ્ટાન્ન આણી આપ્યું.

એવું ભોજન મળવાથી ભિખારી બહુ આનંદ પામતો પામતો નગરની બહાર આવ્યો. આવીને તે એક ઝાડ તળે બેઠો. ત્યાં જરા સ્વચ્છ કરીને એક બાજુએ પોતાનો જળનો ઘડો મૂક્યો, એક બાજુએ પોતાની ફાટીતૂટી મેલી ગોદડી મૂકી અને પછી એક બાજુએ પોતે તે ભોજન લઈને બેઠો. રાજી રાજી થતાં કોઈ દિવસે તેણે નહિ દીઠેલું એવું ભોજન ખાઈને પૂરું કર્યું.

ભોજન પછી ઓશીકે એક પથ્થર મૂકીને તે સૂતો. ભોજનના મદથી જરા વારમાં તેની આંખ મિચાઈ ગઈ.

તે નિદ્રાવશ થયો ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું. પોતે જાણે મહા રાજવૈભવ પામ્યો છે; તેણે સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં છે; દેશ આખામાં તેના વિજયનો ડંકો વાગી રહ્યો છે; સમીપમાં તેની આજ્ઞાનું પાલન કરવા અનુચરો ઊભા થઈ રહ્યા છે; આજુબાજુ છડીદારો "ખમા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખમા!" પોકારે છે; એક ઉત્તમ મહાલયમાં પલંગ પર તેણે શયન કર્યું છે; દેવાંગના જેવી સ્ત્રીઓ તેને પાદચંપન કરે છે; એક બાજુથી મનુષ્યો પંખા વડે સુગંધી પવન ઢાળે છે; એમ એને અપૂર્વ સુખની પ્રાપ્તિવાળું સ્વપ્ન આવ્યું.

સ્વપ્નાવસ્થામાં તેના રોમાંચ ખડા થઈ ગયા. તે જાણે પોતે ખરેખર તેવું સુખ ભોગવે છે એવું માનવા લાગ્યો.

એવામાં સૂર્યદેવ વાદળાંથી ઢંકાઈ ગયો; વીજળીના ઝબકારા થવા લાગ્યા; મેઘ મહારાજ ચઢી આવ્યા; સર્વત્ર અંધકાર વ્યાપી ગયો; મુશળધાર વરસાદ પડશે એવો દેખાવ થઈ ગયો; અને ગાજવીજથી એક મોટો કડાકો થયો!

કડાકાના પ્રબળ અવાજથી ભય પામીને તે પામર ભિખારી સત્વર જાગૃત થઈ ગયો. જાગીને જુએ છે તો નથી તે દેશ કે નથી તે નગરી, નથી તે મહાલય કે નથી તે પલંગ; નથી તે ચામર છત્ર ધરનારા કે નથી તે છડીદારો; નથી તે સ્ત્રીઓનાં વૃંદ કે નથી તે વસ્ત્રાલંકારો; નથી તે પંખા કે નથી તે પવન; નથી તે અનુચરો કે નથી તે આજ્ઞા; નથી તે સુખવિલાસ કે નથી તે મદોન્મત્તતા! જુએ છે તો જે સ્થળે પાણીનો ઘડો પડયો હતો તે જ સ્થળે તે પડયો છે; જે સ્થળે ફાટીતૂટી ગોદડી પડી હતી તે જ સ્થળે તે પડી છે. ભાઈ તો જેવા હતા તેવા ને તેવા દેખાયા! પોતે જેવા મલિન અને અનેક જાળી-ગોખવાળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં તેવાં ને તેવાં તે જ વસ્ત્રો શરીર ઉપર વિરાજે છે. નથી તલભાર ઘટયું કે નથી જવભાર વધ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સઘળું જોઈને તે અતિ શોક પામ્યો. જે સુખાડંબર વડે મેં આનંદ માન્યો તે સુખમાંનું તો અહીં કશુંયે નથી. અરેરે! મેં સ્વપ્નના ભોગ ખરેખર કાંઈ ભોગવ્યા નહીં અને મિથ્યા ખેદ મને પ્રાપ્ત થયો. બિચારો તે ભિખારી એમ ગ્લાનિમાં આવી પડ્યો.

સ્વપ્નપ્રાપ્તિમાં જેમ તે ભિખારીએ સુખસમુદાય દીઠા, ભોગવ્યા અને આનંદ માન્યો; તેમ પામર પ્રાણીઓ સંસારના સ્વપ્નવત્ સુખસમુદાયને મહાનંદરૂપ માની બેઠા છે. જેમ તે સુખસમુદાય જાગૃતિમાં પેલા ભિખારીને મિથ્યા જણાયા, તેમ તત્ત્વજ્ઞાનરૂપી જાગૃતિ વડે સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નાના ભોગ ખરેખર ન ભોગવ્યા છતાં જેમ તે ભિખારીને શોકની પ્રાપ્તિ થઈ, તેમ પામર જીવો સંસારમાં સુખ માની બેસે છે અને ભોગવ્યા તુલ્ય ગણે છે; પણ પેલા ભિખારીની પેઠે પરિણામે ખેદ, પશ્ચાત્તાપ અને અધોગતિને પામે છે. સ્વપ્નાની એકે વસ્તુનું સત્યત્વ નથી તેમ જ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બંને ચપળ અને શોકમય છે. આવું વિચારી બુદ્ધિમાન પુરુષો આત્મશ્રેયને શોધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

અશરણભાવના

(ઉપજાતિ)

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ, આરાધ, પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાંય સ્હાશે.

સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિઃસ્પૃહતાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન, વચન અને કાયાના પ્રભાવ વડે હે ચેતન! તેને તું આરાધ, આરાધ. તું કેવળ અનાથરૂપ છો તે સનાથ થઈશ. એના વિના ભવાટવીભ્રમણમાં તારી બાંય કોઈ સાહનાર નથી.

જે આત્માઓ સંસારનાં માયિક સુખને શરણરૂપ માને તે અધોગતિ પામે, તેમ જ સંસારમાં તે સદૈવ અનાથ રહે, એવો બોધ કરનારું ભગવાન અનાથી મુનિનું ચરિત્ર પ્રારંભીએ છીએ; એથી અશરણભાવના સુદૃઢ થશે.

અનેક પ્રકારની લીલાથી યુક્ત મગધ દેશનો શ્રેણિક રાજા અશ્વક્રીડાને માટે મંડિકુક્ષ નામના વનમાં નીકળી પડ્યો. વનની શોભા મનોહારિણી હતી. નાના પ્રકારનાં તરુકુંજ ત્યાં આવી રહ્યાં હતાં. નાના પ્રકારની કોમળ વલ્લિકાઓ ઘટાટોપ થઈ રહી હતી. નાના પ્રકારનાં પંખીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદથી તેનું સેવન કરતાં હતાં. નાના પ્રકારનાં પક્ષીઓનાં મધુરાં ગાયન ત્યાં સંભળાતાં હતાં. નાના પ્રકારનાં ફૂલોથી તે વન છવાઈ રહ્યું હતું. નાના પ્રકારનાં જળનાં ઝરણાં ત્યાં વહેતાં હતાં. ટૂંકામાં, સૃષ્ટિ–સૌન્દર્યના પ્રદર્શનરૂપ હોઈને તે વન નંદનવનની તુલ્યતા ધરાવતું હતું.

ત્યાં એક તરુ તળે મહા સમાધિવંત પણ સુકુમાર અને સુખરૂપ મુનિને તે શ્રેણિકે બેઠેલા દીઠા. એમનું રૂપ દેખીને તે રાજા અત્યંત આનંદ પામ્યો. એથી વિસ્મય પામીને મનમાં તે પ્રશંસા કરવા લાગ્યો: 'અહો! આ મુનિનો કેવો અદ્‌ભુત વર્ણ છે! અહો! એમનું કેવું મનોહર રૂપ છે! અહો! આ આર્યની કેવી અદ્‌ભુત સૌમ્યતા છે! અહો! આ કેવી વિસ્મયકારક ક્ષમાના ધરનાર છે! અહો! એમનાં અંગે અંગે વૈરાગ્ય કેવું દેખાઈ આવે છે! અહો! એમની કેવી નિર્લોભતા જણાય છે! અહો! આ સંયમી કેવું નિર્ભય નમ્રપણું ધરાવે છે! અહો! એમનું ભોગમાં અનાસક્તપણું કેવું સુદૃઢ છે!'

એમ ચિંતવતો ચિંતવતો, આનંદ પામતો પામતો, સ્તુતિ કરતો કરતો, ધીમેથી ચાલતો ચાલતો, પ્રદક્ષિણા ફરીને તે મુનિને વંદન કરીને, અતિ સમીપ નહીં તેમ અતિ દૂર નહીં એમ તે રાજા બેઠો. પછી બે હાથની અંજલિ કરીને વિનયથી તેણે મુનિને પૂછ્યું: "હે મુનિ! તમે પ્રશંસા કરવા યોગ્ય એવા તરુણ છો. ભોગવિલાસને માટે તમારું વય અનુકૂળ છે. સંસારમાં નાના પ્રકારનાં સુખ રહ્યાં છે: ઋતુ ઋતુના કામભોગ, જળ સંબંધીના કામભોગ, તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહારિણી સ્ત્રીઓના મુખવચનનું મધુરું શ્રવણ. છતાં એ સઘળાંનો ત્યાગ કરીને મુનિત્વમાં તમે મહા ઉદ્યમ કરો છો એનું શું કારણ? તે મને કૃપા કરીને કહો."

રાજાનાં વચન સાંભળીને મુનિએ કહ્યું: "હું અનાથ હતો. હે મહારાજા! મને અપૂર્વ વસ્તુ પ્રાપ્ત કરાવનાર તથા મારું યોગક્ષેમ કરનાર, મારા પર અનુકંપા આણનાર, કરુણા વડે પરમ સુખનો દેનાર, સુહૃદ્-મિત્ર લેશમાત્ર પણ કોઈ ન થયો!"

મુનિનાં વચન સાંભળીને શ્રેણિક હસી પડ્યો: "અરે! તમારા જેવા મહા રિદ્ધિવંતને નાથ કેમ ન હોય? લો, કોઈ નાથ નથી તો હું થાઉં છું. તમે ભોગ ભોગવો. હે સંયમી! દુર્લભ એવો તમારો આ મનુષ્યભવ કૃતાર્થ કરો."

અનાથીએ કહ્યું: "પરંતુ અરે શ્રેણિક, મગધદેશના રાજા! તું પોતે અનાથ છો, તો મારો નાથ શું થઈશ? નિર્ધન તે ધનાઢ્ય ક્યાંથી બનાવે? અબુધ તે બુદ્ધિદાન ક્યાંથી આપે? અજ્ઞ તે વિદ્વત્તા ક્યાંથી દે? વંધ્યા તે સંતાન ક્યાંથી આપે? જ્યારે તું પોતે અનાથ છો, ત્યારે મારો નાથ ક્યાંથી થઈશ?"

મુનિનાં વચનથી રાજા અતિ વ્યાકુળ અને અતિ વિસ્મિત થયો. કોઈ કાળે જે વચનનું શ્રવણ થયું નથી એવાં વચનનું યતિને મુખેથી શ્રવણ થયું, એથી તે શંકાગ્રસ્ત થયો: "હું અનેક પ્રકારના અશ્વનો ભોગી છું; અનેક પ્રકારના મદોન્મત્ત હાથીઓનો ધણી છું; અનેક પ્રકારની સેના મને આધીન છે; નગર, ગામ, અંતઃપુર અને પશુઓની મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈ ઊણપ નથી; મનુષ્ય સંબંધી સઘળા પ્રકારના ભોગ મને પ્રાપ્ત છે; અનુચરો મારી આજ્ઞાને રૂડી રીતે આરાધે છે; અખૂટ સંપત્તિ મારે ઘેર છે; સર્વ મનવાંછિત વસ્તુઓ મારી સમીપે રહે છે;—આવો હું જાજ્વલ્યમાન છતાં અનાથ કેમ હોઉં? રખે હે ભગવન્! તમે જૂઠું બોલતા હો!”

મુનિએ કહ્યું: “હે રાજા, મારા કહેલા અર્થના રહસ્યને તું બરાબર સમજ્યો નથી. તું પોતે અનાથ છે, પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે. હવે હું કહું છું તે અવ્યગ્ર અને સાવધાન ચિત્તે તું સાંભળ. સાંભળીને પછી તારી શંકાનો સત્યાસત્ય નિર્ણય કરજે. મેં પોતે જે અનાથપણાને કારણે મુનિત્વ ધારણ કર્યું છે તે હું પ્રથમ તને કહું છું.

“કૌશંબી નામે એક અતિ પ્રાચીન અને સુંદર નગરી છે. ત્યાં ધનસંચય નામનો મારો પિતા રહેતો હતો. તે ઘણો શ્રીમંત હતો. પ્રથમ યૌવન વયમાં હે મહારાજા! મારી અતિસુન્દર આંખોમાં તીવ્ર વેદના ઉત્પન્ન થઈ. દુઃખપ્રદ દાહજ્વર આખે શરીરે ફરી વળ્યો. શસ્ત્રથી પણ અતિશય તીક્ષ્ણ તે રોગ વેરીની પેઠે મારા પર કોપાયમાન થયો. મારું મસ્તક આંખની અસહ્ય વેદનાથી દુખવા લાગ્યું. ઇન્દ્રના વજ્રના પ્રહાર સરખી, બીજાને પણ ભય ઉપજાવનારી એવી તે અત્યંત પરમ દારુણ વેદનાથી હું બહુ દુઃખી હતો. શારીરિક વિદ્યાના નિપુણ, અનન્ય મંત્રમૂળીના સુજ્ઞ વૈદ્યરાજ મારી તે વેદનાનો નાશ કરવાને માટે આવ્યા; અનેક પ્રકારના ઔષધોપચાર કર્યા, પણ તે બધા વૃથા ગયા. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાનિપુણ ગણાતા વૈદરાજો મને તે દરદથી મુક્ત કરી શક્યા નહીં, એ જ હે રાજા! મારું અનાથપણું હતું.

"મારી આંખની વેદના ટાળવાને માટે મારા પિતાએ સર્વ ધન આપવા માંડ્યું, પરંતુ તેથી કરીને પણ મારી તે વેદના ટળી નહીં. હે રાજા! એ જ મારું અનાથપણું હતું. મારી માતા પુત્રના શોકે કરીને અતિ દુઃખાર્ત થઈ; પરંતુ તે પણ મને તે દરદથી મુકાવી શકી નહીં. એ જ હે મહારાજા! મારું અનાથપણું હતું. એક ઉદરથી ઉત્પન્ન થયેલા મારા જ્યેષ્ઠ અને કનિષ્ઠ ભાઈઓ પોતાથી બનતો પરિશ્રમ કરી ચૂક્યા; પણ મારી વેદના ટળી નહીં. હે રાજા! એ જ મારું અનાથપણું હતું. એક ઉદરથી ઉત્પન્ન થયેલી મારી મોટી અને નાની બહેનોથી મારું દુઃખ ટળ્યું નહીં. હે મહારાજા! એ જ મારું અનાથપણું હતું. મારી સ્ત્રી જે પતિવ્રતા હતી, મારા પર ઘણો પ્રેમ રાખનારી હતી, તે આંખે છલોછલ આંસુ ભરીને મારા હૃદયને ભીંજાવતી હતી. અન્ન, પાણી અને નાના પ્રકારનાં અંઘોલણ, સુગંધી દ્રવ્ય, અનેક પ્રકારનાં ફૂલચંદનાદિકનાં વિલેપન મને જાણતાં અજાણતાં કર્યાં; છતાં પણ હું તે યૌવનવંતી સ્ત્રીને ભોગવી ન શક્યો. તે મારી સમીપથી ક્ષણ પણ અળગી નહોતી રહેતી, અન્ય સ્થળે જતી નહોતી. હે મહારાજા! એવી એ સ્ત્રી પણ મારા રોગને ટાળી શકી નહીં, એ જ મારું અનાથપણું હતું.

"એમ કોઈના પ્રેમથી, કોઈના ઔષધથી, કોઈના વિલાપથી કે કોઈના પરિશ્રમથી આ રોગ મટ્યો નહીં! મેં એ વેળા પુનઃ પુનઃ અસહ્ય વેદના ભોગવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પછી હું અનંત સંસારથી ખેદ પામ્યો. એક વાર જો હું આ મહા વિડંબનામય વેદનાથી મુક્ત થાઉં તો બધી પાપપ્રવૃત્તિઓનો ત્યાગ કરીને તથા ક્ષમા અને ઇંદ્રિય-નિગ્રહ કેળવીને પ્રવ્રજ્યાને ધારણ કરું, એમ ચિંતવતો હું શયન કરી ગયો.

"જ્યારે રાત્રિ પૂરી થઈ ગઈ, ત્યારે હે મહારાજા! મારી તે વેદના ક્ષય પામી ગઈ; અને હું નીરોગી થયો. એટલે માત, તાત અને સ્વજન, બંધવાદિકને પ્રભાતે પૂછીને મેં મહા ક્ષમાવંત, ઇન્દ્રિયને નિગ્રહ કરવાવાળું અને કર્મોની ઉપાધિથી રહિત એવું સાધુપણું ધારણ કર્યું. ત્યાર પછી હું આત્મા પરાત્માનો નાથ થયો. અને હવે સર્વ પ્રકારના જીવનો હું નાથ છું." અનાથી મુનિએ આમ અશરણભાવના તે શ્રેણિક રાજાના મન પર દૃઢ કરી. પછી બીજો ઉપદેશ તેને અનુકૂળ કહ્યો :—

"હે રાજા! આ આપણો આત્મા જ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે. આપણો આત્મા જ ક્રૂર શાલ્મલી વૃક્ષનાં દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ મનવાંછિત વસ્તુરૂપી દૂધની દેવાવાળી કામધેનુ ગાયનાં સુખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ સુખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ મિત્ર ને આપણો આત્મા જ વૈરી છે. આપણો આત્મા જ કનિષ્ઠ આચારે સ્થિત અને આપણો આત્મા જ નિર્મળ આચારે સ્થિત થાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તથા બીજા અનેક પ્રકારે તે અનાથી મુનિએ શ્રેણિકરાજા પ્રત્યે સંસારનું અનાથપણું કહી બતાવ્યું.

પછી શ્રેણિકરાજા અતિ સંતોષ પામ્યો. હાથની અંજલિ કરીને તે એમ બોલ્યો કે, "હે ભગવન્! તમે મને ભલી રીતે ઉપદેશ્યો. તમે જેમ હતું તેમ અનાથપણું કહી બતાવ્યું. હે મહાઋષિ! તમે સનાથ, તમે સબંધવ અને તમે સધર્મ છો; તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયમી! હું તમારી ક્ષમા માગું છું. જ્ઞાનરૂપી તમારી શિક્ષાને વાંછું છું. ધર્મધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગ ભોગવવા સંબંધીનું મેં તમને હે મહાભાગ્યવંત! જે આમંત્રણ કીધું, તે સંબંધીનો મારો અપરાધ મસ્તકે કરીને ક્ષમાવું છું." એ પ્રમાણે કહીને રાજપુરુષકેસરી પરમાનંદ પામી પ્રદક્ષિણા કરીને વિનયપૂર્વક વંદન કરીને પોતાને સ્થાનકે ગયો.

અનાથી મુનિએ મગધ દેશના રાજાને પોતાના વીતક ચરિત્રથી જે બોધ આપ્યો છે તે ખરેખર, અશરણભાવના સિદ્ધ કરે છે. મહા મુનિ અનાથીએ સહન કર્યાં તુલ્ય વા એથી અતિ વિશેષ અસહ્ય દુઃખ અનંત આત્માઓ સામાન્ય દૃષ્ટિથી ભોગવતા દેખાય છે. સંસારમાં છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાનને અને પરમ સુશીલ–સંતને સેવો. અંતે એ જ મુક્તિના કારણરૂપ છે. જેમ સંસારમાં રહ્યા અનાથી અનાથ હતા, તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે. સનાથ થવા પુરુષાર્થ કરવો એ જ શ્રેય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એકત્વભાવના

(ઉપજાતિ)

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે તે સ્નેહી, કુટુંબી, પત્ની કે પુત્ર કોઈથી લઈ શકાતા નથી; એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે. એમાં કોઈ પણ ભાગીદાર થતું નથી. તેમ જ પાપપુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા જ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે; એવું સિદ્ધ કરીને વિવેકને ભલી રીતે જાણવાવાળા પુરુષો એકત્વને નિરંતર શોધે છે.

મહાપુરુષના તે ન્યાયને અચળ કરનાર નમિરાજર્ષિ અને શક્રેંદ્રનો વૈરાગ્યનો ઉપદેશ આપનાર સંવાદ અહીં આગળ રજૂ કરીએ છીએ.

નમિરાજર્ષિ મિથિલા નગરીના રાજેશ્વર હતા. સ્ત્રી-પુત્રાદિકથી વિશેષ દુઃખનો સમૂહ પામ્યા નહોતા; છતાં એકત્વના સ્વરૂપને પરિપૂર્ણ પિછાનવામાં રાજેશ્વરે કિંચિત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભ્રમ કર્યો નથી. શક્રેન્દ્ર પ્રથમ નમિરાજર્ષિ જ્યાં નિર્વૃત્તિમાં વિરાજ્યા છે, ત્યાં વિપ્રરૂપે આવીને પરીક્ષા લેવા માટે વાતચીત શરૂ કરે છે.

વિપ્ર — હે રાજા! મિથિલા નગરીમાં આજે પ્રબળ કોલાહલ વ્યાપી રહ્યો છે. હૃદય અને મનને ઉદ્વેગકારી વિલાપના શબ્દોથી રાજમંદિર અને સામાન્ય ઘર છવાઈ ગયાં છે. માત્ર તારી દીક્ષા એ જ એ સઘળાંના દુઃખનો હેતુ છે. પારકાના આત્માને જે દુઃખ આપણાથી ઉત્પન્ન થાય, તે દુઃખ સંસાર-પરિભ્રમણનું કારણ બને છે. માટે તું ત્યાં જા. ભોળો ન થા.

નમિરાજ — (ગૌરવ ભરેલાં વચનોથી) હે વિપ્ર! તું જે કહે છે તે માત્ર અજ્ઞાનરૂપ છે. મિથિલા નગરીમાં એક બગીચો હતો. તેની મધ્યમાં એક વૃક્ષ હતું. શીતળ છાયાને લીધે તે રમણીય હતું. પત્ર, પુષ્પ અને ફળથી તે સહિત હતું. નાના પ્રકારનાં પક્ષીઓને તે લાભદાયક હતું. વાયુના હલાવવા થકી તે વૃક્ષમાં રહેનારાં પંખીઓ દુઃખાર્ત અને શરણરહિત થવાથી આક્રંદ કરે છે. વૃક્ષને માટે તેઓ વિલાપ કરતાં નથી; પોતાનું સુખ ગયું એ માટે તેઓ શોકાર્ત થયાં છે.

વિપ્ર — પણ આ જો! અગ્નિ ને વાયુના મિશ્રણથી તારું નગર, તારાં અંતઃપુર અને મંદિરો બળે છે. માટે ત્યાં જા અને તે અગ્નિને શાંત કર.

નમિરાજ — હે વિપ્ર! મિથિલા નગરીના, તે અંતઃપુરના અને તે મંદિરોના દાઝવાથી મારું કંઈ પણ દાઝતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ સુખોત્પત્તિ છે તેમ હું વર્તું છું. એ મંદિરાદિકમાં મારું અલ્પમાત્ર પણ નથી. મેં પુત્ર, સ્ત્રી આદિકના વ્યવહારને છોડ્યો છે. મને એમાંનું કંઈ પ્રિય નથી અને અપ્રિય પણ નથી.

વિપ્ર — પણ હે રાજા! તારી નગરીને સઘન કિલ્લો કરાવીને, પોળ, કોઠા અને કમાડ, ભોગળ કરાવીને અને શતઘ્ની[1] યુક્ત તથા ખાઈ યુક્ત કરાવીને ત્યાર પછી જજે.

નમિરાજ — હે વિપ્ર! હું શુદ્ધ શ્રદ્ધારૂપી નગરી કરીને, સમ્વર[2]રૂપી ભોગળ કરીને, ક્ષમારૂપી શુભ ગઢ કરીશ; શુભ મનોયોગરૂપ કોઠા કરીશ, શુભ વચનયોગ રૂપ ખાઈ કરીશ, શુભ કાયાયોગ રૂપ શતઘ્ની કરીશ, પરાક્રમરૂપી ધનુષ્ય કરીશ; ઈર્યાસમિતિ[3]રૂપ પણછ કરીશ, ધીરજરૂપ કમાન સાહવાની મૂઠી કરીશ; સત્યરૂપ ચાપ વડે ધનુષ્યને બાંધીશ; તપરૂપ બાણ કરીશ; કર્મરૂપી વૈરીની સેનાને ભેદીશ; લૌકિક બાહ્ય સંગ્રામની મને રુચિ નથી. હું માત્ર આંતર વૃત્તિઓ સાથેના સંગ્રામને ચાહું છું.

વિપ્ર — હે રાજા! શિખરબંધ ઊંચા આવાસ કરાવીને, મણિકંચનમય ગવાક્ષાદિ મુકાવીને, તળાવમાં ક્રીડા કરવાના મનોહર મહાલય કરાવીને પછી જજે.

નમિરાજ — તેં જે જે પ્રકારના આવાસ ગણાવ્યા તે તે પ્રકારના આવાસ મને અસ્થિર અને અશાશ્વત

---

૧. એક પ્રાચીન અસ્ત્ર.

૨. કર્મ આવવાનાં દ્વારને બંધ કરવાં તે.

૩. અન્ય જીવની રક્ષાર્થે ચાર હાથ આગળ જમીન જોઈને જ્ઞાનીની આજ્ઞાનુસાર ચાલવું તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે, માર્ગે આવતા ઉતારારૂપ જણાય છે. તે માટે જ્યાં સ્વધામ છે, જ્યાં શાશ્વતતા છે અને જ્યાં સ્થિરતા છે ત્યાં હું નિવાસ કરવા ચાહું છું.

વિપ્ર — હે ક્ષત્રિયશિરોમણિ! અનેક પ્રકારના ચોર-ડાકુના ઉપદ્રવને ટાળીને નગરીનું એ દ્વારે કલ્યાણ કરીને તું જજે.

નમિરાજ — હે વિપ્ર! અજ્ઞાનવંત મનુષ્ય અનેક વાર મિથ્યા દંડ દે છે. ચોરી નહીં કરનાર જે સ્થૂલ શરીરાદિ તે જ લોકને વિષે બંધાય છે; અને ખરી રીતે ચોરી કરનાર જે ઇંદ્રિયવિકાર, તેમને કોઈ બંધન કરી શકતું નથી! તો પછી એમ કરવાની શી જરૂર?

વિપ્ર — હે ક્ષત્રિય! જે રાજાઓ તારી આજ્ઞાનું અવલંબન કરતા નથી અને જે નરાધિપો સ્વતંત્રતાથી વર્તે છે તેમને તું તારે વશ કરીને પછી જજે.

નમિરાજ — દશ લાખ સુભટને સંગ્રામને વિષે જીતવા એ દુર્લભ ગણાય છે; તોપણ એવા વિજય કરનારા પુરુષો અનેક મળી આવે, પણ એક સ્વાત્માને જીતનાર મળવો અનંત દુર્લભ છે. તે દશ લાખ સુભટથી વિજય મેળવનાર કરતાં એક સ્વાત્માને જીતનાર પુરુષ પરમોત્કૃષ્ટ છે. આત્મા સંઘાતે યુદ્ધ કરવું ઉચિત છે. બહિર્યુદ્ધનું શું પ્રયોજન છે? જ્ઞાનરૂપ આત્મા વડે ક્રોધાદિક આત્માને જીતનાર સ્તુતિપાત્ર છે. પાંચે ઇંદ્રિયોને, ક્રોધને, માનને, માયાને, તેમ જ લોભને જીતવાં દોહ્યલાં છે. જેણે મનોવૃત્તિઓ જીતી, તેણે સર્વ જીત્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિપ્ર — સમર્થ યજ્ઞો કરી, શ્રમણ – તપસ્વી – બ્રાહ્મણાદિકને ભોજન આપી, સુવર્ણાદિક દાન દઈ, મનોહર ભોગ ભોગવી હે ક્ષત્રિય! તું ત્યાર પછી જજે.

નમિરાજ — મહિને મહિને જો દશ લાખ ગાયનાં દાન દે, તોપણ તે દશ લાખ ગાયનાં દાન કરતાં સંયમ ગ્રહણ કરીને સંયમને આરાધે છે તે, એ કરતાં વિશેષ મંગળ પ્રાપ્ત કરે છે.

વિપ્ર — નિર્વાહ કરવા માટે સાચી પ્રવ્રજ્યામાં ભિક્ષાને કારણે અસહ્ય પરિશ્રમ વેઠવો પડે છે; તેથી તે પ્રવ્રજ્યાનો ત્યાગ કરીને અન્ય પ્રકારની પ્રવ્રજ્યામાં રુચિ થાય છે; માટે એ ઉપાધિ ટાળવા તું ગૃહસ્થાશ્રમમાં રહી વ્રતોમાં તત્પર રહેજે. હે મનુષ્યના અધિપતિ! હું ઠીક કહું છું.

નમિરાજ — હે વિપ્ર! બાલ અવિવેકી ગમે તેવાં ઉગ્ર તપ કરે, પરંતુ ચારિત્રધર્મની તુલ્ય ન થાય.

વિપ્ર — અહો ક્ષત્રિય! સુવર્ણ, મણિ, મુક્તાફળ, વસ્ત્રાલંકાર અને અશ્વાદિકની વૃદ્ધિ કરીને પછી જજે.

નમિરાજ — મેરુ પર્વત જેવા કદાચિત્ સોનારૂપાના અસંખ્ય પર્વત હોય, તોપણ લોભી મનુષ્યની તૃષ્ણા છીપતી નથી. કિંચિત્ માત્ર તે સંતોષ પામતો નથી. તૃષ્ણા આકાશના જેવી અનંત છે. ધન, સુવર્ણ, પશુ ઇત્યાદિક સકળ લોક ભરાય એટલું હોય તોયે તે લોભી મનુષ્યની તૃષ્ણા ટાળવા સમર્થ નથી. લોભની એવી કનિષ્ઠતા છે. માટે સંતોષનિવૃત્તિરૂપ તપને વિવેકી પુરુષો આચરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિપ્ર — હે ક્ષત્રિય! મને અદ્ભુત આશ્ચર્ય ઊપજે છે કે, તું છતા ભોગને છાંડે છે. પછી અછતા કામભોગને વિષે સંકલ્પ-વિકલ્પ કરીને હણાઈશ. માટે આ સઘળી મુનિત્વ સંબંધીની ઉપાધિ મૂક.

નમિરાજ — કામભોગ છે તે શલ્ય સરખા છે, કામભોગ છે તે વિષ સરખા છે, કામભોગ છે તે સર્પની તુલ્ય છે. તેમની વાંછનાથી જીવ નરકાદિક અધોગતિને વિષે જાય છે; તેમ જ ક્રોધે કરીને અને માને કરીને માઠી ગતિ થાય છે. માયાએ કરીને સદ્ગતિનો વિનાશ થાય છે. લોભ થકી આ લોક પરલોકનો ભય રહે છે. માટે હે વિપ્ર! એનો તું મને બોધ ન કર. મારું હૃદય કોઈ કાળે ચળનાર નથી; એ મિથ્યા મોહિનીમાં અભિરુચિ ધરાવનાર નથી. જાણી જોઈને ઝેર કોણ પીએ? હું મારા અમૃત જેવા વૈરાગ્યનો મધુર રસ અપ્રિય કરી એ ઝેરને પ્રિય કરવા મિથિલામાં આવનાર નથી.

મહર્ષિ નમિરાજની સુદૃઢતા જોઈ શક્રેંદ્ર પરમાનંદ પામ્યો. પછી બ્રાહ્મણના રૂપને છાંડી ઇંદ્રપણાને તેણે ધારણ કર્યું. વંદન કરીને મધુર વચને પછી તે નમિરાજની સ્તુતિ કરવા લાગ્યો: "હે મહાયશસ્વી! મોટું આશ્ચર્ય છે કે તેં ક્રોધને જીત્યો. આશ્ચર્ય, તેં અહંકારનો પરાજય કર્યો. આશ્ચર્ય, તેં માયાને ટાળી. આશ્ચર્ય, તેં લોભને વશ કીધો. આશ્ચર્ય, તારું સરળપણું. આશ્ચર્ય, તારું નિર્મમત્વ. આશ્ચર્ય, તારી પ્રધાન ક્ષમા. આશ્ચર્ય, તારી નિર્લોભતા. હે પૂજ્ય! તું આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવને વિષે ઉત્તમ થઈશ. કર્મરહિત થઈને પ્રધાન સિદ્ધ-ગતિ પામીશ."

એ રીતે સ્તુતિ કરતાં કરતાં, પ્રદક્ષિણા ફરતાં ફરતાં, શ્રદ્ધાભક્તિએ તે ઋષિના પાદાંબુજને તેણે વંદન કર્યું. પછી તે શક્રેંદ્ર આકાશ વાટે ચાલ્યો ગયો.

નમિરાજનો વૈરાગ્ય તાવવામાં વિપ્રરૂપે ઇંદ્રે શી ન્યૂનતા કરી છે? કંઈયે નથી કરી. સંસારની જે જે લલુતાઓ મનુષ્યને ચળાવનારી છે, તે તે લલુતા સંબંધી મહા ગૌરવથી લોભાવવામાં તે પુરંદરે નિર્મળ ભાવથી સ્તુતિપાત્ર ચાતુર્ય ચલાવ્યું છે. છતાં નિરીક્ષણ કરવાનું તો એ છે કે, નમિરાજ કેવળ કંચનમય રહ્યા છે. શુદ્ધ અને અખંડ વૈરાગ્યનો વેગ એમણે પોતે આપેલા ઉત્તરમાં દર્શાવ્યો છે: "હે વિપ્ર! તું જે જે વસ્તુઓ મારી છે એમ કહેવરાવે છે, તે તે વસ્તુઓ મારી નથી. હું એક જ છું, એકલો જનાર છું; અને માત્ર પ્રશંસનીય એકત્વને જ હું ચાહું છું."

આવા રહસ્યમાં નમિરાજ પોતાના ઉત્તરને અને વૈરાગ્યને દઢીભૂત કરતા ગયા છે. એવી પરમ પ્રમાણશિક્ષાથી ભર્યું તે મહર્ષિનું ચરિત્ર છે. બંને મહાત્માઓનો પરસ્પરનો સંવાદ શુદ્ધ એકત્વને સિદ્ધ કરવાના તથા અન્ય વસ્તુઓનો ત્યાગ કરવાના ઉપદેશાર્થે અહીં કહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

નમિરાજની એકત્વ-સિદ્ધિ

નમિરાજ વિદેહ જેવા મહાન રાજ્યના અધિપતિ હતા. અનેક યૌવનવતી મનોહારિણી સ્ત્રીઓના સમુદાયમાં તે ઘેરાઈ રહ્યા હતા.

કોઈ કાળે એમના શરીરમાં દાહજ્વર નામના રોગની ઉત્પત્તિ થઈ. આખું શરીર જાણે જળી જતું હોય તેવી બળતરા ઊભી થઈ અને રોમે રોમે સહસ્ર વીંછીની દંશવેદના સમાન દુઃખ ઉત્પન્ન થયું. લેશ માત્ર પણ એ વ્યાધિ ઓછો ન થતાં અધિક થતો ગયો. ઔષધમાત્ર દાહજ્વરને જ વધારનાર નીવડતાં ગયાં. કોઈ ઔષધ એવું ન મળ્યું કે જેને દાહજ્વરથી કિંચિત્ પણ દ્વેષ હોય! નિપુણ વૈદ્યો કાયર થયા; અને રાજેશ્વર પણ આ મહાવ્યાધિથી કંટાળો પામી ગયા. તેને ટાળનાર પુરુષની શોધ ચોબાજુ ચાલતી હતી. મહાકુશળ એક વૈદ મળ્યો; તેણે મલયગિરિ ચંદનનું વિલેપન કરવા સૂચવ્યું.

રાણીઓ તે ચંદનને ઘસવામાં રોકાઈ. તે ચંદન ઘસ-વાથી હાથમાં પહેરેલાં કંકણનો સમુદાય મોટો અવાજ કરવા મંડી પડ્યો.

મિથિલેશના અંગમાં એક દાહજ્વરની અસહ્ય વેદના તો હતી અને બીજી આ કંકણના કોલાહલથી ઉત્પન્ન થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કોલાહલ તે ખમી શકયા નહીં. એટલે તેમણે રાણીઓને આજ્ઞા કરી કે, "તમે ચંદન ભલે ઘસો; પણ કોલાહલ કાં ઊભો કરો છો? મારાથી એ કોલાહલ સહન થઈ શકતો નથી. એક મહાવ્યાધિથી હું ગ્રહાયો છું; અને આ બીજો વ્યાધિતુલ્ય કોલાહલ થાય છે, તે અસહ્ય છે!"

એટલે સઘળી રાણીઓએ એકેકું કંકણ મંગળ દાખલ પહેરી રાખી, કંકણસમુદાયનો ત્યાગ કર્યો; એટલે કોલાહલ થતો શાંત થયો.

નમિરાજે રાણીઓને પૂછ્યું: "તમે શું ચંદન ઘસવું બંધ કર્યું?"

રાણીઓએ જણાવ્યું કે, "ના. માત્ર કોલાહલ શાંત થવા માટે એકેકું કંકણ રાખી, બીજાં કંકણ પરિત્યાગી, અમે ચંદન ઘસીએ છીએ. કંકણનો સમૂહ હવે અમે હાથમાં રાખ્યો નથી; તેથી અવાજ થતો નથી."

રાણીઓનાં આટલાં વચનો સાંભળ્યાં ત્યાં તો નમિરાજને રોમ રોમ એકત્વનો લાભ સમજાઈ ગયો અને તેમનું મમત્વ ટળી ગયું: "ખરે! ઝાઝાં મળ્યે ઝાઝી ઉપાધિ જણાય છે. હવે જો, આ એક કંકણથી લેશમાત્ર પણ ખળભળાટ થતો નથી; કંકણના સમૂહ વડે કરીને માથું ફેરવી નાખે એવો ખળભળાટ થતો હતો. અહો ચેતન! તું માન કે એકત્વમાં જ તારી સિદ્ધિ છે. વધારે મળવાથી વધારે ઉપાધિ છે. સંસારમાં અનંત આત્માના સંબંધમાં તારે ઉપાધિ ભોગવવાની શી આવશ્યકતા છે? તેનો ત્યાગ કર અને એકત્વમાં પ્રવેશ કર. જો! આ એક કંકણ હવે ખળભળાટ વિના કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ શાંતિમાં રમે છે? અનેક હતાં ત્યારે તે કેવી અશાંતિ ભોગવતાં હતાં? તેવી જ રીતે તું પણ એ કંકણની પેઠે જ્યાં સુધી સ્નેહી કુટુંબીરૂપી કંકણસમુદાયમાં પડ્યો રહીશ, ત્યાં સુધી ભવરૂપી કોલાહલ સહન કરવો પડશે; અને જો આ કંકણની વર્તમાન સ્થિતિની પેઠે એકત્વને આરાધીશ, તો સિદ્ધગતિરૂપી મહાપવિત્ર શાંતિ પામીશ.."

અને એ વૈરાગ્યના બળ સાથે જ તે નમિરાજ પૂર્વ-જન્મની સ્મૃતિ પામ્યા; અને પ્રવ્રજ્યા ધારણ કરવાનો નિશ્ચય કરી તેઓ શયન કરી ગયા.

પ્રભાતે માંગલ્યરૂપ વાજિંત્રનો ધ્વનિ સંભળાયો. નમિરાજ દાહજ્વરથી મુક્ત થયા.

(શાર્દૂલવિક્રીડિત)

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને અર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણ તણો, શ્રોતી નમિ ભૂપતિ;
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ સંપૂર્ણ અત્રે થયું.

—રાણીઓનો સમુદાય ચંદન ઘસીને વિલેપન કરવામાં રોકાયો હતો; તે સમયે કંકણના કોલાહલને સાંભળીને નમિરાજ જ્ઞાન પામ્યો; ઇંદ્રની સાથે સંવાદમાં પણ અચળ રહ્યો; અને તેણે એકત્વને સિદ્ધ કર્યું. એવા એ નમિરાજનું ચરિત્ર અહીં સંપૂર્ણ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અન્યત્વભાવના

(શાર્દૂલવિક્રીડિત)

ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;
રે! રે! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

—આ શરીર તે મારું નથી, આ રૂપ તે મારું નથી; આ કાંતિ તે મારી નથી; આ સ્ત્રી તે મારી નથી; આ પુત્ર તે મારા નથી; આ ભાઈઓ તે મારા નથી; આ દાસ તે મારા નથી; આ સ્નેહીઓ તે મારા નથી; આ ગોત્ર તે મારું નથી; આ જ્ઞાતિ તે મારી નથી; આ લક્ષ્મી તે મારી નથી; આ મહાલય તે મારાં નથી; આ યૌવન તે મારું નથી; અને આ ભૂમિ તે મારી નથી. માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વભાવનાનો વિચાર કર! વિચાર કર!

મિથ્યા મમત્વની ભ્રમણા ટાળવા માટે અને વૈરાગ્યની વૃદ્ધિને માટે પ્રભાવથી મનન કરવા યોગ્ય રાજરાજેશ્વર ભરતનું ચરિત્ર અહીં આગળ ટાંકીએ છીએ.

જેની અશ્વશાળામાં રમણીય, ચતુર અને અનેક પ્રકારના તેજી અશ્વના સમૂહ શોભતા હતા; જેની ગજશાળામાં અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિના મદોન્મત્ત હસ્તીઓ ઝૂલી રહ્યા હતા; જેના અંતઃપુરમાં નવયૌવના સુકુમારિકા અને મુગ્ધા સ્ત્રીઓ વિરાજી રહી હતી; જેના ધનનિધિમાં ચંચળા એ ઉપનામથી વિદ્વાનોએ ઓળખેલી સમુદ્રની પુત્રી લક્ષ્મી સ્થિરરૂપ થઈ હતી; જેની આજ્ઞાને દેવદેવાંગનાઓ આધીન થઈને મુકુટ પર ચડાવી રહ્યાં હતાં; જેને માટે નાના પ્રકારનાં ષટ્રસ ભોજનો પળે પળે તૈયાર થતાં હતાં; જેના કોમળ કર્ણના વિલાસને માટે ઝીણાં અને મધુરસ્વરી ગાયનો કરનારી વારાંગનાઓ તત્પર હતી; જેને જોવા માટે અનેક પ્રકારનાં નાટકચેટક હતાં; જેની યશસ્કીર્તિ વાયુરૂપે પ્રસરી જઈ આકાશ જેવી વ્યાપ્ત હતી; જેના શત્રુઓને સુખથી શયન કરવાનો વખત આવ્યો ન હતો; અથવા જેના વૈરીની વનિતાઓનાં નયનોમાંથી સદૈવ આંસુ ટપકતાં હતાં; જેનાથી કોઈ શત્રુવટ દાખવવા સમર્થ નહોતું; જેનાં રૂપ, કાંતિ અને સૌન્દર્ય મનોહર હતાં; જેને અંગે બળ, વીર્ય, શક્તિ અને ઉગ્ર પરાક્રમ ઊછળતાં હતાં; ક્રીડા કરવાને માટે જેને મહાસુગંધીમય બાગબગીચા અને વનોપવન હતાં; જેને ત્યાં પ્રધાન કુળદીપક પુત્રોના સમુદાય હતા; જેની સેવામાં લાખો ગમે અનુચરો સજ્જ થઈ ઊભા રહેતા હતા; જેને ત્યાં સામ્રાજ્યનો અખંડ દીપક પ્રકાશમાન હતો; જેને શિરે મહાન છ ખંડની પ્રભુતાનો તેજસ્વી અને ચળકાટમાન મુકુટ વિરાજિત હતો; —અર્થાત્ જેનાં દળનો, જેનાં નગર-પુરપાટણનો, જેના વૈભવનો અને જેના વિલાસનો સંસાર સંબંધે કોઈ પણ પ્રકારે ન્યૂનભાવ નહોતો, એવો શ્રીમાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજરાજેશ્વર ભરત એક વાર પોતાના સુંદર આદર્શ ભુવનમાં વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ સિંહાસન પર બેઠો હતો.

એવામાં એના હાથની એક આંગળી તેને કેવળ અડવી જણાઈ. નવ આંગળીઓ વીંટી વડે કરીને જે મનોહરતા ધરાવતી હતી, તે મનોહરતા વિનાની આ આંગળી પરથી ભરતેશ્વરને અદ્ભુત વિચારની પ્રેરણા થઈ. શા કારણથી આ આંગળી આવી લાગવી જોઈએ? એ વિચાર કરતાં વીંટીનું નીકળી પડવું એ કારણ, એમ તેને સમજાયું. તે વાતને વિશેષ પ્રમાણભૂત કરવા બીજી આંગળીની વીંટી તેણે ખેંચી લીધી. એ બીજી આંગળીમાંથી જેવી વીંટી નીકળી, તેવી તે આંગળી શોભારહિત દેખાઈ. વળી એ વાતને સિદ્ધ કરવાને તેણે ત્રીજી આંગળીમાંથી પણ વીંટી સેરવી લીધી; એથી વિશેષ પ્રમાણ થયું. વળી ચોથી આંગળીમાંથી વીંટી કાઢી લીધી, એટલે એણે પણ એવો જ દેખાવ દીધો. એમ અનુક્રમે દશે આંગળીઓ અડવી કરી મૂકી. અડવી થઈ જવાથી સઘળીનો દેખાવ સૌંદર્યરહિત દેખાયો. એટલે રાજરાજેશ્વર અન્યત્વ-ભાવનામાં આવી જઈ, એમ બોલ્યા :—

"અહોહો! કેવી વિચિત્રતા છે કે, ભૂમિમાંથી ઉત્પન્ન થયેલ સોનાને ટીપીને કુશળતાથી ઘડવાથી મુદ્રિકા બની; એ મુદ્રિકા વડે મારી આંગળી સુંદર દેખાઈ; એ આંગળીમાંથી મુદ્રિકા નીકળી પડતાં એથી વિપરીત દેખાવ દીધો; વિપરીત દેખાવથી અસૌંદર્ય અને અડવાપણું ખેદરૂપ થયું. અસુંદર જણાવાનું કારણ માત્ર વીંટી નહીં એ જ ઠર્યું કે? જો વીંટી હોત તો એવી અશોભા હું ન જોત. એ મુદ્રિકા વડે મારી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગળી શોભા પામી; એ આંગળી વડે આ હાથ શોભે છે; અને એ હાથ વડે આ શરીર શોભા પામે છે.

"ત્યારે એમાં હું શોભા કોની ગણું? અતિ વિસ્મયતા! મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ સુશોભિત કરનાર તે મણિમાણિક્યાદિના અલંકારો અને રંગબેરંગી વસ્ત્રો ઠર્યાં. એ કાંતિ મારી ત્વચાની શોભા ઠરી; એ ત્વચા શરીરની ગુપ્તતા ઢાંકી સુંદરતા દેખાડે છે. અહોહો! આ મહા વિપરીતતા છે! જે શરીરને હું મારું માનું છું એ શરીર તે માત્ર ત્વચા વડે, તે ત્વચા કાંતિ વડે અને તે કાંતિ વસ્ત્રાલંકાર વડે શોભે છે. ત્યારે શું મારા શરીરની તો કંઈ શોભા જ નહીં કે? રુધિર, માંસ અને હાડનો જ કેવળ એ માળો કે? અને એ માળો તે હું કેવળ મારો માનું છું. કેવી ભૂલ! કેવી ભ્રમણા! અને કેવી વિચિત્રતા છે!

"કેવળ હું પરપદાર્થની શોભાથી શોભું છું. અન્ય વસ્તુથી રમણીકતા ધારણ કરતું આ શરીર તે મારે મારું કેમ માનવું? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વભાવ રાખું તે પણ કેવળ દુઃખપ્રદ અને વૃથા છે. આ મારા આત્માનો એ શરીરથી એક કાળે વિયોગ છે! આત્મા જ્યારે બીજા દેહને ધારણ કરવા પરવરશે, ત્યારે આ દેહ અહીં રહેશે એમાં કંઈ શંકા નથી. એ કાયા મારી ન થઈ અને નહીં થાય, ત્યારે હું એને મારી માનું છું કે માનું એ કેવળ મૂર્ખતા છે. જેનો એક કાળે વિયોગ થવાનો છે, અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમાં મમત્વપણું શું રાખવું? એ જ્યારે મારી થતી નથી, ત્યારે મારે એના થવું શું ઉચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? નહીં, નહીં; એ જ્યારે મારી નહીં ત્યારે હું એનો નહીં, એમ વિચારું, દૃઢ કરું અને વર્તું, એવું વિવેકબુદ્ધિનું તાત્પર્ય છે.

"આ આખી સૃષ્ટિ અનંત ચીજથી અને અનંત પદાર્થોથી ભરી છે; તે સઘળા પદાર્થ કરતાં મારા આ શરીર જેટલી કોઈ પણ વસ્તુ પર મારી પ્રિયતા નથી. તે વસ્તુ જો મારી ન થઈ, તો પછી બીજી કઈ વસ્તુ મારી હોય? અહો! હું બહુ ભૂલી ગયો! મિથ્યા મોહમાં લથડી પડ્યો! તે નવયૌવનાઓ, તે માનેલા કુલદીપક પુત્રો, તે અઢળક લક્ષ્મી, તે છ ખંડનું મહાન રાજ, એ મારાં નથી. એમાંનું લેશમાત્ર પણ મારું નથી. એમાં મારો કિંચિત્ ભાગ નથી. જે કાયાથી હું એ સઘળી વસ્તુઓનો ઉપભોગ લઉં છું તે કાયા જ્યારે મારી ન થઈ, ત્યારે બીજી મારી માનેલ વસ્તુ — સ્નેહી, કુટુંબી ઇત્યાદિક — મારાં શું થનાર હતાં? નહીં, કંઈ જ નહીં. એ મમત્વભાવ મારે જોઈતો નથી! એ પુત્ર, એ મિત્ર, એ સ્ત્રી, એ વૈભવ અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નથી! હું એમનો નહીં ને એ મારાં નહીં!

"પુણ્યાદિક સાધીને મેં જે જે વસ્તુ પ્રાપ્ત કરી તે તે વસ્તુ મારી ન થઈ, એના જેવું સંસારમાં ખેદમય શું છે? મારા ઉગ્ર પુણ્યનું પરિણામ આ જ કે? છેવટે એ સઘળાંનો વિયોગ જ કે? પુણ્યનું એ ફળ પામીને એની વૃદ્ધિને માટે જે જે પાપ કર્યાં, તે તે મારા આત્માએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ભોગવવાનાં કે? તે પણ એકલાએ જ કે? એમાં કોઈનું સહિયારાપણું નહીં જ કે? નહીં, નહીં!

"એ પરાયા રહેનારા પદાર્થો માટે થઈને હું આત્માને રૌદ્ર નરકનો ભોક્તા કરું, એના જેવું કયું અજ્ઞાન છે? એવી કઈ ભ્રમણા છે? એવો કયો અવિવેક છે? મહાપુરુષોમાંનો હું એક ગણાયો; તેવો હું આવાં કૃત્ય ટાળી શકું નહીં, અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઈ બેસું, એ કેવું અયુક્ત છે? એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો અને એ વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી; મમત્વ નથી!"

વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડ્યું કે તિમિરપટ ટળી ગયું. મહા દિવ્ય અને સહસ્ર કિરણથી પણ અનુપમ કાંતિમાન કેવળજ્ઞાન પ્રગટ થયું. તે જ વેળા આધિ, વ્યાધિ અને ઉપાધિથી તે વિરક્ત થયા. ચંચળ સંસારના સકળ સુખવિલાસથી એમણે નિવૃત્તિ મેળવી. પ્રિયાપ્રિય ગયું; અને તે નિરંતર સ્તવવા યોગ્ય થયા.

ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયું, જાણ્યું અને સાપ કાંચળીને તજે તેમ સંસારનો પરિત્યાગ કરી તેનું મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યું. મહા વૈરાગ્યની અચળતા, નિર્મમતા અને આત્મશક્તિનું પ્રફુલ્લિત થવું, આ મહાયોગીશ્વરના ચરિત્રમાં રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

અશુચિભાવના

(ગીતિવૃત્ત)

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

—મળ અને મૂત્રની ખાણરૂપ, રોગ અને વૃદ્ધતાને રહેવાના ધામના જેવી કાયાને ગણીને હે ચૈતન્ય! તેનું મિથ્યા માન ત્યાગ કરીને સનત્ કુમારની પેઠે તેને સફળ કર.

જે જે રિદ્ધિસિદ્ધિ અને વૈભવ ભરતેશ્વરના ચરિત્રમાં વર્ણવ્યાં, તે તે વૈભવાદિકથી કરીને યુક્ત સનત્ કુમાર ચક્રવર્તી હતા. તેમનાં વર્ણ અને રૂપ અનુપમ હતાં.

એક વેળા સુધર્મસભામાં તેમના રૂપની સ્તુતિ થઈ. કોઈ બે દેવોને એ વાત રુચી નહીં. પછી તેઓ એ શંકા ટાળવાને વિપ્રરૂપે સનત્ કુમારના અંતઃપુરમાં ગયા.

સનત્ કુમારનો દેહ તે વેળા ખેળથી ભર્યો હતો. તેમને અંગે મર્દનાદિક પદાર્થોનું વિલેપન કરવામાં આવ્યું હતું. તેમણે એક નાનું પંચિયું પહેર્યું હતું અને તે સ્નાન કરવા માટે બેઠા હતા.

વિપ્રરૂપે આવેલા દેવતા તેમનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા અને ચંદ્ર જેવી કાંતિ જોઈને બહુ આનંદ પામ્યા. તેમણે જરા માથું ધુણાવ્યું, એટલે ચક્રવર્તીએ પૂછ્યું: "તમે માથું કેમ ધુણાવ્યું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોએ કહ્યું : "અમે તમારાં રૂપ અને વર્ણનું નિરીક્ષણ કરવા માટે બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારાં વર્ણ અને રૂપની સ્તુતિ સાંભળી હતી. આજે એ વાત અમને પ્રમાણભૂત થઈ; એથી અમે આનંદ પામ્યા. માથું ધુણાવ્યું કે, જેવું લોકોમાં કહેવાય છે તેવું જ રૂપ છે. એથી વિશેષ છે, પણ ઓછું નથી."

સનત્ કુમાર સ્વરૂપવર્ણની સ્તુતિથી અભિમાન લાવી બોલ્યા : "તમે આ વેળા મારું રૂપ જોયું તે ભલે. પરંતુ હું જ્યારે રાજસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરી સજ્જ થઈને સિંહાસન પર બેસું છું, ત્યારે મારું રૂપ અને મારો વર્ણ જોવા યોગ્ય છે. અત્યારે તો હું ખેળભરી કાયાએ બેઠો છું. જો તે વેળા મારાં રૂપ વર્ણ જુઓ, તો તમે ચકિત થઈ જાઓ."

દેવોએ કહ્યું : "ત્યારે પછી અમે રાજસભામાં આવીશું." એમ કહીને ત્યાંથી તેઓ ચાલ્યા ગયા.

સનત્ કુમારે ત્યાર પછી ઉત્તમ અને અમૂલ્ય વસ્ત્રાલંકારો ધારણ કર્યાં. અનેક ઉપચારથી, જેમ પોતાની કાયા વિશેષ આશ્ચર્યતા ઉપજાવે, તેમ કરીને તે રાજસભામાં આવી સિંહાસન પર બેઠા. આજુબાજુ સમર્થ મંત્રીઓ, સુભટો, વિદ્વાનો અને અન્ય સભાસદો યોગ્ય આસને બેસી ગયા છે. રાજેશ્વર ચામરછત્રથી અને ખમા ખમાથી વિશેષ શોભી રહ્યા છે તેમ જ વધાવાઈ રહ્યા છે. ત્યાં પેલા દેવતાઓ પાછા વિપ્રરૂપે આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્ભુત રૂપવર્ણથી આનંદ પામવાને બદલે જાણે ખેદ પામ્યા છે, એવા સ્વરૂપમાં તેઓએ માથું ધુણાવ્યું.

ચક્રવર્તીએ પૂછ્યું : "અહો બ્રાહ્મણો ! ગઈ વેળા કરતાં આ વેળા તમે જુદા રૂપમાં માથું ધુણાવ્યું, એનું શું કારણ છે? તે મને કહો."

વિપ્રોએ કહ્યું : "હે મહારાજા! તે રૂપમાં ને આ રૂપમાં ભૂમિ-આકાશનો ફેર પડી ગયો છે."

ચક્રવર્તીએ તે સ્પષ્ટ સમજાવવા કહ્યું. એટલે તે બ્રાહ્મણો બોલ્યા : "અધિરાજ! પ્રથમ તમારી કોમળ કાયા અમૃતતુલ્ય હતી. આ વેળાએ ઝેરરૂપ છે. તેથી જ્યારે અમૃતતુલ્ય અંગ હતું, ત્યારે આનંદ પામ્યા હતા. આ વેળા એ ઝેરતુલ્ય છે, ત્યારે ખેદ પામ્યા. અમે કહીએ છીએ તે વાતની સિદ્ધતા કરવી હોય તો તમે હમણાં તાંબૂલ થૂંકો; તત્કાળ તે પર મક્ષિકા બેસશે અને મરી જશે."

સનત્ કુમારે એ પરીક્ષા કરી તો સત્ય ઠરી. પૂર્વ કર્મના પાપનો જે ભાગ હતો તેમાં આ કાયાના મદસંબંધીનું મેળવણ થવાથી એ ચક્રવર્તીની કાયા ઝેરમય થઈ ગઈ હતી!

વિનાશી અને અશુચિમય કાયાનો આવો પ્રપંચ જોઈને સનત્ કુમારના અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. 'કેવળ આ સંસાર તજવા યોગ્ય છે. આવી ને આવી અશુચિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનાં શરીરમાં રહી છે. એ સઘળું મોહ પામવા યોગ્ય નથી.' એમ બોલીને તે છ ખંડની પ્રભુતાનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુરૂપે જ્યારે તે વિચરતા હતા, ત્યારે તેમને મહારોગ ઉત્પન્ન થયો. તેમની પરીક્ષા લેવાને કોઈ દેવ ત્યાં વૈદરૂપે આવ્યો. વૈદે સાધુને કહ્યું: "હું બહુ કુશળ રાજવૈદ છું. તમારી કાયા રોગનો ભોગ થયેલી છે. જો ઇચ્છા હોય તો તત્કાળ હું રોગને ટાળી આપું."

સાધુ બોલ્યા: "હે વૈદ! કર્મરૂપી રોગ મહોન્મત્ત છે. એ રોગ ટાળવાની તમારી જો સમર્થતા હોય, તો ભલે મારો એ રોગ ટાળો. એ સમર્થતા ન હોય, તો આ રોગ છો રહ્યો."

દેવતાએ કહ્યું: "એ રોગ ટાળવાની સમર્થતા હું ધરાવતો નથી."

પછી સાધુએ પોતાની તપસિદ્ધિના પરિપૂર્ણ બળ વડે થૂંકવાળી અંગુલિ કરી તે રોગને ખરડી કે તત્કાળ તે રોગ નાશ પામ્યો; અને કાયા પાછી હતી તેવી બની ગઈ.

પછી તે વેળા દેવે પોતાનું સ્વરૂપ પ્રકાશ્યું; ધન્યવાદ ગાઈ તે વંદન કરી પોતાને સ્થાનકે ગયો.

રક્તપિત્ત જેવા સદૈવ લોહીપરુથી ગદ્ગદતા મહારોગની ઉત્પત્તિ જે કાયામાં છે, પળમાં વણસી જવાનો જેનો સ્વભાવ છે; જેના પ્રત્યેક રોમે પોણાબબ્બે રોગનો નિવાસ છે તેવા સાડાત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી કરોડો રોગનો તે ભંડાર છે એમ વિવેકથી સિદ્ધ છે. અન્નાદિની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખા દે છે; મળ, મૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને શ્લેષ્મથી જેનું બંધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટક્યું છે; ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરેખર વિભ્રમ જ છે!

આમ છતાં, મનુષ્યદેહને સર્વદેહોત્તમ કહ્યો છે. એનાથી સિદ્ધ ગતિ પ્રાપ્ત થઈ શકે છે એમ કહેવાનું છે. આત્માનાં શુભ કર્મનો જ્યારે ઉદય આવ્યો, ત્યારે તે મનુષ્યદેહ પામ્યો. મનુષ્ય એટલે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે ઓષ્ઠ, એક નાકવાળા દેહનો અધીશ્વર એમ નથી. પણ એનો મર્મ જુદો જ છે. જો એમ અવિવેક દાખવીએ તો પછી વાનરને મનુષ્ય ગણવામાં દોષ શો? એ બિચારાએ તો એક પૂંછડું પણ વધારે પ્રાપ્ત કર્યું છે. પણ નહીં, મનુષ્યત્વનો મર્મ આમ છે: વિવેકબુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે, તે જ મનુષ્ય; બાકી બધાય એ સિવાયનાં તે બેપગાં પશુ જ છે. મેધાવી પુરુષો નિરંતર એ માનવત્વનો આમ જ મર્મ પ્રકાશે છે. વિવેકબુદ્ધિના ઉદય વડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે. અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે. તોપણ સ્મૃતિમાન થવું યથોચિત છે કે, તે દેહ કેવળ અશુચિમય તે અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

નિવૃત્તિબોધ

(નારાચ છંદ)

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા !
ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

જેમાં એકાંત અને અનંત સુખના તરંગ ઊછળે છે તેવાં શીલ, જ્ઞાનને માત્ર નામના દુઃખથી કંટાળી જઈને મિત્રરૂપે ન માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામમાત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે ! અહો ચેતન ! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે ! નિહાળ ! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર, અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે.

એવી પવિત્ર મહા નિવૃત્તિને દઢીભૂત કરવા ઉચ્ચ વિરાગી યુવરાજ મૃગાપુત્રનું મનન કરવા યોગ્ય ચરિત્ર અહીં આગળ પ્રત્યક્ષ છે. કેવા દુઃખને સુખ માન્યું છે ? અને કેવા સુખને દુઃખ માન્યું છે ? તાદશ એ યુવરાજનાં મુખ-વચન સિદ્ધ કરશે.

નાના પ્રકારનાં મનોહર વૃક્ષથી ભરેલાં ઉદ્યાનો વડે સુગ્રીવ નામે એક સુશોભિત નગર છે. તે નગરના રાજ્યાસન પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલભદ્ર નામે એક રાજા થયો. તેની પ્રિયંવદા પટરાણીનું નામ મૃગા હતું. એ પતિપત્નીથી બળશ્રી નામે એક કુમારે જન્મ લીધો હતો. મૃગાપુત્ર એવું એનું પ્રખ્યાત નામ હતું. જનકજનેતાને તે અતિ વલ્લભ હતા. એ યુવરાજ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં સંયમીના ગુણને પામ્યા હતા; એથી કરીને દમીશ્વર એટલે યતિમાં અગ્રેસર ગણાવા યોગ્ય હતા.

તે મૃગાપુત્ર શિખરબંધ આનંદકારી પ્રાસાદને વિષે પોતાની પ્રાણપ્રિયા સહિત દેવતાની પેરે વિલાસ કરતા હતા. નિરંતર પ્રમોદ સહિત મનથી વર્તતા હતા.

એક દિવસે તે કુમાર પોતાના ગોખને વિષે રહ્યા હતા. ત્યાંથી નગરનું નિરીક્ષણ પરિપૂર્ણ થતું હતું. જ્યાં ચાર રાજમાર્ગ એકત્વને પામતા હતા એવા ચોકમાં ત્રણ રાજમાર્ગ એકઠા મળ્યા છે ત્યાં તેમની દૃષ્ટિ દોડી. મહા તપ, મહા નિયમ, મહા સંયમ, મહા શીલ અને મહા ગુણના ધામરૂપ એક શાંત તપસ્વી સાધુને ત્યાં તેમણે જોયા. જેમ જેમ વેળા થતી જાય છે, તેમ તેમ તે મુનિને મૃગાપુત્ર નીરખી નીરખીને જુએ છે.

એ નિરીક્ષણ ઉપરથી તે એમ બોલ્યા : "હું જાણું છું કે આવું રૂપ મેં ક્યાંક દીઠું છે." અને એમ બોલતાં બોલતાં તે કુમારનું મોહ-પટ ટળ્યું ને તે ઉપશમતા પામ્યા. તરત જ પૂર્વજન્મની સ્મૃતિ તેમને થઈ આવી. તે સ્મૃતિ ઉપજવાથી તે મૃગાપુત્ર, મહા રિદ્ધિના ભોક્તા, પૂર્વના ચારિત્રના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણને પણ પામ્યા. તરત જ તે પોતાના ભોગવિષયને વિષે અણરાચતા થયા; સંયમને વિષે રાચતા થયા.

માતાપિતાની સમીપે આવીને તે બોલ્યા : "પૂર્વભવને વિષે મેં પાંચ મહાવ્રતને સાંભળ્યાં હતાં. નરકને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. તિર્યંચને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. એ અનંત દુઃખથી ખેદ પામીને તેનાથી નિવર્તવાને હવે હું અભિલાષી થયો છું. સંસારરૂપી સમુદ્રથી પાર પામવા માટે હે ગુરુજનો! મને તે પાંચ મહાવ્રત ધારણ કરવાની અનુજ્ઞા દો."

કુમારનાં નિવૃત્તિથી ભરેલાં વચનો સાંભળીને માતા-પિતાએ તેમને ભોગ ભોગવવા લોભાવ્યા. તે વચનથી ખેદ પામીને મૃગાપુત્ર માતાપિતાને કહેવા લાગ્યા : "અહો માત! અને અહો તાત! જે ભોગો ભોગવવા તમે મને આમંત્રણ કરો છો, તે ભોગ મેં ભોગવ્યા છે. તે ભોગરૂપી વિષફળ કિંપાકવૃક્ષનાં ફળની ઉપમાથી યુક્ત છે; ભોગવ્યા પછી કડવા વિપાકને આપે છે. સદૈવ દુઃખોત્પત્તિનાં કારણ છે. આ દેહ છે તે અનિત્ય અને કેવળ અશુચિમય છે, અશુચિથી ઉત્પન્ન થયો છે; જીવનો એ અશાશ્વત વાસ છે; અનંત દુઃખનો હેતુ છે. રોગ, જરા અને ક્લેશાદિકનું એ શરીર ભાજન છે. એ શરીરને વિષે હું કેમ રતિ કરું? બાળપણે એ શરીર છાંડવું છે કે વૃદ્ધપણે એવો જેનો નિયમ નથી, એ શરીર પાણીના ફીણના બુદ્‌બુદ જેવું છે. એવા શરીરને વિષે સ્નેહ કેમ યોગ્ય હોય? મનુષ્યત્વમાં એ શરીર પામીને કોઢ, જ્વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે વ્યાધિને તેમ જ જરામરણને વિષે ગ્રહાવું રહ્યું છે. તેમાં હું કેમ પ્રેમ બાંધું?

"જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ, — એમ કેવળ દુઃખના હેતુ સંસારને વિષે છે. ભૂમિ, ક્ષેત્ર, આવાસ, કંચન, કુટુંબ, પુત્ર, પ્રમદા, બંધવ, એ સકળને છાંડીને માત્ર ક્લેશ પામીને આ શરીરથી અવશ્યમેવ જવું છે. જેમ કિંપાકવૃક્ષનાં ફળનું પરિણામ સુખદાયક નથી, એમ ભોગનું પરિણામ પણ સુખદાયક નથી. જેમ કોઈ પુરુષ મહા પ્રવાસને વિષે અન્નજળ અંગીકાર ન કરે, એટલે કે ન લે અને ક્ષુધાતૃષાએ કરીને દુઃખી થાય; તેમ ધર્મના અનાચરણથી પરભવને વિષે જતાં તે પુરુષ દુઃખી થાય, જન્મજરાદિકની પીડા પામે. મહા પ્રવાસમાં પરવરતાં જે પુરુષ અન્નજળાદિક લે, તે પુરુષ ક્ષુધાતૃષાથી રહિત થઈ સુખને પામે; એમ ધર્મનો આચરનાર પુરુષ પરભવ પ્રત્યે પરવરતાં સુખને પામે. હે ગુરુજનો! જેમ કોઈ ગૃહસ્થનું ઘર પ્રજ્વલિત થાય છે, ત્યારે તે ઘરનો ધણી અમૂલ્ય વસ્ત્રાદિકને લઈ જઈ જીર્ણ વસ્ત્રાદિકને છાંડી રહેવા દે છે, તેમ લોક બળતો દેખીને જીર્ણ વસ્ત્રરૂપ જરામરણને છાંડીને અમૂલ્ય આત્માને તે બળતાથી, તમે આજ્ઞા આપો એટલે, હું તારીશ."

મૃગાપુત્રનાં વચન સાંભળીને શોકાર્ત થયેલાં એનાં માતાપિતા બોલ્યાં: "હે પુત્ર! આ તું શું કહે છે? ચારિત્ર પાળવું બહુ દુર્લભ છે. ક્ષમાદિક ગુણને યતિએ ધરવા પડે છે, રાખવા પડે છે; યત્નોથી સાચવવા પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંયતિએ મિત્રમાં અને શત્રુમાં સમભાવ રાખવો પડે છે. સંયતિને પોતાના આત્મા ઉપર અને પરાત્મા ઉપર સમબુદ્ધિ રાખવી પડે છે; અથવા સર્વ જગત ઉપર સરખો ભાવ રાખવો પડે છે. એવું એ જીવહિંસાના ત્યાગરૂપ પ્રથમ વ્રત, જીવતાં સુધી, પાળતાં દુર્લભ તે પાળવું પડે છે. સંયતિને સદૈવકાળ અપ્રમાદપણાથી અસત્ય વચનનું વર્જવું, હિતકારી વચનનું ભાખવું, એવું પાળતાં દુષ્કર બીજું વ્રત અવધારણ કરવું પડે છે. સંયતિને દાતણ કરવા અર્થે એક સળી પણ કોઈની ન આપેલી ન લેવી, અને દોષરહિત ભિક્ષાનું વ્રત આચરવું, એવું પાળતાં દુષ્કર ત્રીજું વ્રત અવધારણ કરવું પડે છે. કામભોગના સ્વાદને જાણવા અને અબ્રહ્મચર્યનું ધારણ કરવું તે ત્યાગ કરીને બ્રહ્મચર્યરૂપ ચોથું વ્રત સંયતિને અવધારણ કરવું તેમ જ પાળવું બહુ દુર્લભ છે. ધનધાન્ય, દાસના સમુદાય, પરિગ્રહ મમત્વનું વર્જન, સઘળા પ્રકારના આરંભનો ત્યાગ, કેવળ એ નિર્મમત્વથી પાંચમું મહાવ્રત સંયતિને ધારણ કરવું અતિ વિકટ છે. રાત્રિભોજનનું વર્જન, ઘૃતાદિક પદાર્થનું વાસી રાખવાનું ત્યાગવું, એ અતિ દુષ્કર છે.

"હે પુત્ર! તું ચારિત્ર ચારિત્ર શું કરે છે? ચારિત્ર જેવી દુઃખપ્રદ વસ્તુ બીજી કઈ છે? ક્ષુધાનું દુઃખ સહન કરવું; તૃષાનું દુઃખ સહન કરવું; ટાઢનું દુઃખ સહન કરવું; ઉષ્ણ તાપનું દુઃખ સહન કરવું; ડાંસ મચ્છરનું દુઃખ સહન કરવું; ક્રોધનું દુઃખ સહન કરવું; ઉપાશ્રયનું દુઃખ સહન કરવું; તૃણાદિક સ્પર્શનું દુઃખ સહન કરવું; મેલનું દુઃખ સહન કરવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચય માન કે, હે પુત્ર! એવું ચારિત્ર કેમ પાળી શકાય? વધનું દુઃખ કેવું વિકટ છે? ભિક્ષા માગવી કેવી દુર્લભ છે? યાચના કરવી કેવી દુર્લભ છે? યાચના કરવા છતાં ન પમાય એ અલાભ-દુઃખ કેવું દુર્લભ છે? કાયર પુરુષના હૃદયને ભેદી નાખનારું કેશલોચન કેવું વિકટ છે? તું વિચાર કર; કર્મવૈરી પ્રતિ રૌદ્ર એવું બ્રહ્મચર્ય વ્રત કેવું દુર્લભ છે? ખરે, અધીર આત્માને એ સઘળાં અતિ અતિ વિકટ છે.

"પ્રિય પુત્ર! તું સુખ ભોગવવાને યોગ્ય છે. અતિ રમણીય રીતે નિર્મળ સ્નાન કરવાને તારું સુકુમાર શરીર યોગ્ય છે. પ્રિય પુત્ર! નિશ્ચય તું ચારિત્ર પાળવાને સમર્થ નથી. જીવતાં સુધી એમાં વિસામો નથી. સંયતિના ગુણનો મહા સમુદાય લોઢાની પેઠે બહુ ભારે છે. સંયમનો ભાર વહન કરવો અતિ અતિ વિકટ છે. વહેતા પ્રવાહની સામે જવું જેમ દુર્લભ છે, તેમ યૌવનને વિષે સંયમ મહા દુર્લભ છે. ભુજાએ કરીને જેમ સમુદ્ર તરવો દુર્લભ છે, તેમ સંયમગુણસમુદ્ર તરવો યૌવનમાં મહા દુર્લભ છે. વેળુનો કોળિયો જેમ નીરસ છે, તેમ સંયમ પણ નીરસ છે. ખડ્ગધારા પર ચાલવું જેમ વિકટ છે, તેમ તપ આચરવું મહા વિકટ છે. પ્રિય પુત્ર! જેમ લોઢાના જવ ચાવવા દુર્લભ છે, તેમ સંયમ આચરવો દુર્લભ છે. જેમ અગ્નિની જ્વાળા પીવી દુર્લભ છે, તેમ યૌવનને વિષે યતિપણું અંગીકાર કરવું મહા દુર્લભ છે. શરીરે અશક્ત એવા કાયર પુરુષ માટે યતિપણું પામવું તેમ જ પાળવું દુર્લભ છે. જેમ ત્રાજવે કરી મેરુ પર્વત તોળવો દુર્લભ છે, તેમ નિશ્ચળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણાથી નિઃશંકતાથી વિધિપૂર્વકનો યતિધર્મ પાળવો દુષ્કર છે. ભુજાએ કરી સમુદ્ર તરવો દુષ્કર છે, તેમ જે નથી ઉપશમવંત તેને ઉપશમરૂપી સમુદ્ર તરવો દોહ્યલો છે.

"હે પુત્ર! શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ પાંચ પ્રકારે મનુષ્ય સંબંધી ભોગ ભોગવીને ભુક્તભોગી થઈને વૃદ્ધપણામાં તું ધર્મ આચરજે."

માતાપિતાનો ભોગસંબંધી ઉપદેશ સાંભળીને મૃગાપુત્ર માતાપિતા પ્રત્યે બોલી ઊઠ્યા: "વિષયની વૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઈયે દુષ્કર નથી. આ આત્માએ શારીરિક અને માનસિક વેદના દુઃખરૂપે અનંત વાર સહી છે, ભોગવી છે. મહા દુઃખથી ભરેલી; ભયને ઉપજાવનારી અતિ રૌદ્ર વેદના આ આત્માએ ભોગવી છે. જન્મ, જરા, મરણ એ ભયનાં ધામ છે. ચતુર્ગતિરૂપ સંસારાટવીમાં ભમતાં અતિ રૌદ્ર દુઃખો મેં ભોગવ્યાં છે.

"હે ગુરુજનો! મનુષ્ય લોકમાં જે અગ્નિ અતિશય ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંતગણી ઉષ્ણ તાપવેદના નરકમાં આ આત્માએ ભોગવી છે. મનુષ્ય લોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઈ છે, એ ટાઢથી અનંતગણી ટાઢ નરકમાં દુઃખ સાથે આ આત્માએ ભોગવી છે. લોહમય ભાજન, તેને વિષે ઊંચા પગ બાંધી નીચું મસ્તક કરીને દેવતાએ વેરેલા ધૂંવાંપૂંવાં બળતા અગ્નિમાં આક્રંદ કરતા આ આત્માએ અતિ ઉગ્ર દુઃખ ભોગવ્યાં છે. મહા દવના અગ્નિ જેવા મરુ દેશમાં જેવી વેળુ છે તેના જેવી વજ્રમય વેળુ કદંબ નામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીની વેળુ છે, તે સરખી ઉષ્ણુ વેળુમાં પૂર્વે મારા આ આત્માને અનંત વાર બાળ્યો છે.

"પરવશતાથી મૃગની પેઠે અનંત વાર પાશમાં હું સપડાયો હતો. નરકના દૂતોએ મને મગરમચ્છરૂપે જાળ નાખી અનંત વેળા દુઃખ આપ્યું હતું. સીંચાણારૂપે પંખીની પેઠે જાળમાં બાંધી અનંત વાર મને હણ્યો હતો. ફરશી ઇત્યાદિક શસ્ત્ર વડે મને અનંત વાર વૃક્ષની પેઠે કૂટીને મારા સૂક્ષ્મ છેદ કર્યાં હતા. મુદ્ગરાદિકના પ્રહાર વતી લુહાર જેમ લોઢાને ટીપે, તેમ મને પૂર્વકાળે નરકના દૂતોએ અનંત વાર ટીપ્યો હતો. તાંબું, લોઢું અને સીસું અગ્નિથી ગાળી તેનો કળકળતો રસ મને અનંત વાર પાયો હતો. અતિ રૌદ્રતાથી તે નરકના દૂતો મને એમ કહેતા હતા કે, 'પૂર્વભવમાં તને માંસ પ્રિય હતું તે લે આ માંસ.' એમ મારા શરીરના ખંડોખંડ કટકા મેં અનંત વાર ગળ્યા હતા. મદ્યપાન કરવા માટે પણ એથી કંઈ ઓછું દુઃખ પડ્યું નહોતું. એમ મેં મહા ભયથી, મહા ત્રાસથી અને મહા દુઃખથી કંપાયમાન કાયાએ કરી અનંત વેદના ભોગવી હતી. એ બધું સહન કરતાં અતિ તીવ્ર, રૌદ્ર અને ઉત્કૃષ્ટ કાળસ્થિતિની વેદના, સાંભળતાં પણ અતિ ભયંકર, અનંત વાર તે નરકમાં મેં ભોગવી હતી. જેવી વેદના મનુષ્યલોકમાં છે તેવી દેખાતી પણ તેથી અનંતગણી અધિક અશાતા — દુઃખ વેદના નરકને વિષે રહી હતી. સર્વ ભવને વિષે અશાતા વેદના મેં ભોગવી છે. તલભાર પણ ત્યાં શાતા નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રમાણે મૃગાપુત્રે વૈરાગ્ય-ભાવથી સંસાર-પરિભ્રમણ-દુઃખ કહ્યાં. એના ઉત્તરમાં તેનાં જનકજનેતા એમ બોલ્યાં કે, "હે પુત્ર! જો તારી ઇચ્છા દીક્ષા લેવાની છે, તો દીક્ષા ગ્રહણ કર; પણ ચારિત્રમાં રોગોત્પત્તિ વેળા વૈદક કોણ કરશે? દુઃખનિવૃત્તિ કોણ કરશે? એ વિના બહુ દોહ્યલું છે."

મૃગાપુત્રે કહ્યું: "એ ખરું, પણ તમે વિચારો કે અટવીમાં મૃગ અથવા પંખી એકલું હોય છે; તેને રોગ ઉત્પન્ન થાય છે, ત્યારે તેનું વૈદું કોણ કરે છે? જેમ વનમાં મૃગ વિહાર કરે છે, તેમ હું ચારિત્રવનમાં વિહાર કરીશ; શુદ્ધ સંયમનો અનુરાગી થઈશ; તપ આચરીશ. મૃગને વનમાં રોગનો ઉપદ્રવ થાય છે, ત્યારે તેનું વૈદું કોણ કરે છે? કોણ તે મૃગને ઔષધ દે છે? કોણ તે મૃગને આનંદ, શાંતિ અને સુખ પૂછે છે? કોણ તે મૃગને આહાર જળ આણી આપે છે? જેમ તે રોગમુક્ત થયા પછી ગહન વને જ્યાં સરોવર હોય છે ત્યાં જાય છે, તૃણ પાણી આદિનું સેવન કરીને પાછું જેમ તે મૃગ વિચરે છે તેમ હું વિચરીશ. સારાંશ, એ પ્રમાણેની મૃગચર્યા હું આચરીશ. હું મૃગની પેઠે સંયમવંત હોઈશ. અનેક સ્થળે વિચરતો યતિ મૃગની પેઠે અપ્રતિબદ્ધ રહે. મૃગની પેઠે વિચરીને, મૃગચર્યા સેવીને યતિ વિચરે. જેમ મૃગ જળાદિકની ગોચરી કરે છે, તેમ યતિ ગોચરી કરીને સંયમભાર નિર્વાહ કરે. ખરાબ આહાર માટે ગૃહસ્થની નિંદા કરે નહીં. એવો સંયમ હું આચરીશ."

"एवं पुत्ता जहासुखं — હે પુત્ર! જેમ તને સુખ થાય તેમ કરો." એમ માતાપિતાએ અનુજ્ઞા આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુજ્ઞા મળ્યા પછી મમત્વભાવ છેદીને જેમ મહા નાગ કંચુક ત્યાગી ચાલ્યો જાય છે, તેમ તે મૃગાપુત્ર સંસાર ત્યાગીને સંયમધર્મમાં સાવધાન થયા. કંચન, કામિની, મિત્ર, પુત્ર, જ્ઞાતિ અને સગાંસંબંધીના તે પરિત્યાગી થયા. વસ્ત્રને ધૂણીને જેમ રજ ખંખેરી નાખીએ, તેમ તે સઘળા પ્રપંચ ત્યાગીને દીક્ષા લેવાને માટે નીકળી પડયા. પવિત્ર પાંચ મહાવ્રતયુક્ત થયા. બાહ્યાભ્યંતરે દ્વાદશ તપથી સંયુક્ત થયા. મમત્વરહિત થયા. નિરહંકારી થયા. સ્ત્રીઆદિકના સંગરહિત થયા. સર્વાત્મભૂતમાં એમનો સમાનભાવ થયો. આહાર-જળ પ્રાપ્ત થાઓ કે ન થાઓ, સુખ ઊપજો કે દુઃખ, જીવિતવ્ય હો કે મરણ હો, કોઈ સ્તુતિ કરો કે કોઈ નિંદા કરો, કોઈ માન દો કે કોઈ અપમાન દો, એ સઘળાં પર તે સમભાવી થયા. રિદ્ધિ, રસ અને સુખ એ ત્રણેના અહંપદથી તે વિરક્ત થયા. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય — પાપવૃત્તિઓથી વિમુક્ત થયા. હાસ્ય અને શોકથી નિવર્ત્યા. રાગદ્વેષરૂપી બંધનથી છૂટી ગયા. વાંછારહિત થયા. સર્વ પ્રકારના વિલાસથી રહિત થયા. કરવતથી કોઈ કાપે અથવા કોઈ ચંદન વિલેપન કરે તે પર સમભાવી થયા. પાપ આવવાનાં સઘળાં દ્વાર તેમણે રૂંધ્યાં. શુદ્ધ અંતઃકરણ સહિત ધર્મધ્યાનાદિક વ્યાપારે પ્રવૃત્ત થયા. જ્ઞાને કરી, આત્મચારિત્રે કરી, સમ્યક્ત્વે કરી, તપે કરી, ભાવનાએ કરી અને નિર્મળતાએ કરી તે અનુપમ વિભૂષિત થયા. સમ્યક્ પ્રકારથી ઘણાં વર્ષ સુધી આત્મચરિત્ર સેવીને, એક માસનું અનશન કરીને, તે મહાજ્ઞાની યુવરાજ મૃગાપુત્ર મોક્ષગતિએ પરવર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વજ્ઞાનીઓએ સપ્રમાણ સિદ્ધ કરેલી દ્વાદશભાવનામાંની સંસારભાવનાને દૃઢ કરવા મૃગાપુત્રનું ચરિત્ર અહીં વર્ણવ્યું. સંસારાટવીમાં પરિભ્રમણ કરતાં અનંત દુઃખ છે એ વિવેકસિદ્ધ છે. અને એમાં પણ જેમાં તલભાર સુખ નથી એવી નરકગતિનાં અનંત દુઃખ યોગીંદ્ર મૃગાપુત્રે જનક-જનેતા આગળ વર્ણવ્યાં છે, તે કેવળ સંસારમુક્ત થવાનો વિરાગી ઉપદેશ પ્રદર્શિત કરે છે.

આત્મચારિત્ર અવધારણ કરતાં તપ, વ્રત વગેરેના બહિર્દુઃખને દુઃખ માન્યું છે; અને મહા અધોગતિના પરિભ્રમણરૂપ અનંત દુઃખને બહિર્ભાવ મોહિનીથી સુખ માન્યું છે; એ તે કેવી ભ્રમવિચિત્રતા છે? આત્મચારિત્રનું દુઃખ તે દુઃખ નહીં પણ પરમ સુખ છે; અને પરિણામે અનંત સુખતરંગ પ્રાપ્તિનું કારણ છે; તેમ જ ભોગવિલાસાદિકનું સુખ તે ક્ષણિક અને બહિર્દૃશ્ય સુખ તે કેવળ દુઃખ જ છે; પરિણામે અનંત દુઃખનું કારણ છે, એમ સપ્રમાણ સિદ્ધ કરવા મહાજ્ઞાની મૃગાપુત્રનો વૈરાગ્ય અહીં દર્શાવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

આસ્રવ[1] અને સમ્વર[2] ભાવના

મહાવિદેહમાં વિશાળ પુંડરિકિણી નગરીના રાજ્ય-સિંહાસન પર પુંડરિક અને કંડરિક નામે બે ભાઈઓ રાજ્ય કરતા હતા.

એક વેળા મહા તત્ત્વજ્ઞાની મુનિરાજ વિહાર કરતા ત્યાં આવ્યા. મુનિના વૈરાગ્ય–વચનામૃતથી કંડરિક દીક્ષાનુરક્ત થયો; અને ઘેર આવ્યા પછી પુંડરિકને રાજ સોંપી ચારિત્ર અંગીકૃત કર્યું.

સરસ-નીરસ આહાર કરતાં થોડા કાળે તે રોગગ્રસ્ત થયો. તેથી તે ચારિત્ર પાળી શક્યો નહીં. પુંડરિકિણી મહા નગરીની અશોકવાડીમાં આવીને તે નિરંતર વિચાર કરવા મંડયો કે, પુંડરિક મને રાજ આપશે કે નહિ આપે?

વાડીના રક્ષકે કંડરિકને ઓળખ્યો. તેણે જઈને પુંડરિકને કહ્યું કે, આકુલવ્યાકુલ થતો તમારો ભાઈ અશોક વાડીમાં રહ્યો છે.

પુંડરિકે આવી કંડરિકના મનોભાવ જોયા; અને તેને ચારિત્રથી ડોલતો જોઈ કેટલોક ઉપદેશ આપી પછી રાજ સોંપી દઈને ઘેર આવ્યો.

---

૧. જેનાથી કર્મરજ આત્મામાં બંધાય છે તે કર્મ — પાપ.

૨. પાપને સર્વ પ્રકારે રોકવાં તે; આવતા કર્મસમૂહને અટકાવવા તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંડરિકના મુખપટી ઇત્યાદિ સાજને ગ્રહણ કરીને પુંડરિકે નિશ્ચય કર્યો કે, મારે મહર્ષિ ગુરુ કને જવું; અને ત્યાર પછી અન્નજળ ગ્રહણ કરવાં. ઉઘાડે ચરણે પરવરતાં પગમાં કંકર, કંટક ખૂંચવાથી લોહીની ધારા ચાલી તોપણ તે ઉત્તમ ધ્યાને સમતા ભાવે રહ્યો. એથી એ મહાનુભાવ પુંડરિક નિર્વાણ પામીને ઉત્તમ આયુષ્યે દેવરૂપે ઊપજ્યો.

બીજી બાજુ કંડરિકની આજ્ઞાનું સામંત કે મંત્રી કોઈ પાલન કરતું ન હતું. તે સહસ્ર વર્ષ પ્રવ્રજ્યા પાળી પતિત થયો હતો એ માટે સૌ તેને ધિક્કારતા હતા. કંડરિકે રાજ્યમાં આવ્યા પછી અતિ આહાર કર્યો. રાત્રિએ એથી કરીને તે બહુ પીડાયો અને વમન થયું; અભાવથી એની પાસે કોઈ આવ્યું નહિ. એથી તેના મનમાં ક્રોધ વ્યાપી ગયો. તેણે નિશ્ચય કર્યો કે, આ દરદથી જો શાંતિ થાય તો પછી પ્રભાતે એ સઘળાને હું જોઈ લઈશ. એવા મહા દુર્ધ્યાનથી મરીને ઘોર નરકે તે અનંત દુઃખમાં જઈ ઊપજ્યો.

આસ્રવથી શી કંડરિકની દુઃખદશા! અને સમ્વરથી શી પુંડરિકની સુખદશા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અચળ મુનિત્વ

વજ્રસ્વામી કેવળ કંચનકામિનીના દ્રવ્યભાવથી પરિત્યાગી હતા. એક શ્રીમંતની રુક્મિણી નામની મનોહારિણી પુત્રી વજ્રસ્વામીના ઉત્તમ ઉપદેશનું શ્રવણ કરીને મોહિત થઈ. ઘેર આવી માતાપિતાને તેણે કહ્યું, "જો હું આ દેહે પતિ કરું, તો માત્ર વજ્રસ્વામીને જ કરું; અન્યની સાથે લગ્ન ન કરવાની મારે પ્રતિજ્ઞા છે."

રુક્મિણીને તેનાં માતાપિતાએ ઘણુંયે કહ્યું: "ઘેલી! વિચાર તો ખરી કે, મુનિરાજ તે વળી પરણે? એણે તો સત્ય પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે."

તોપણ રુક્મિણીએ કહ્યું ન માન્યું. નિરુપાયે ધનાવા શેઠે કેટલુંક દ્રવ્ય અને સુરૂપા રુક્મિણીને સાથે લીધી; અને જ્યાં વજ્રસ્વામી વિરાજતા હતા ત્યાં આવીને કહ્યું, "મુનિરાજ, આ લક્ષ્મી છે તેનો તમે યથારુચિ ઉપયોગ કરો અને વૈભવવિલાસમાં વાપરો. અને આ મારી મહા સુકોમલા રુક્મિણી નામની પુત્રીનું પાણિગ્રહણ કરો." એમ કહીને તે પોતાને ઘેર આવ્યો.

યૌવનસાગરમાં તરતી અને રૂપના અંબારરૂપ રુક્મિણીએ વજ્રસ્વામીને અનેક પ્રકારે ભોગ સંબંધી વાત કરી; ભોગનાં સુખ અનેક પ્રકારે વર્ણવી દેખાડ્યાં; મનમોહક હાવભાવ તથા અનેક પ્રકારના અન્ય ચળાવવાના ઉપાય કર્યાં; પરંતુ તે કેવળ વૃથા ગયા. મહા સુંદરી રુક્મિણી પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહકટાક્ષમાં નિષ્ફળ ગઈ. વિજયમાન વજ્રસ્વામી મેરુની પેઠે અચળ અને અડોલ રહ્યા. રુકિમણીના મન, વચન અને કાયાના સર્વ ઉપદેશ તથા હાવભાવથી તે લેશમાત્ર પીગળ્યા નહીં.

આવી મહા વિશાળ દૃઢતા જોઈને રુકિમણીએ બોધ પામી નિશ્ચય કર્યો કે, 'આ સમર્થ જિતેંદ્રિય મહાત્મા કોઈ કાળે ચલિત થનાર નથી. લોહ પથ્થર પિગળાવવા સુલભ છે, પણ આ મહા પવિત્ર સાધુ વજ્રસ્વામીને પિગળાવવા સંબંધીની આશા નિરર્થક છતાં અધોગતિના કારણરૂપ છે.' એમ વિચારીને રુકિમણીએ પિતાએ આપેલી લક્ષ્મીને શુભ ક્ષેત્રે વાપરીને ચારિત્રને ગ્રહણ કર્યું; મન, વચન અને કાયાને અનેક પ્રકારે દમન કરી આત્માર્થ સાધ્યો.

૧૦

નિર્જરાભાવના

દ્વાદશ પ્રકારનાં તપ વડે કર્મ-ઓઘને બાળીને ભસ્મીભૂત કરી નાખીએ, તેનું નામ નિર્જરાભાવના કહેવાય છે. નિર્જરાભાવના પર એક વિપ્ર પુત્રનું દૃષ્ટાંત કહીશું.

કોઈ બ્રાહ્મણે પોતાના પુત્રને દુર્વ્યસની જાણીને પોતાને ઘેરથી કાઢી મૂક્યો. તે ત્યાંથી નીકળી ગયો અને જઈને તેણે ચોરોની મંડળી સાથે સ્નેહસંબંધ જોડયો. તે મંડળીના અગ્રેસરે તેને પરાક્રમી જાણીને પુત્ર કરીને સ્થાપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિપ્રપુત્ર દુષ્ટદમન કરવામાં દઢ-પ્રહારી જણાયો. એ ઉપરથી તેનું ઉપનામ દઢપ્રહારી રાખવામાં આવ્યું. તે દઢપ્રહારી તસ્કરમાં અગ્રેસર થયો. નગર ગામ ભાંગવામાં તે બળવાન છાતીવાળો ઠર્યો. તેણે ઘણાં પ્રાણીઓના પ્રાણ લીધા.

એક વેળા પોતાની ટોળીને લઈને તેણે એક મહાનગર લૂંટ્યું. દઢપ્રહારી એક વિપ્રના ઘરમાં પેઠો હતો. એ વિપ્રને ત્યાં ઘણા પ્રેમભાવથી ક્ષીરભોજન કર્યું હતું. તે ક્ષીરભોજનના વાસણને એ વિપ્રનાં બાળકો વીંટાઈ વળ્યાં હતાં. દઢપ્રહારી તે વાસણને અડકવા ગયો; એટલે બ્રાહ્મણીએ કહ્યું: "એ મૂર્ખના મહારાજા! અભડાવ કાં? અમારે પછી કામ નહિ આવે, એટલું પણ તું સમજતો નથી?"

દઢપ્રહારીને આ વચનથી પ્રચંડ ક્રોધ વ્યાપ્યો અને તેણે તે દીન સ્ત્રીને કાળધર્મ પમાડી. નાહતો નાહતો બ્રાહ્મણ મદદે ધાયો, તેને પણ તેણે મારી નાખ્યો. એટલામાં ઘરમાંથી ગાય દોડતી આવી અને તેણે શીંગડાં વડે દઢપ્રહારીને મારવા માંડ્યો. તે મહાદુષ્ટે તેને પણ કાળને સ્વાધીન કરી. એ ગાયના પેટમાંથી એક વાછરડું નીકળી પડ્યું; તેને તડફડતું દેખી દઢપ્રહારીના મનમાં બહુ બહુ પશ્ચાત્તાપ થયો: 'મને ધિક્કાર છે કે મેં મહા અઘોર હિંસા કરી! મારો એ મહાપાપથી ક્યારે છૂટકો થશે? ખરે! આત્મસાર્થક સાધવામાં જ શ્રેય છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી ઉત્તમ ભાવનાએ તેણે પંચમુષ્ટિ કેશલુંચન કર્યું. નગરની ભાગોળે આવી ઉગ્ર કાયોત્સર્ગે રહ્યા. આખા નગરને પૂર્વે સંતાપરૂપ થયા હતા; એથી લોકોએ તેને બહુ રીતે સંતાપવા માંડ્યા. જતાં-આવતાંનાં ધૂળઢેફાં, પથ્થર, ઇંટાળા અને તરવારની મૂઠ વડે તે અતિ સંતાપ પામ્યા, ત્યાં આગળ લોકસમુદાયે દોઢ મહિના સુધી તેમને હેરાન કર્યાં; પછી લોકો થાક્યા અને તેમને મૂકી દીધા.

દૃઢપ્રહારી ત્યાંથી કાયોત્સર્ગ પાળી બીજી ભાગોળે એવા જ ઉગ્ર કાયોત્સર્ગથી રહ્યા. તે દિશાના લોકોએ પણ એમને એ રીતે પજવ્યા; દોઢ મહિને છંછેડીને મૂકી દીધા. ત્યાંથી કાયોત્સર્ગ પાળી દૃઢપ્રહારી ત્રીજી પોળે રહ્યા. તેઓએ પણ તેમને ખૂબ પજવ્યા. ત્યાંથી દોઢ મહિને મૂકી દીધાથી ચોથી પોળે દોઢ માસ સુધી રહ્યા. ત્યાં અનેક પ્રકારનાં દુઃખને સહન કરીને તે ક્ષમાધર રહ્યા.

છઠ્ઠે માસે અનંત કર્મસમુદાયને બાળી તે કર્મરહિત થયા. સર્વ પ્રકારના મમત્વનો તેમણે ત્યાગ કર્યો. અનુપમ કૈવલ્યજ્ઞાન પામીને તે મુક્તિના અનંત સુખાનંદને પાત્ર થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

માન-શત્રુ

ઋષભદેવજી ભગવાન સર્વસંગપરિત્યાગ કરીને ભરત અને બાહુબળ નામના પોતાના બે પુત્રોને રાજ્ય સોંપી વિહાર કરતા હતા. ભરતેશ્વર ચક્રવર્તી થયો. તેણે પ્રત્યેક રાજ્ય પર પોતાની સત્તા બેસાડી અને છ ખંડની પ્રભુતા મેળવી.

માત્ર બાહુબળે જ એ પ્રભુતા અંગીકાર ન કરી. એથી પરિણામે ભરતેશ્વર અને બાહુબળ વચ્ચે યુદ્ધ મંડાયું. ઘણા વખત સુધી ભરતેશ્વર કે બાહુબળ એ બન્નેમાંથી એકે હઠ્યા નહીં, ત્યારે ક્રોધાવેશમાં આવી જઈ ભરતેશ્વરે બાહુબળ પર ચક્ર મૂક્યું. એક વીર્યથી ઉત્પન્ન થયેલા ભાઈ પર તે ચક્ર પોતાનો પ્રભાવ દાખવી ન શકે, એ નિયમ મુજબ તે ફરીને પાછું ભરતેશ્વરના હાથમાં આવ્યું.

ભરતે ચક્ર મૂકવાથી બાહુબળને બહુ ક્રોધ ચડ્યો. તેણે પોતાના અતિ બળવાન હાથની મુઠ્ઠી ઉગામી. તત્કાળ ત્યાં તેની ભાવનાનું સ્વરૂપ ફર્યું. તે વિચારવા લાગ્યો કે, " હું આ બહુ નિંદનીય કરું છું. આનું પરિણામ કેવું દુઃખદાયક છે! ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવો. મિથ્યા પરસ્પરનો નાશ શા માટે કરવો ? આ મુઠ્ઠી મારવી યોગ્ય નથી; તેમ ઉગામી હવે વાળવી પણ યોગ્ય નથી." એમ કહી તેણે પંચમુષ્ટિ કેશલુંચન કર્યું; અને ત્યાંથી મુનિત્વભાવે તે ચાલી નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાન આદીશ્વર જ્યાં અઠ્ઠાણું દીક્ષિત પુત્રો તેમ જ આર્ય-આર્યા સાથે વિહાર કરતા હતા, ત્યાં જવા બાહુબળે ઇચ્છા કરી. પણ મનમાં માન આવ્યું કે, 'ત્યાં હું જઈશ તો મારાથી નાના અઠ્ઠાણું ભાઈઓને વંદન કરવું પડશે ! તેથી ત્યાં જવું યોગ્ય નથી.'

પછી વનમાં તે એકાગ્ર ધ્યાને રહ્યો. હળવે હળવે બાર માસ થઈ ગયા. મહાતપથી કાયા હાડકાંનો માળો થઈ ગઈ. તે સૂકા ઝાડ જેવો દેખાવા લાગ્યો. પરંતુ જ્યાં સુધી માનનો અંકુર તેના અંતઃકરણથી ખસ્યો નહોતો, ત્યાં સુધી તે સિદ્ધિ ન પામ્યો !

છેવટે બ્રાહ્મી અને સુન્દરીએ આવીને તેને ઉપદેશ કર્યો : "આર્યવીર ! હવે મદોન્મત્ત હાથી પરથી ઊતરો. એનાથી તો બહુ શોષ્યું."

તેઓનાં આ વચનોથી બાહુબળ વિચારમાં પડ્યો. વિચારતાં વિચારતાં તેને ભાન થયું કે, "આ કથન સત્ય છે. હું માનરૂપી મદોન્મત્ત હાથી પરથી હજુ ક્યાં ઊતર્યો છું? હવે એથી ઊતરવું એ જ મંગળકારક છે." એમ કહીને તેણે વંદન કરવાને માટે પગલું ભર્યું કે તે અનુપમ દિવ્ય સિદ્ધિને પામ્યો.

વાંચનાર, જુઓ માન એ કેવી દુરિત વસ્તુ છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા

મહાવીર ભગવંતના સમયમાં દ્વાદશ વ્રતને વિમળ ભાવથી ધારણ કરનાર, વિવેકી અને નિર્ગ્રંથ–સાધુનાં વચનોમાં પ્રીતિ રાખનાર કામદેવ નામનો એક શ્રાવક તેઓનો શિષ્ય થયો.

સુધર્માસભામાં ઇંદ્રે એક વેળા કામદેવ શ્રાવકની ધર્મ-અચળતાની પ્રશંસા કરી. એવામાં ત્યાં એક બુદ્ધિવાન દેવ બેઠો હતો; તે બોલ્યો: "એ તો સમજાયું! 'નારી ન મળે ત્યાં સુધી બ્રહ્મચારી, તેમ જ જ્યાં સુધી ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે આપત્તિઓ વેઠવી પડી ન હોય, ત્યાં સુધી બધાય સહનશીલ અને ધર્મદૃઢ.' આ મારી વાત હું તેને ચળાવી આપીને સત્ય કરી દેખાડું."

કામદેવ શ્રાવક તે વેળા આત્મધ્યાનમાં લીન હતો. પેલા દેવતાએ હાથીનું રૂપ લીધું; અને પછી કામદેવને ખૂબ ગૂંદ્યો; તોપણ તે અચળ રહ્યો. એટલે મુશળ જેવું અંગ કરીને કાળા વર્ણનો સર્પ થઈને ભયંકર ફૂંકાર કર્યા; તોય કામદેવ શ્રાવક લેશ પણ ચળ્યો નહીં. પછી અટ્ટહાસ્ય કરતા રાક્ષસનો દેહ ધારણ કરીને અનેક પ્રકારની આપત્તિ વરસાવી; તોપણ તે આત્મધ્યાનમાંથી ચળ્યો નહીં. સિંહ વગેરેનાં અનેક ભયંકર રૂપ કર્યાં; તોપણ કામદેવ શ્રાવકે લેશ માત્ર ન્યૂનતા બતાવી નહીં. એમ રાત્રીના ચાર પહોર દેવતાએ કર્યા કર્યું; પણ તે પોતાની ધારણામાં ફાવ્યો નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામદેવ શ્રાવકની અદ્‌ભુત નિશ્ચલતા જોઈને તે દેવતાએ તેને વિનય ભાવથી પ્રણામ કરી પોતાના દોષની ક્ષમા યાચી. પછી તે દેવતા સ્વસ્થાનકે ગયો.

કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા આપણને શો બોધ કરે છે તે કહ્યા વગર પણ સમજાયું હશે. એમાંથી એ બોધ લેવાનો છે કે સત્યધર્મ અને સત્યપ્રતિજ્ઞામાં દૃઢ રહેવું. કાયોત્સર્ગ, આત્મધ્યાન ઇત્યાદિક જે ધ્યાન ધરવાનાં છે તે જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને દૃઢતાથી કરવાં. ચળવિચળ ભાવથી કાયોત્સર્ગ બહુ દોષયુક્ત થાય છે. પાઈ જેવા દ્રવ્યલાભ માટે ધર્મશાખ કાઢનારની ધર્મમાં દૃઢતા ક્યાંથી રહી? અને રહી શકે તો કેવી રહે? એ વિચારતાં ખેદ થાય છે!

૧૩

સત્ય

સામાન્ય કથનમાં પણ કહેવાય છે કે, સત્ય એ આ સૃષ્ટિનું ધારણ છે; અથવા સત્યના આધારે આ સૃષ્ટિ રહી છે. એ કથનમાંથી એવી શિક્ષા મળે છે કે, ધર્મ, નીતિ, રાજ્ય અને વ્યવહાર એ સત્ય વડે ચાલી રહ્યાં છે; અને એ ચાર ન હોય તો જગતનું રૂપ કેવું ભયંકર હોય? એ કારણે સત્ય એ સૃષ્ટિનું ધારણ છે એમ કહેવું એ કંઈ અતિશયોક્તિ જેવું કે નહીં માનવા જેવું નથી.

વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું તે માટે એની કથા અહીં હું કહું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસુરાજા, નારદ અને પર્વત એ ત્રણે એક ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા હતા. પર્વત એ ગુરુનો પુત્ર હતો. ગુરુએ કાળ કર્યો. એથી પર્વત તેની મા સાથે વસુરાજાના દરબારમાં આવી રહ્યો હતો.

એક રાત્રે તેની મા પાસે બેઠી છે અને પર્વત તથા નારદ શાસ્ત્રાભ્યાસ કરે છે. એમાં એક વચન પર્વત એવું બોલ્યો કે, 'अजा होतव्यम् ।' ત્યારે નારદ બોલ્યો: "અજ એટલે શું, પર્વત?"

પર્વતે કહ્યું: "અજ એટલે બોકડો."

નારદ બોલ્યો: "આપણ ત્રણે જણ તારા પિતા કને ભણતા હતા, ત્યારે તારા પિતાએ તો આ વાક્યના અનુસંધાનમાં 'અજ' એટલે 'વ્રીહિ'–ચોખા એવો અર્થ કર્યો હતો; અને તું અવળું શા માટે કહે છે?"

એમ પરસ્પર વાદવિવાદ વધ્યો. ત્યારે પર્વતે કહ્યું: "આપણને વસુરાજા જે કહે તે ખરું."

એ વાતની નારદે પણ હા કહી અને જીતે તેને માટે અમુક શરત કરી.

પર્વતની મા જે પાસે બેઠી હતી તેણે આ સાંભળ્યું. 'અજ' એટલે 'ચોખા', એમ તેને પણ યાદ હતું. શરતમાં પોતાનો પુત્ર હારશે એવા ભયથી પર્વતની મા વસુરાજા પાસે ગઈ અને તેણે પૂછ્યું: "રાજા! 'અજ' એટલે શું?"

વસુરાજાએ સંબંધપૂર્વક કહ્યું: "અજ એટલે ચોખા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પર્વતની માએ રાજાને કહ્યું: "મારા પુત્રથી 'બોકડો' કહેવાયો છે. માટે તમારે તેનો પક્ષ કરવો પડશે. તમને પૂછવા માટે તેઓ આવશે."

વસુરાજા બોલ્યો: "હું અસત્ય કેમ કહું? મારાથી એ બની શકે નહીં."

પર્વતની માએ કહ્યું: "પણ જો તમે મારા પુત્રનો પક્ષ નહીં કરો, તો તમને હું હત્યા આપીશ."

રાજા વિચારમાં પડી ગયો કે, 'સત્ય વડે હું મણિમય સિંહાસન પર અધ્ધર બેસું છું; લોકસમુદાયને ન્યાય આપું છું. લોક પણ એમ જાણે છે કે, રાજા સત્યગુણના પ્રભાવે સિંહાસન પર અધ્ધર બેસે છે. હવે કેમ કરવું? જો પર્વતનો પક્ષ ન કરું તો છેવટે બ્રાહ્મણી મરે છે; એ વળી મારા ગુરુની સ્ત્રી છે.' રાજાએ છેવટે બ્રાહ્મણીને કહ્યું: "તમે ભલે જાઓ. હું પર્વતનો પક્ષ કરીશ."

આવો નિશ્ચય કરાવીને પર્વતની મા ઘેર આવી.

પ્રભાતે નારદ, પર્વત અને તેની મા વિવાદ કરતાં રાજા પાસે આવ્યાં. રાજા અજાણ થઈ પૂછવા લાગ્યો કે, "પર્વત, શું છે?"

પર્વતે કહ્યું: "રાજાધિરાજ! 'અજ' એટલે શું? તે કહો."

રાજાએ નારદને પૂછ્યું: "તમે શું કહો છો?"

નારદે કહ્યું: "અજ એટલે 'ચોખા'. તમને એ ક્યાં નથી સાંભરતું?"

વસુરાજા બોલ્યો: "અજ એટલે 'બોકડો', પણ 'ચોખા' નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ વેળા દેવતાએ વસુરાજાને સિંહાસનથી ઉછાળી હેઠો નાખ્યો; વસુ તરત જ અવસાન પામ્યો.

આ ઉપરથી આપણે સઘળાએ સત્ય, તેમ જ રાજાએ ન્યાયમાં અપક્ષપાત અને સત્ય બંને એ ગ્રહણ કરવા યોગ્ય છે.

૧૪

પરિગ્રહનું પરિણામ

જે પ્રાણીને પરિગ્રહની મર્યાદા નથી, તે પ્રાણી સુખી નથી. તેને જે મળ્યું તે ઓછું છે; કારણ જેટલું મળતું જાય તેટલાથી વિશેષ પ્રાપ્ત કરવા તેની ઇચ્છા થાય છે. પરિગ્રહની પ્રબળતામાં જે કંઈ મળ્યું હોય તેનું સુખ તો ભોગાવાતું નથી; પરંતુ હોય તે પણ વખતે જાય છે.

પરિગ્રહથી ચળવિચળ પરિણામ અને પાપભાવના રહે છે; અકસ્માત્ યોગથી એવી પાપભાવનામાં આયુષ્ય પૂર્ણ થાય, તો બહુધા અધોગતિનું કારણ થઈ પડે.

કેવળ પરિગ્રહ તો મુનીશ્વરો ત્યાગી શકે; પણ ગૃહસ્થો એની અમુક મર્યાદા આંકી શકે. મર્યાદા આંકવાથી વધારે પડતા પરિગ્રહની ઉત્પત્તિ થતી નથી; અને એથી કરીને વિશેષ ઇચ્છા પણ બહુધા થતી નથી; અને વળી જે મળ્યું છે તેમાં સંતોષ રાખવાની વૃત્તિ પેદા થાય છે. એથી સુખમાં કાળ જાય છે. કોણ જાણે લક્ષ્મી આદિકમાં કેવીયે વિચિત્રતા રહી છે કે જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધિ વધતી જાય છે. ધર્મ સંબંધી કેટલુંક જ્ઞાન છતાં, ધર્મની દૃઢતા છતાં પણ પરિગ્રહના પાશમાં પડેલો પુરુષ કોઈક જ છૂટી શકે છે; વૃત્તિ એમાં જ લટકી રહે છે. પરંતુ એ વૃત્તિ કોઈ કાળે સુખદાયક કે આત્મહિતૈષી થતી નથી. જેણે એની ટૂંકી મર્યાદા કરી નહીં તે બહોળા દુઃખના ભોગી થયા છે.

છ ખંડ જીતનાર અને આજ્ઞા મનાવનાર રાજાધિરાજ ચક્રવર્તી કહેવાય છે. એ સમર્થ ચક્રવર્તીમાં સુભૂમ નામે એક ચક્રવર્તી થઈ ગયો છે. એણે છ ખંડ જીતી લીધા, એટલે તે ચક્રવર્તી મનાયો.

પણ એટલેથી એની મનોવાંછા તૃપ્ત ન થઈ. હજુ તે તરસ્યો રહ્યો. એટલે બીજા છ ખંડ સાધવા એણે નિશ્ચય કર્યો. 'બધા ચક્રવર્તી છ ખંડ સાધે છે; અને હું પણ એટલા જ સાધું, તેમાં મહત્તા શાની? બાર ખંડ સાધવાથી ચિરકાળ હું નામાંકિત થઈશ; મારી સમર્થ આજ્ઞા જીવનપર્યંત એ ખંડો પર મનાવી શકીશ.' એવા વિચારથી સમુદ્રમાં ચર્મરત્ન[૧] મૂક્યું. તે ઉપર સૈન્ય વગેરેનો આધાર રહ્યો હતો.

ચર્મરત્નના હજાર દેવતા સેવક કહેવાય છે. તેમાં પ્રથમ એકે વિચાર્યું કે, 'કોણ જાણે કેટલાંય વર્ષે આમાંથી છૂટકો થશે! માટે દેવાંગનાને તો મળી આવું.' એમ ધારી તે ચાલ્યો ગયો.

---

૧. ચક્રવર્તીનું એક રત્ન, જેને પાણીમાં પાથરવાથી જમીનની પેઠે તેના ઉપર રહી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બીજો ગયો; ત્રીજો ગયો; અને એમ કરતાં કરતાં હજારે ચાલ્યા ગયા. ત્યારે ચર્મરત્ન બૂડ્યું; અશ્વ, ગજ અને સૈન્ય સહિત સુભૂમ નામનો તે ચક્રવર્તી પણ બૂડ્યો.

જુઓ; છ ખંડનું આધિપત્ય તો ભોગવવું રહ્યું; પરંતુ અકસ્માત્ અને ભયંકર રીતે પરિગ્રહની પ્રીતિથી એ ચક્રવર્તીનું મૃત્યુ થયું. તો પછી બીજા માટે તો કહેવું જ શું? પરિગ્રહ એ પાપનું મૂળ છે, પાપનો પિતા છે. એ માટે થઈને આત્મહિતૈષીએ જેમ બને તેમ તેનો ત્યાગ કરી મર્યાદાપૂર્વક વર્તન કરવું.

૧૫

જીવ-રક્ષા

મગધ દેશની રાજગૃહી નગરીનો અધિરાજા શ્રેણિક એક વખતે સભા ભરીને બેઠો હતો. પ્રસંગોપાત્ત વાત-ચીતમાં માંસલુબ્ધ સામંતો હતા તે બોલ્યા કે, "હમણાં માંસની વિશેષ સસ્તાઈ છે."

આ વાત અભયકુમાર નામના પ્રધાને સાંભળી. એ ઉપરથી એ હિંસક સામંતોને બોધ દેવાનો તેણે નિશ્ચય કર્યો.

સાંજે સભા વિસર્જન થઈ. રાજા અંતઃપુરમાં ગયા. ત્યાર પછી જેણે જેણે માંસની વાત ઉચ્ચારી હતી, તેને તેને ઘેર અભયકુમાર ગયો. જેને ઘેર જાય ત્યાં સત્કાર કર્યા પછી પ્રધાનને પૂછવામાં આવતું કે, "આપ શા માટે પરિશ્રમ લઈ અમારે ઘેર પધાર્યા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભયકુમાર જવાબમાં કહેતો : "મહારાજા શ્રેણિકને અકસ્માત્ મહા રોગ ઉત્પન્ન થયો છે. વૈદ્ય ભેળા કરવાથી તેમણે કહ્યું કે, કોમળ મનુષ્યના કાળજાનું સવા ટાંકભાર માંસ હોય તો આ રોગ મટે. તમે રાજાના પ્રિયમાન્ય છો. માટે તમારે ત્યાં એ માંસ લેવા આવ્યો છું."

સામંત વિચારતો કે, 'કાળજાનું માંસ હું મૂઆ વિના શી રીતે આપી શકું?' એથી અભયકુમારને તે પૂછતો : "મહારાજ, એ તો કેમ થઈ શકે?" એમ કહી પછી અભયકુમારને કેટલુંક દ્રવ્ય પોતાની વાત રાજા આગળ નહીં કહેવા બદલ તે આપતો. અભયકુમાર પણ તે લેતો ગયો. એમ સઘળા સામંતોને ઘેર અભયકુમાર ફરી આવ્યા. સઘળા માંસ ન આપી શકયા; અને પોતાની વાત છુપાવવા તેમણે દ્રવ્ય આપ્યું.

પછી બીજે દિવસે જ્યારે સભા ભેળી થઈ, ત્યારે સઘળા સામંતો પોતાને આસને આવીને બેસવા લાગ્યા. રાજા પણ સિંહાસન પર બિરાજ્યા હતા. સામંતો આવી આવીને ગઈ કાલનું કુશળ પૂછવા લાગ્યા.

રાજા એ વાતથી વિસ્મિત થયો. તેણે અભયકુમાર તરફ જોયું, એટલે અભયકુમાર બોલ્યો : "મહારાજ, કાલે આપના સામંતો સભામાં બોલ્યા હતા કે, હમણાં માંસ સસ્તું મળે છે. તેથી હું તેઓને ત્યાં ગયો હતો; ત્યારે સઘળાએ મને દ્રવ્ય આપ્યું, પરંતુ કાળજાનું સવા ટાંકભાર માંસ ન આપ્યું! તો પછી એ માંસ સસ્તું કે મોંઘું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા સામંતો સાંભળીને શરમથી નીચું જોઈ રહ્યા. કોઈથી કંઈ બોલી શકાયું નહીં.

પછી અભયકુમારે કહ્યું: "આ કંઈ મેં તમને દુઃખ આપવા કર્યું નથી, પરંતુ બોધ આપવા કર્યું છે. આપણને આપણા શરીરનું માંસ આપવું પડે, તો અનંત ભય થાય છે. કારણ આપણો દેહ આપણને પ્રિય છે; તેમ જે જીવનું તે માંસ હશે તેનો પણ જીવ તેને વહાલો હશે. જેમ આપણે અમૂલ્ય વસ્તુઓ આપીને પણ પોતાનો દેહ બચાવીએ છીએ, તેમ તે બિચારાં પામર પ્રાણીઓને પણ હોવું જોઈએ. આપણે સમજવાળાં, બોલતાં ચાલતાં પ્રાણી છીએ; તે બિચારાં અવાચક અને અણસમજણવાળાં છે. તેમને મોતરૂપ દુઃખ આપીએ તે કેવું પાપનું પ્રબળ કારણ છે? આપણે આ વચન નિરંતર લક્ષમાં રાખવું કે, સર્વ પ્રાણીને પોતાનો જીવ વહાલો છે; અને સર્વ જીવની રક્ષા કરવી એના જેવો એકકે ધર્મ નથી."

અભયકુમારનાં બોધવચનથી શ્રેણિક મહારાજા સંતોષાયો; સઘળા સામંતો પણ બોધ પામ્યા. તેઓએ તે દિવસથી માંસ ન ખાવાની પ્રતિજ્ઞા કરી; કારણ એક તો તે અભક્ષ્ય છે, અને કોઈ જીવ હણાયા વિના તે આવતું નથી એ મોટો અધર્મ છે. માટે અભયકુમાર પ્રધાનનું કથન સાંભળીને તેઓએ સર્વ જીવોની રક્ષા કરવા તરફ લક્ષ આપ્યું; જે આત્માના પરમ સુખનું કારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

વિનય

રાજગૃહી નગરીના રાજ્યાસન પર જ્યારે શ્રેણિક રાજા વિરાજમાન હતો, ત્યારે તે નગરીમાં એક ચંડાળ રહેતો હતો. એક વખતે ચંડાળની સ્ત્રીને ગર્ભ રહ્યો, ત્યારે તેને કેરી ખાવાની ઇચ્છા થઈ. તેણે એ લાવી આપવા ચંડાળને કહ્યું.

ચંડાળે કહ્યું: "આ કેરીનો વખત નથી. એટલે મારો ઉપાય નથી. નહીં તો હું ગમે તેટલે ઊંચે હોય ત્યાંથી મારી વિદ્યાના બળ વડે કેરી લાવી આપીને ઇચ્છા પૂરી કરત."

ચંડાળણીએ કહ્યું: "રાજાની મહારાણીના બાગમાં એક અકાળે કેરી દેનાર આંબો છે. તે પર અત્યારે કેરીઓ લચી રહી હશે. માટે ત્યાં જઈને એ કેરી લાવો."

પોતાની સ્ત્રીની ઇચ્છા પૂરી પાડવા ચંડાળ તે બાગમાં ગયો. તેણે ગુપ્ત રીતે આંબા નજીક જઈ મંત્ર ભણીને એને નમાવ્યો અને કેરી લીધી. બીજા મંત્ર વડે તેને હતો તેમ કરી દીધો. પછી તે ઘેર આવ્યો. અને તેની સ્ત્રીની ઇચ્છા માટે દરરોજ તે ચંડાળ વિદ્યાબળે ત્યાંથી કેરી લાવવા લાગ્યો.

એક દિવસે ફરતાં ફરતાં માળીની દૃષ્ટિ આંબા ભણી ગઈ. કેરીઓની ચોરી થયેલી જોઈને તેણે જઈને શ્રેણિક રાજા આગળ નમ્રતાપૂર્વક કહ્યું. શ્રેણિકની આજ્ઞાથી અભયકુમાર નામના બુદ્ધિશાળી પ્રધાને યુક્તિ વડે તે ચંડાળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધી કાઢચો. પ્રધાને તેને પોતાની આગળ તેડાવી પૂછ્યું: "આટલાં બધાં માણસો બાગમાં રહે છે છતાં તું કેવી રીતે ચઢીને એ કેરી લઈ ગયો કે જે વાત કળવામાં પણ ન આવી? એ તું મને કહે."

ચંડાળે કહ્યું: "આપ મારો અપરાધ ક્ષમા કરજો. હું સાચું બોલી જાઉં છું કે, મારી પાસે એક વિદ્યા છે તેના યોગથી હું એ કેરીઓ લઈ શકચો."

અભયકુમારે કહ્યું: "મારાથી ક્ષમા ન થઈ શકે. પરંતુ મહારાજા શ્રેણિકને એ વિદ્યા તું આપ, તો તેઓને એવી વિદ્યા લેવાનો અભિલાષ હોવાથી રાજાને એ વિદ્યા શીખવવાના તારા એ ઉપકારના બદલામાં હું તારો અપરાધ ક્ષમા કરાવી શકું."

ચંડાળે એમ કરવાની હા કહી. પછી અભયકુમારે ચંડાળને શ્રેણિક રાજા જ્યાં સિંહાસન પર બેઠો હતો ત્યાં લાવીને સામો ઊભો રાખ્યો અને સઘળી વાત રાજાને કહી બતાવી.

એ વાતની રાજાએ હા કહી. ચંડાળે પછી સામા ઊભા રહી થરથરતે પગે શ્રેણિકને તે વિદ્યાનો બોધ આપવા માંડચો. પણ તે બોધ એને લાગ્યો નહીં!

ઝડપથી ઊભા થઈને અભયકુમાર નમ્રતાથી બોલ્યા: "મહારાજ, આપને જો વિદ્યા અવશ્ય શીખવી હોય, તો એની સામા આવી ઊભા રહો; અને એને સિંહાસન આપો."

રાજાએ વિદ્યા લેવા ખાતર એમ કર્યું તો તત્કાળ વિદ્યા સાધ્ય થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત માત્ર બોધ લેવા માટે છે. એક ચંડાળને પણ વિનય કર્યા વગર શ્રેણિક જેવા રાજાને વિદ્યા સિદ્ધ ન થઈ. માટે તેમાંથી બોધ એ ગ્રહણ કરવાનો છે કે, સદ્-વિદ્યાને સાધ્ય કરવા વિનય કરવો. આત્મવિદ્યા પામવા મુક્ત ગુરુનો જો વિનય કરીએ તો કેવું મંગળદાયક થાય!

વિનય એ ઉત્તમ વશીકરણ છે. 'ઉત્તરાધ્યયન'માં ભગવાને વિનયને ધર્મનું મૂળ કહી વર્ણવ્યો છે. ગુરુનો, મુનિનો, વિદ્વાનનો, માતાપિતાનો અને પોતાનાથી વડાનો વિનય કરવો, એ આપણી ઉત્તમતાનું કારણ છે.

૧૭

સુદર્શન શેઠ

પ્રાચીન કાળમાં શુદ્ધ એકપત્નીવ્રતને પાળનારા અસંખ્ય પુરુષો થઈ ગયા છે; એમાં સંકટ સહી નામાંકિત થયેલો સુદર્શન નામનો એક સત્પુરુષ પણ થઈ ગયો છે. એ ધનાઢ્ય, સુંદર મુખમુદ્રાવાળો, કાંતિમાન અને મધ્ય વયમાં હતો. એક વાર જે નગરમાં તે રહેતો હતો, તે નગરના રાજ્યદરબાર આગળથી કંઈ કામ પ્રસંગને લીધે તેને નીકળવું પડ્યું.

એ જ્યારે ત્યાંથી નીકળ્યો, ત્યારે રાજાની અભયા નામની રાણી પોતાના આવાસના ગોખમાં બેઠી હતી. ત્યાંથી સુદર્શન ભણી તેની દૃષ્ટિ ગઈ. તેનું ઉત્તમ રૂપ અને કાયા જોઈને તેનું મન લલચાયું. એક દાસીને મોકલીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપટભાવથી નિર્મળ કારણ બતાવીને તેણે સુદર્શનને ઉપર બોલાવ્યો.

કેટલાક પ્રકારની વાતચીત કર્યાં પછી અભયાએ સુદર્શનને ભોગ ભોગવવા સંબંધીનું આમંત્રણ કર્યું. સુદર્શને કેટલોક ઉપદેશ આપ્યો, તોપણ તેનું મન શાંત થયું નહીં. છેવટે કંટાળીને સુદર્શને યુક્તિથી કહ્યું: "બહેન, હું પુરુષત્વમાં નથી!" તોપણ રાણીએ અનેક પ્રકારના હાવ-ભાવ કર્યાં. એ સઘળી કામચેષ્ટાથી સુદર્શન ચળ્યો નહીં; એથી કંટાળી જઈને રાણીએ તેને જતો કર્યો.

એક વાર એ નગરમાં ઉજાણી હતી. તેથી નગર બહાર નગરજનો આનંદથી આમતેમ ભમતા હતા. ધામધૂમ મચી રહી હતી. સુદર્શન શેઠના છ દેવકુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા હતા. અભયા રાણી કપિલા નામની દાસી સાથે ઠાઠમાઠથી ત્યાં આવી હતી. સુદર્શનના દેવકુમાર જેવા છ પુત્રો તેના જોવામાં આવ્યા. કપિલાને તેણે પૂછ્યું: "આવા સુંદર પુત્રો કોના છે?"

કપિલાએ સુદર્શન શેઠનું નામ આપ્યું.

એ નામ સાંભળીને રાણીની છાતીમાં કટાર ભોંકાઈ; તેને કારી ઘા વાગ્યો.

સઘળી ધામધૂમ વીતી ગયા પછી તરકટ ગોઠવીને અભયાએ અને તેની દાસીએ મળી રાજાને કહ્યું: "તમે માનતા હશો કે, મારા રાજ્યમાં ન્યાય અને નીતિ વર્તે છે; દુર્જનોથી મારી પ્રજા દુઃખી નથી. પરંતુ તે સઘળું મિથ્યા છે. અંતઃપુરમાં પણ દુર્જનો પ્રવેશ કરે ત્યાં સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ અંધેર છે! તો પછી બીજાં સ્થળ માટે પૂછવું પણ શું? તમારા નગરના સુદર્શન નામના શેઠે મારી કને ભોગનું આમંત્રણ કર્યું; નહીં કહેવાયોગ્ય વચનો મારે સાંભળવાં પડ્યાં. પણ મેં તેનો તિરસ્કાર કર્યો. એથી વિશેષ અંધારું કયું કહેવાય!"

રાજા મૂળે કાનના કાચા હોય છે, એ તો જાણે સર્વમાન્ય છે. તેમાં વળી સ્ત્રીનાં માયાવી મધુરાં વચન શી અસર ન કરે? તાતા તેલમાં ટાઢા જળ જેવાં વચનથી રાજા ક્રોધાયમાન થયો. સુદર્શનને શૂળીએ ચઢાવી દેવાની તત્કાળ તેણે આજ્ઞા કરી દીધી. અને તે પ્રમાણે થઈ પણ ગયું. માત્ર શૂળીએ સુદર્શન ચડે એટલી જ વાર હતી.

ગમે તેમ હો; પણ સૃષ્ટિના દિવ્ય ભંડારમાં અજવાળું છે. સત્યનો પ્રભાવ ઢાંક્યો રહેતો નથી. સુદર્શનને શૂળીએ ચડાવ્યો કે શૂળી ફીટીને તેનું ઝળઝળતું સોનાનું સિંહાસન થયું; અને દેવદુંદુભિના નાદ થયા. સર્વત્ર આનંદ વ્યાપી ગયો. સુદર્શનનું સત્યશીલ વિશ્વમંડળમાં ઝળકી ઊઠ્યું. સત્યશીલનો સદા જય છે. શીલ અને સુદર્શનની ઉત્તમ દૃઢતા એ બંને આત્માને પવિત્ર શ્રેણીએ ચઢાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

ક્ષમાભાવ

ક્ષમા એ આંતરશત્રુને જીતવા માટે ખડ્ગરૂપ છે; પવિત્ર આચારની રક્ષા કરવા માટે બખ્તરરૂપ છે. શુદ્ધ ભાવે અસહ્ય દુઃખમાં ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે.

કૃષ્ણ વાસુદેવના ગજસુકુમાર નામના નાના ભાઈ મહાસુરૂપવાન તથા સુકુમાર હતા. તે માત્ર બાર વર્ષની વયે ભગવાન નેમિનાથની પાસે સંસારત્યાગી થઈ, ઉગ્ર ધ્યાન કરતા હતા. ત્યારે તેઓ એક અદ્ભુત ક્ષમામય ચરિત્ર બતાવી મહાસિદ્ધિને પામી ગયા, તેની વાત અહીં કહું છું.

સોમલ નામના બ્રાહ્મણની સ્વરૂપવતી પુત્રી વેરે ગજસુકુમારનું સગપણ કર્યું હતું. પરંતુ લગ્ન થયા પહેલાં ગજસુકુમાર તો સંસાર-ત્યાગી થયા. આથી પોતાની પુત્રીનું સુખ જવાના દ્વેષથી તે સોમલ બ્રાહ્મણને ભયંકર ક્રોધ વ્યાપ્યો.

ગજસુકુમારની શોધ કરતો કરતો તે જ્યાં મહામુનિ ગજસુકુમાર એકાગ્ર વિશુદ્ધભાવથી ધ્યાનમગ્ન બેઠા હતા, ત્યાં આવી પહોંચ્યો. તેણે કોમળ ગજસુકુમારના માથા પર ચીકણી માટીની વાડ કરી અને અંદર ધખધખતા અંગારા ભર્યાં; ઇંધન પૂર્યું, એટલે મહાતાપ થયો.

એથી ગજસુકુમારનો દેહ બળવા માંડ્યો. પછી તે સોમલ જતો રહ્યો.

એ વેળા ગજસુકુમારના અસહ્ય દુઃખનું કહેવું પણ શું હોય? પરંતુ ત્યારે તે શાંત સ્વસ્થ રહ્યા. કિંચિત્ ક્રોધ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વેષ એમના હૃદયમાં જન્મ પામ્યો નહીં. પોતાના આત્માને સ્થિતિસ્થાપક કરીને તેમણે બોધ દીધો કે, 'જો તું એની પુત્રીને પરણ્યો હોત, તો કન્યાદાનમાં એ તને પાઘડી આપત. એ પાઘડી થોડા વખતમાં ફાટી જાય તેવી અને પરિણામે દુઃખદાયક થાત. આ એનો બહુ ઉપકાર થયો કે, એવી પાઘડીને બદલે તને એણે મોક્ષની પાઘડી બાંધી આપી."

એવા વિશુદ્ધ વિચારથી અડગ રહી, સમભાવથી તે અસહ્ય વેદના સહીને અનંત જીવનસુખને પામ્યા. કેવી અનુપમ ક્ષમા અને કેવું તેનું સુંદર પરિણામ! તત્ત્વજ્ઞાનીઓનાં વચન છે કે, આત્મા માત્ર મૂળ સદ્‌ભાવમાં આવવો જોઈએ; અને તે આવ્યો તો મોક્ષ હથેળીમાં જ છે.

૧૯

અનુરાગ

શ્રમણ ભગવાન મહાવીરના અગ્રેસર શિષ્ય ગૌતમનું નામ જાણીતું છે. ગૌતમસ્વામીના બોધેલા કેટલાક શિષ્યો કેવળજ્ઞાન પામ્યા, છતાં ગૌતમ પોતે કેવળજ્ઞાન પામતા નહોતા! કારણ, ભગવાન મહાવીરનાં અંગોપાંગ, વર્ણ, વાણી, રૂપ ઇત્યાદિ પર હજુ ગૌતમને આસક્તિ હતી.

સાધુજીવનનો નિષ્પક્ષપાતી ન્યાય એવો છે કે, ગમે તે વસ્તુ પરનો રાગ દુઃખદાયક છે. રાગ એ મોહિની છે અને મોહિની એ સંસાર જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમના હૃદયથી એ રાગ જ્યાં સુધી ખસ્યો નહીં, ત્યાં સુધી તેઓ ખેદ પામ્યા. છેવટે પોતા પ્રત્યેનો ગૌતમનો રાગ દૂર કરવા ભગવાન મહાવીરે તેમને પોતાના નિર્વાણની રાત્રીએ આગલે દિવસે નજીકના ગામમાં એક બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલી દીધા. પછી પાછલી રાતે ભગવાન નિર્વાણ પામ્યા. પાછા ફરતાં એ સમાચાર જાણી ગૌતમ મહાશોકમાં મગ્ન થઈ ગયા. વિરહથી તેઓ બોલ્યા: "હે મહાવીર! તમે મને સાથે તો ન લીધો; પરંતુ સંભાર્યોય નહીં! મારી પ્રીતિ સામે તમે દૃષ્ટિ પણ કરી નહીં! આમ તમને છાજતું નહોતું."

એવા તરંગો કરતાં કરતાં તેમનું લક્ષ ફર્યું ને તે વીતરાગ દશાએ ચડ્યા: 'હું મૂર્ખતા કરું છું! એ વીતરાગ નિર્વિકારી ભગવાન મારામાં કેમ મોહિની રાખે? એમની શત્રુ અને મિત્ર પર કેવળ સમાન દૃષ્ટિ હતી. હું એમનો મિથ્યા મોહ રાખું છું. મોહ સંસારનું પ્રબળ કારણ છે." એમ વિચારતાં વિચારતાં તેઓ શોક તજીને રાગરહિત થયા. એટલે તેમને અનંતજ્ઞાન પ્રકાશિત થયું.

ગૌતમમુનિનો રાગ આપણને બહુ સૂક્ષ્મ બોધ આપે છે. ભગવાન પરનો મોહ ગૌતમ જેવા ગણધરને પણ દુઃખદાયક થયો; તો પછી સંસારનો, તે વળી પામર આત્માઓનો મોહ કેવું અનંત દુઃખ આપતો હશે! સંસારરૂપી ગાડીને રાગ-દ્વેષ રૂપી બે બળદ છે. એ ન હોય તો સંસાર નથી. જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ નથી, આ માન્ય સિદ્ધાંત છે. રાગ તીવ્ર કર્મબંધનનું કારણ છે; એના ક્ષયથી આત્મસિદ્ધિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપિલમુનિ

કૌશાંબી નામની એક નગરી હતી. ત્યાંના રાજદરબારમાં રાજ્યના આભૂષણરૂપ કાશ્યપ નામનો એક શાસ્ત્રી રહેતો હતો. એની સ્ત્રીનું નામ શ્રીદેવી હતું. તેના ઉદરથી કપિલ નામનો એક પુત્ર જન્મ્યો હતો. તે પંદર વર્ષનો થયો, ત્યારે તેના પિતા પરધામ ગયા.

કપિલ લાડમાં ઊછરેલો હોવાથી વિશેષ વિદ્વત્તા પામ્યો નહોતો. તેથી તેના પિતાની જગ્યા કોઈ બીજા વિદ્વાનને મળી. કાશ્યપ શાસ્ત્રી જે પૂંજી કમાઈ ગયા હતા, તે કપિલે ખાઈને પૂરી કરી.

શ્રીદેવી એક દિવસ ઘરના બારણામાં ઊભી હતી; ત્યાં બે ચાર નોકરો સહિત પોતાના પતિની શાસ્ત્રીય પદવી પામેલો વિદ્વાન જતો તેના જોવામાં આવ્યો. ઘણા માનથી જતા આ શાસ્ત્રીને જોઈને શ્રીદેવીને પોતાની પહેલાંની સ્થિતિનું સ્મરણ થઈ આવ્યું: 'જ્યારે મારા પતિ આ પદવી પર હતા, ત્યારે હું કેવું સુખ ભોગવતી હતી! એ મારું સુખ તો ગયું; કારણ, મારો પુત્ર પૂરું ભણ્યોયે નહીં!' એમ વિચાર કરતાં એની આંખમાંથી દડ દડ આંસુ ખરવા મંડ્યાં.

એવામાં કપિલ ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. શ્રીદેવીને રડતી જોઈને એણે તેનું કારણ પૂછ્યું. કપિલના બહુ આગ્રહથી શ્રીદેવીએ જે હતું તે કહી બતાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કપિલ બોલ્યો: "જો મા! હું બુદ્ધિશાળી છું; પરંતુ મારી બુદ્ધિનો ઉપયોગ જોઈએ તેવો થઈ શક્યો નથી. એટલે વિદ્યા વગર હું એ પદવી પામ્યો નહીં. તું કહે ત્યાં જઈને હવે હું મારાથી બનતી વિદ્યા પ્રાપ્ત કરું."

શ્રીદેવીએ ખેદ સાથે કહ્યું: "એ તારાથી બની શકે નહીં! તોયે તારે જવું જ હોય તો શ્રાવસ્તી નગરીમાં ઇંદ્રદત્ત નામનો તારા પિતાનો મિત્ર રહે છે એની પાસે તું જા. તે ઘણા વિદ્યાર્થીઓને વિદ્યાદાન દે છે. જો તું ત્યાં જાય, તો ધારેલી સિદ્ધિ થાય ખરી."

એક બે દિવસ રોકાઈ, સજ્જ થઈ, કપિલ શ્રાવસ્તીને પંથે પળ્યો. કેટલાક દિવસ પછી કપિલ ઇંદ્રદત્ત શાસ્ત્રીને ઘેર આવી પહોંચ્યો. પ્રણામ કરીને તેણે પોતાનો ઇતિહાસ કહી બતાવ્યો.

શાસ્ત્રીજીએ મિત્રપુત્રને વિદ્યાદાન દેવાને માટે બહુ આનંદ દેખાડ્યો. પણ કપિલ પાસે કંઈ પૂંજી નહોતી કે તેમાંથી ખાય અને અભ્યાસ કરી શકે. એ કારણે તેને નગરમાં યાચવા જવું પડતું હતું. યાચતાં યાચતાં બપોર થઈ જતા હતા. પછી રસોઈ કરે અને જમે ત્યાં સાંજનો થોડો ભાગ રહેતો હતો; એટલે તે કંઈ અભ્યાસ કરી શકતો નહોતો.

પંડિતે એનું કારણ પૂછ્યું, ત્યારે કપિલે તે કહી બતાવ્યું. પંડિત તેને એક ગૃહસ્થ પાસે તેડી ગયા. કપિલને હંમેશાં ભોજન મળે એવી ગોઠવણ એક વિધવા બ્રાહ્મણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં તે ગૃહસ્થે કરી દીધી; જેથી કપિલને એ એક ચિંતા ઓછી થઈ.

એ નાની ચિંતા ઓછી થઈ, ત્યાં બીજી મોટી જંજાળ ઊભી થઈ! કપિલ હવે યુવાન થયો હતો; અને જેને ત્યાં એ જમવા જતો હતો તે બાઈ પણ યુવાન હતી. તેની સાથે તેના ઘરમાં બીજું કોઈ માણસ નહોતું. હમેશનો પરસ્પરનો વાતચીતનો સંબંધ વધ્યો; વધીને હાસ્યવિનોદરૂપે થયો; એમ કરતાં કરતાં બંનેને પ્રીતિ બંધાઈ. કપિલ તેનાથી લોભાયો! એકાંત બહુ અનિષ્ટ ચીજ છે!

વિદ્યા પ્રાપ્ત કરવાનું તે ભૂલી ગયો. ગૃહસ્થ તરફથી મળતાં સીધાંથી બંનેનું માંડ પૂરું થતું હતું. પણ લૂગડાંલત્તાંના વાંધા થયા. ગૃહસ્થાશ્રમ માંડી બેઠા જેવું કપિલે કરી મૂક્યું. વળી તેને સંસારની વિશેષ માહિતી પણ નહોતી. એથી પૈસા કેમ પેદા કરવા એ બિચારો તે જાણતો પણ નહોતો. ચંચળ સ્ત્રીએ તેને રસ્તો બતાવ્યો કે, 'મૂંઝાવાથી કંઈ વળવાનું નથી. પરંતુ ઉપાયથી સિદ્ધિ છે. આ ગામના રાજાનો એવો નિયમ છે કે, સવારમાં પહેલો જઈ જે બ્રાહ્મણ આશીર્વાદ આપે, તેને તે બે માસા સોનું આપે છે. ત્યાં જો જઈ શકો અને પ્રથમ આશીર્વાદ આપી શકો, તો તે બે માસા સોનું મળે.'

કપિલે એ વાતની હા કહી. આઠ દિવસ સુધી આંટા ખાધા, પણ વખત વીત્યા પછી જાય એટલે કંઈ વળે નહીં. એથી તેણે એક દિવસ નિશ્ચય કર્યો કે, જો હું ચોકમાં સૂઉં તો ચીવટ રાખીને ઉઠાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તે ચોકમાં સૂતો. અધરાત ભાગતાં ચંદ્રનો ઉદય થયો. કપિલે પ્રભાત સમીપ જાણીને મૂઠીઓ વાળીને આશીર્વાદ દેવા માટે દોડતાં જવા માંડ્યું. પરંતુ ચોકીદારે ચોર જાણીને તેને પકડી રાખ્યો. એક કરતાં બીજું થઈ પડ્યું!

પ્રભાત થયું, એટલે ચોકીદારે તેને લઈ જઈને રાજાની સમક્ષ ઊભો રાખ્યો. કપિલ બેભાન જેવો ઊભો રહ્યો. રાજાને તેનામાં ચોરનાં લક્ષણ દેખાયાં નહીં. એથી રાજાએ તેને બધી વાત પૂછી. ચંદ્રના પ્રકાશને સૂર્ય સમાન ગણનારની મૂર્ખતા પર રાજાને દયા આવી. તેની દરિદ્રતા ટાળવા રાજાની ઇચ્છા થઈ; એથી તેણે કપિલને કહ્યું: "આશીર્વાદને માટે તારે જો એટલી તરખડ થઈ પડી છે, તો હવે તારી ઇચ્છા પૂરતું તું માગી લે. હું તને આપીશ."

કપિલ થોડી વાર મૂઢ જેવો ઊભો રહ્યો. એથી રાજાએ કહ્યું: "કેમ વિપ્ર! કંઈ માગતા નથી?"

કપિલે ઉત્તર આપ્યો: "મારું મન હજુ નિશ્ચય ઉપર આવતું નથી. એટલે શું માગવું તે સૂઝતું નથી!"

રાજાએ સામેના બાગમાં જઈ ત્યાં બેસીને સ્વસ્થતા-પૂર્વક વિચાર કરી કપિલને માગવાનું કહ્યું. એટલે કપિલ તે બાગમાં જઈને વિચાર કરવા બેઠો.

બે માસા સોનું લેવાની જેની ઇચ્છા હતી તે કપિલ હવે તૃષ્ણાતરંગમાં ઘસડાયો! તેણે પાંચ મહોર માગવાની ઇચ્છા કરી; તો ત્યાં વિચાર આવ્યો કે, પાંચથી કાંઈ પૂરું થનાર નથી; માટે પચીસ મહોર માગવી. એ વિચાર પણ ફર્યો; પચીસ મહોરથી કંઈ આખું વર્ષ પાર કરાય નહીં, માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સો મહોર માગવી. ત્યાં વળી વિચાર ફર્યો; સો મહોરે માંડ બે વર્ષ સુધી વૈભવ ભોગવી શકાય અને પાછાં દુઃખનાં દુઃખ! માટે એક હજાર મહોરની યાચના કરવી ઠીક છે. પણ એક હજાર મહોરે છોકરાંછૈયાંનાં બે ચાર ખર્ચ આવે કે એવું કંઈ થાય, તો શું પૂરું થાય? માટે દશ હજાર માગવી કે જેથી જિંદગી પર્યંત પણ ચિંતા નહીં. ત્યાં વળી ઇચ્છા ફરી; દશ હજાર મહોર ખવાઈ જાય, એટલે પછી મૂડી વગરના થઈ રહેવું પડે. માટે એક લાખ મહોરની માગણી કરું કે જેના વ્યાજમાં બધા વૈભવ ભોગવું. પણ જીવ! લક્ષાધિપતિ તો ઘણાય છે. એમાં આપણે નામાંકિત ક્યાંથી થવાના? માટે કરોડ મહોર માગવી કે જેથી હું મોટો શ્રીમંત કહેવાઉં. વળી પાછો રંગ ફર્યો. મહાન શ્રીમંતતાથી પણ ઘેર અમલ કહેવાય નહીં, માટે રાજાનું અર્ધું રાજ્ય માગવું. પણ જો અર્ધું રાજ્ય માગીશ, તોય રાજા મારા તુલ્ય ગણાશે અને વળી હું એનો યાચક પણ ગણાઈશ, માટે માગવું તો આખું રાજ્ય જ માગવું.

એમ એ તૃષ્ણામાં ડૂબ્યો; પરંતુ એકાએક ત્યાંથી એ પાછો વળ્યો: “ભલા જીવ! આપણે એવી કૃતઘ્નતા શા માટે કરવી પડે કે જે આપણને ઇચ્છા પ્રમાણે આપવા તત્પર થયો તેનું જ રાજ્ય લઈ લેવું અને તેને જ ભ્રષ્ટ કરવો? ખરું જોતાં તો એમાં આપણી જ ભ્રષ્ટતા છે. માટે અર્ધું રાજ્ય માગવું. પરંતુ એ ઉપાધિયે મારે નથી જોઈતી. ત્યારે નાણાંની ઉપાધિ પણ ક્યાં ઓછી છે? માટે કરોડ લાખ મૂકીને સો બસો મહોર જ માગી લેવી. જીવ! સો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસો મહોર હમણાં આવશે, તો પછી વિષય વૈભવમાં વખત ચાલ્યો જશે અને વિદ્યાભ્યાસ પણ થશે નહીં. માટે પાંચ મહોર હમણાં લઈ જવી; પછીની વાત પછી. અરે! પાંચ મહોરનીયે હમણાં કંઈ જરૂર નથી; માત્ર બે માસા સોનું લેવા આવ્યો હતો તે જ માગી લેવું.

"આ તો જીવ, બહુ થઈ! તૃષ્ણાસમુદ્રમાં તેં બહુ ગળકાં ખાધાં. આખું રાજ્ય માગતાં પણ તૃષ્ણા છીપતી નહોતી; માત્ર સંતોષ અને વિવેકથી તે ઘટાડી તો ઘટી. એ રાજા જો ચક્રવર્તી હોત તો પછી હું એથી વિશેષ શું માગી શકત? અને વિશેષ જ્યાં સુધી ન મળત, ત્યાં સુધી મારી તૃષ્ણા સમાત પણ નહીં. જ્યાં સુધી તૃષ્ણા સમાત નહીં, ત્યાં સુધી હું સુખી પણ ન હોત. એટલેથીયે મારી તૃષ્ણા ટળે નહીં, તો પછી બે માસા સોનાથી ક્યાંથી ટળે?"

આમ, એનો આત્મા સવળે માર્ગે આવ્યો અને તે બોલ્યો: "હવે મારે બે માસાનું પણ કંઈ કામ નથી. બે માસાથી વધીને હું કેટલે સુધી પહોંચ્યો! સુખ તો સંતોષમાં જ છે. તૃષ્ણા એ સંસારવૃક્ષનું બીજ છે. વિદ્યા લેતાં તું વિષયમાં પડી ગયો; વિષયમાં પડવાથી આ ઉપાધિમાં પડ્યો; ઉપાધિ વડે અનંત તૃષ્ણાસમુદ્રના તરંગમાં તું પડ્યો. એક ઉપાધિમાંથી આ સંસારમાં એમ અનંત ઉપાધિ વેઠવી પડે છે. આથી એનો ત્યાગ કરવો ઉચિત છે. સત્ય સંતોષ જેવું ઉપાધિરહિત સુખ એક્કે નથી."

એમ વિચારતાં વિચારતાં તૃષ્ણા શમાવવાથી તે કપિલનાં અનેક આવરણ ક્ષય પામ્યાં. તેનું અંતઃકરણ પ્રફુલ્લિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બહુ વિવેકશીલ થયું. વિવેકમાં ને વિવેકમાં ઉત્તમ જ્ઞાન વડે તે સ્વાત્મનો વિચાર કરી શક્યો. પછી તે કૈવલ્યજ્ઞાનને પામ્યો એમ કહેવાય છે.

તૃષ્ણા કેવી તુચ્છ વસ્તુ છે! જ્ઞાનીઓ એમ કહે છે કે, તૃષ્ણા આકાશના જેવી અનંત છે. નિરંતર તે નવયૌવન રહે છે. કંઈક ચાહનાને તે વધારી દે છે. સંતોષ એ જ કલ્પવૃક્ષ છે; અને એ જ મનોવાંછિતતા પૂર્ણ કરે છે.

૨૧

સુખ વિષે વિચાર

એક બ્રાહ્મણ દરિદ્રાવસ્થાથી બહુ પીડાતો હતો. તેણે કંટાળીને છેવટે દેવની ઉપાસના કરી લક્ષ્મી મેળવવાનો નિશ્ચય કર્યો. પોતે વિદ્વાન હોવાથી ઉપાસના કરવા પહેલાં વિચાર કર્યો કે, "કદાપિ દેવ તો કોઈ તુષ્ટમાન થશે; પણ પછી તેની પાસે સુખ કયું માગવું? તપ કર્યા પછી માગવામાં કંઈ સૂઝે નહીં અથવા વધતું ઓછું સૂઝે, તો કરેલું તપ પણ નિરર્થક જાય. માટે એક વખત આખા દેશમાં પ્રવાસ કરવો. સંસારના મહત્પુરુષોનાં ધામ, વૈભવ અને સુખ જોવાં."

એમ નિશ્ચય કરી તે પ્રવાસે નીકળી પડ્યો. ભારતનાં જે જે રમણીય અને સમૃદ્ધ શહેરો હતાં તે તેણે જોયાં; યુક્તિ-પ્રયુક્તિએ રાજાધિરાજનાં અંતઃપુર, સુખ અને વૈભવ જોયાં; શ્રીમંતોના આવાસ, વહીવટ, બાગબગીચા અને કુટુંબપરિવાર જોયાં; પણ એથી તેનું કોઈ રીતે મન માન્યું નહીં. કોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીનું દુઃખ, કોઈને પતિનું દુઃખ, કોઈને અજ્ઞાનનું દુઃખ, કોઈને વહાલાંના વિયોગનું દુઃખ, કોઈને નિર્ધનતાનું દુઃખ, કોઈને લક્ષ્મીની ઉપાધિનું દુઃખ, કોઈને શરીર સંબંધી દુઃખ, કોઈને પુત્રનું દુઃખ, કોઈને શત્રુનું દુઃખ, કોઈને જડતાનું દુઃખ, કોઈને માબાપનું દુઃખ, કોઈને વૈધવ્યનું દુઃખ, કોઈને કુટુંબનું દુઃખ, કોઈને પોતાના નીચ કુળનું દુઃખ, કોઈને પ્રીતિનું દુઃખ, કોઈને ઈર્ષ્યાનું દુઃખ, કોઈને હાનિનું દુઃખ — એમ બધાં દુઃખ સ્થળે સ્થળે તે વિપ્રના જોવામાં આવ્યાં.

એથી કરીને એનું મન કોઈ સ્થળે માન્યું નહીં. જ્યાં જુએ ત્યાં દુઃખ તો ખરું જ. કોઈ સ્થળે સંપૂર્ણ સુખ તેના જોવામાં આવ્યું નહીં.

હવે ત્યારે શું માગવું? એમ વિચારતાં વિચારતાં એક મહાધનાઢ્યની પ્રશંસા સાંભળીને તે દ્વારિકામાં આવ્યો. દ્વારિકા મહારિદ્ધિમાન, વૈભવયુક્ત, બાગબગીચા વડે સુશોભિત અને વસ્તીથી ભરપૂર નગરી તેને લાગી. સુંદર અને ભવ્ય આવાસો જોતો અને પૂછતો પૂછતો તે પેલા મહાધનાઢ્યને ઘેર ગયો.

શ્રીમંતે અતિથિ જાણીને બ્રાહ્મણને સન્માન આપ્યું. કુશળતા પૂછી અને જરા વાર જવા દઈ ધીરજથી શેઠે બ્રાહ્મણને પૂછ્યું: “આપનું આવવાનું કારણ જો મને કહેવા જેવું હોય તો કહો.”

બ્રાહ્મણે કહ્યું: “હમણાં આપ ધીરજ રાખો. આપનો સઘળી જાતનો વૈભવ, ધામ, બાગબગીચા ઇત્યાદિ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે દેખાડવું પડશે. એ જોયા પછી હું આપને મારું અહીં આવવાનું કારણ કહીશ.”

શેઠે એનું કંઈ મર્મરૂપ કારણ સમજીને કહ્યું: “ભલે, આનંદપૂર્વક આપની ઇચ્છા પ્રમાણે કરો.”

જમ્યા પછી બ્રાહ્મણે શેઠને પોતે સાથે આવીને બધું બતાવવા વિનંતી કરી. ધનાઢચે તે માન્ય રાખી; અને પોતે સાથે જઈ બાગબગીચા, ધામ, વૈભવ એ સઘળું દેખાડયું. શેઠની સ્ત્રી, તેના પુત્રો પણ ત્યાં બ્રાહ્મણના જોવામાં આવ્યાં. યોગ્યતાપૂર્વક તેઓએ તે બ્રાહ્મણનો સત્કાર કર્યો. તેઓનાં રૂપ, વિનય અને સ્વચ્છતા તેમ જ મધુર વાણી જોઈને બ્રાહ્મણ રાજી થયો. પછી તેની દુકાનનો વહીવટ જોયો. સોએક વહીવટિયા ત્યાં બેઠેલા જોયા. તેઓ પણ માયાળુ, વિનયી અને નમ્ર તે બ્રાહ્મણના જોવામાં આવ્યા.

એથી તે બહુ સંતુષ્ટ થયો. એનું મન અહીં કંઈક સંતોષાયું. સુખી તો જગતમાં આ જ જણાય છે, એમ તેને લાગ્યું. તે મનમાં કહેવા લાગ્યો: “કેવાં એનાં સુંદર ઘર છે! એ સૌની સ્વચ્છતા અને જાળવણી કેવી સુંદર છે! કેવી શાણી અને સુશીલ તેની સ્ત્રી છે! કેવા કાંતિમાન અને કહ્યાગરા તેના પુત્રો છે! કેવું સંપીલું તેનું કુટુંબ છે! લક્ષ્મીની મહેર પણ એને ત્યાં કેવી છે! આખા ભારતમાં એના જેવો બીજો કોઈ સુખી નથી. હવે તપ કરીને જો હું માગું તો આ મહાધનાઢ્ય જેવું જ સઘળું માગું, બીજી ઇચ્છા કરું નહીં.”

દિવસ વીતી ગયો અને રાત્રિ થઈ. સૂવાનો વખત થયો. ધનાઢ્ય અને બ્રાહ્મણ એકાંતમાં બેઠા હતા. પછી ધનાઢ્યે વિપ્રને આવવાનું કારણ કહેવા વિનંતી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણે કહ્યું : "હું ઘેરથી એવો વિચાર કરી નીકળ્યો હતો કે, બધાથી વધારે સુખી કોણ છે તે જોવું; અને તપ કરીને પછી એના જેવું સુખ સંપાદન કરવું. આખા ભારતનાં સઘળાં રમણીય સ્થળો જોયાં. પરંતુ કોઈ રાજાધિરાજને ત્યાં પણ મને સંપૂર્ણ સુખ જોવામાં આવ્યું નહીં. જ્યાં જોઉં ત્યાં કંઈ ને કંઈ આધિ, વ્યાધિ અને ઉપાધિ જોવામાં આવ્યાં. આ ભણી આવતાં આપની પ્રશંસા સાંભળી. એટલે હું અહીં આવ્યો; અને સંતોષ પણ પામ્યો. આપના જેવી રિદ્ધિ, કમાઈ, સત્પુત્ર, સ્ત્રી, કુટુંબ, ઘર વગેરે મારા જોવામાં ક્યાંય આવ્યું નથી. આપ પોતે પણ ધર્મશીલ, સદ્ગુણી અને ભગવાનના ભક્ત છો. એથી હું એમ માનું છું કે, આપના જેવું સુખ બીજે નથી. ભારતમાં આપ વિશેષ સુખી છો. ઉપાસના કરી કદાપિ દેવ કને યાચું, તો આપના જેવી સુખસ્થિતિ યાચું."

ધનાઢ્ય એ સાંભળીને બોલ્યો : "પંડિતજી, આપ એક બહુ મર્મભરેલા વિચારથી નીકળ્યા છો. એટલે અવશ્ય આપને જેમ છે તેમ સ્વાનુભવની વાત કહું છું. પછી જેમ તમારી ઇચ્છા થાય તેમ કરજો. મારે ત્યાં આપે જે જે સુખ જોયાં તે તે સુખ આખા ભારતમાં ક્યાંય નથી એ આપે કહ્યું તો તેમ હશે. પણ મને એ ખરું લાગતું નથી! મારો સિદ્ધાંત એવો છે કે, જગતમાં કોઈ સ્થળે વાસ્તવિક સુખ નથી. જગત દુઃખથી દાઝતું છે. તમે મને સુખી જુઓ છો, પણ વાસ્તવિક રીતે હું સુખી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિપ્ર બોલ્યો : “આપનું આ કહેવું અનુભવસિદ્ધ અને માર્મિક હશે. મેં અનેક શાસ્ત્રો જોયાં છે; છતાં આ રીતે મર્મપૂર્વક વિચારો ધ્યાનમાં લેવા પરિશ્રમ જ લીધો નથી. તેમ મને એવો અનુભવ પણ થયો નથી. હવે આપને શું દુઃખ છે તે મને કહો.”

શેઠે કહ્યું : “પંડિતજી, આપની ઇચ્છા છે તો જે હું કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળજો.

“જે સ્થિતિ હમણાં મારી આપ જુઓ છો, તેવી સ્થિતિ લક્ષ્મી, કુટુંબ અને સ્ત્રી સંબંધમાં આગળ પણ હતી. જે વખતની હું વાત કરું છું તે વખતને લગભગ વીશ વર્ષ થયાં. વ્યાપાર અને વૈભવની બહોળાશ એ સઘળું વહીવટ અવળો પડવાથી ઘટવા માંડ્યું. કરોડોપતિ કહેવાતો હું ઉપરાઉપરી ખોટ આવવાથી લક્ષ્મી વગરનો માત્ર ત્રણ વર્ષમાં થઈ ગયો. જ્યાં કેવળ સવળું ધારીને નાખ્યું હતું, ત્યાં અવળું પડ્યું. એવામાં મારી સ્ત્રી પણ ગુજરી ગઈ. તે વખતે મને કંઈ સંતાન નહોતું.

“જબરી ખોટને લીધે મારે અહીંથી નીકળી જવું પડ્યું. મારાં કુટુંબીઓએ બનતી મદદ કરી; પરંતુ તે આભ ફાટ્યાનું થીગડું હતું. અન્ન ને દાંતને વેર થવાની સ્થિતિએ હું પરદેશ જવા નીકળી પડ્યો. જ્યારે હું ત્યાંથી નીકળ્યો, ત્યારે મારાં કુટુંબીઓ મને રોકી રાખવા મંડ્યાં કે, ‘તેં ગામનો દરવાજો પણ દીઠો નથી. માટે તને જવા દઈ શકાય નહીં. તારું કોમળ શરીર કંઈ પણ કરી શકે નહીં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તું ત્યાં જાય અને સુખી થાય તો પછી આવે પણ નહીં. માટે એ વિચાર તું માંડી વાળ.'

"ઘણા પ્રકારે તેઓને સમજાવી, સારી સ્થિતિમાં આવીશ ત્યારે અવશ્ય અહીં આવીશ, એમ વચન દઈ હું જાવે જવા નીકળી પડચો.

"પ્રારબ્ધ પાછાં વળવાની તૈયારી થઈ. મારી કને એક દમડી પણ રહી નહોતી. એક કે બે મહિના ગુજરાન ચાલે તેવું સાધન રહ્યું નહોતું. છતાં જાવે હું ગયો. ત્યાં મારી બુદ્ધિએ પ્રારબ્ધ ખીલવ્યાં. જે વહાણમાં હું બેઠો હતો તે વહાણના નાવિકે કામ કરવાની મારી ચપળતા અને નમ્રતા જોઈને પોતાના શેઠ આગળ મારાં દુઃખની વાત કરી. તે શેઠે મને બોલાવી અમુક કામમાં ગોઠવ્યો, જેમાં હું મારા પોષણથી ચોગણું પેદા કરતો હતો. એ વેપારમાં મારું ચિત્ત જ્યારે સ્થિર થયું, ત્યારે ભારત સાથે એ વેપાર વધારવા મેં પ્રયત્ન કર્યો અને તેમાં હું ફાવ્યો.

"બે વર્ષમાં પાંચ લાખ જેટલી કમાઈ થઈ. પછી શેઠ પાસેથી રાજીખુશીથી આજ્ઞા લઈ મેં કેટલોક માલ ખરીદી દ્વારિકા ભણી આવવાનું કર્યું. થોડે કાળે ત્યાં આવી પહોંચ્યો, ત્યારે બહુ લોક મને સન્માન આપવા સામા આવ્યા હતા. હું મારાં કુટુંબીઓને હર્ષભેર મળ્યો. તેઓ મારા ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યાં. જાવેથી લીધેલા માલે મને એકના પાંચ કરાવ્યા.

"પંડિતજી! ત્યાં કેટલાક પ્રકારે મારે પાપ કરવાં પડચાં હતાં; પૂરું ખાવા પણ હું પામ્યો નહોતો. પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર લક્ષ્મી પ્રાપ્ત કરવાનો જે પ્રતિજ્ઞાભાવ કર્યો હતો તે પ્રારબ્ધયોગથી ફળ્યો. જે દુઃખદાયક સ્થિતિમાં હું હતો તે દુઃખમાં શી ખામી હતી? સ્ત્રી, પુત્ર એ તો જાણે નહોતાં જ; માબાપ પહેલેથી પરલોક પામ્યાં હતાં. કુટુંબીઓના વિયોગ વડે અને વિના દમડીએ જાવે જે વખતે હું ગયો, તે વખતની સ્થિતિ આંખમાં આંસુ આણી દે તેવી છે. તે વખતે પણ ધર્મમાં લક્ષ રાખ્યું હતું. દિવસનો અમુક ભાગ તેમાં રોકતો હતો, તે લક્ષ્મી કે એવી લાલચે નહીં, પરંતુ સંસારદુઃખથી એ તારનાર સાધન છે એમ ગણીને. મોતનો ભય ક્ષણ પણ દૂર નથી; માટે એ કર્તવ્ય જેમ બને તેમ કરી લેવું, એ મારી મુખ્ય નીતિ હતી. દુરાચારથી કંઈ સુખ નથી, મનની તૃપ્તિ નથી, અને આત્માની મલિનતા થાય છે, એ તત્ત્વ ભણી મેં મારું લક્ષ દોરેલું હતું.

"અહીં આવ્યા પછી હું સારા ઠેકાણાની કન્યા પામ્યો. તે પણ સુલક્ષણી અને મર્યાદશીલ નીવડી. એ વડે મારે ત્રણ પુત્ર થયા. વહીવટ બહોળો હોવાથી અને નાણું નાણાંને વધારતું હોવાથી દશ વર્ષમાં હું બહુ મોટો કરોડપતિ થઈ ગયો. પુત્રોની નીતિ, વિચાર અને બુદ્ધિ ઉત્તમ રહેવા મેં બહુ સુંદર સાધનો ગોઠવ્યાં, જેથી તેઓ આ સ્થિતિ પામ્યા છે. મારાં કુટુંબીઓને પણ યોગ્ય યોગ્ય સ્થળે ગોઠવી તેઓની સ્થિતિને મેં સુધરતી કરી. દુકાનના મેં અમુક નિયમો બાંધ્યા.

"આ બધું ફક્ત એક મમત્વ ખાતર કર્યું. ગયેલું પાછું મેળવ્યું અને કુળપરંપરાનું નામ જતું અટકાવ્યું, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવરાવવા માટે આ સઘળું મેં કર્યું. એને હું સુખ માનતો નથી. જોકે હું બીજા કરતાં સુખી છું. તોપણ મને સાંસારિક સુખ છે; સત્ય-સુખ નથી. જગતમાં બહુધા દુઃખ છે. મેં ધર્મમાં મારો કાળ ગાળવાનો નિયમ રાખ્યો છે. સત્શાસ્ત્રોનું વાચન, મનન, સત્પુરુષોનો સમાગમ, યમનિયમ, એક મહિનામાં બાર દિવસ બ્રહ્મચર્ય, બનતું ગુપ્તદાન, એ આદિ ધર્મરૂપે આચરીને હું મારો કાળ ગાળું છું. સર્વ વ્યવહાર સંબંધીની ઉપાધિમાંથી કેટલોક ભાગ બહુ અંશે મેં ત્યાગ્યો છે. પુત્રોને વ્યવહારમાં યથાયોગ્ય કરીને હું સાધુ જીવન જીવવાની ઈચ્છા રાખું છું. હમણાં સાધુ થઈ શકતો નથી, તેમાં સંસાર-મોહિની કે એવું કારણ નથી; પરંતુ તે પણ ધર્મસંબંધી કારણ છે. ગૃહસ્થધર્મનાં આચરણ બહુ કનિષ્ઠ થઈ ગયાં છે; અને સાધુપુરુષો કે મુનિઓ તે સુધારી શકતા નથી. ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે; આચરણથી પણ અસર કરી શકે. એટલા માટે ધર્મ-સંબંધે ગૃહસ્થ વર્ગને હું ઘણે ભાગે બોધપાઠ પૂરો પાડી યમનિયમમાં આણું છું. દર સપ્તાહે અમારે ત્યાં પાંચસો જેટલા સદ્ગૃહસ્થોની સભા ભરાય છે. સાત દિવસનો નવો અનુભવ અને બાકીનો આગળનો ધર્માનુભવ એમને થોડાક સમયમાં કહી સંભળાવું છું. મારી સ્ત્રી ધર્મશાસ્ત્રનો કેટલોક બોધ પામેલી હોવાથી તે પણ સ્ત્રીવર્ગને ઉત્તમ યમનિયમનો બોધ કરી સાપ્તાહિક સભા ભરે છે. પુત્રો પણ શાસ્ત્રનો બનતો પરિચય રાખે છે. વિદ્વાનોનું સન્માન, અતિથિનું સન્માન, વિનય અને સામાન્ય સત્યતા, એક જ ભાવ એવા નિયમો બહુધા મારા સેવકો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવે છે. તેઓ બધા એથી શાતા ભોગવી શકે છે. લક્ષ્મીની સાથે મારી નીતિ, ધર્મ, સદ્‌ગુણ, વિનય હોવાથી એની જનસમુદાય પર સારી અસર પડી છે. રાજા પણ મારી નીતિ-વાત સ્વીકારે તેવું થયું છે. આ સઘળું આત્મપ્રશંસા માટે હું કહેતો નથી, એ આપે ધ્યાનમાં રાખવું; માત્ર આપના પૂછેલા ખુલાસા દાખલ આ સઘળું સંક્ષેપમાં કહેતો જાઉં છું.

"આ સઘળા ઉપરથી હું સુખી છું, એમ આપને લાગી શકશે અને સામાન્ય વિચારે મને બહુ સુખી માનો તો માની શકાય તેમ છે. ધર્મ, શીલ અને નીતિથી તેમ જ શાસ્ત્રોના અધ્યયનથી મને જે આનંદ ઊપજે છે, તે અવર્ણનીય છે. પણ તત્ત્વદૃષ્ટિથી હું સુખી ન મનાઉં. જ્યાં સુધી સર્વ પ્રકારે બાહ્ય અને આંતરિક પરિગ્રહ મેં ત્યાગ્યા નથી, ત્યાં સુધી રાગદ્વેષનો ભાવ છે. જોકે તે બહુ અંશે નથી; પણ છે, તો ત્યાં ઉપાધિ પણ છે. સર્વસંગપરિત્યાગ કરવાની મારી સંપૂર્ણ આકાંક્ષા છે. પણ જ્યાં સુધી તેમ થયું નથી, ત્યાં સુધી હજુ કોઈ પ્રિયજનનો વિયોગ, વ્યવહારમાં હાનિ, કુટુંબીનું દુઃખ એ થોડે અંશે પણ ઉપાધિ આપી શકે. પોતાના દેહ પર મોત સિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. માટે કેવળ સાધુજીવન, બાહ્યાંતર પરિગ્રહનો ત્યાગ એ સઘળું નથી થયું, ત્યાં સુધી હું મને કેવળ સુખી માનતો નથી.

"હવે આપને તત્ત્વની દૃષ્ટિએ વિચારતાં માલૂમ પડશે કે, લક્ષ્મી, પુત્ર કે કુટુંબ એ વડે સુખ નથી; અને એને સુખ ગણું તો જ્યારે મારી સ્થિતિ નબળી પડી ગઈ હતી, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સુખ ક્યાં ગયું હતું? જેનો વિયોગ છે, જે ક્ષણભંગુર છે અને જ્યાં એકત્વ કે પીડા વગરની સ્થિતિ નથી, તે સુખ સાચું સુખ નથી. એટલા માટે થઈને હું મને સુખી કહી શકતો નથી. હું બહુ વિચારી વિચારી વેપાર-વહીવટ કરતો હતો. તોપણ આરંભમાં મારે ઉપાધિ, અનીતિ અને જરા પણ કપટ સેવવું પડ્યું નથી, એમ તો નથી જ. અનેક પ્રકારનાં કપટ વગેરે મારે સેવવાં પડયાં હતાં. આપ જો એમ ધારતા હો કે, દેવોપાસનાથી લક્ષ્મી પ્રાપ્ત કરવી, તો તે જો પુણ્ય ન હોય તો કોઈ કાળે મળનાર નથી. પુણ્યથી લક્ષ્મી પામી હિંસા કપટ અને માન વધારવાં એ મહાપાપનાં કારણ છે. પાપ નરકમાં નાખે છે. પ્રાપ્ત કરેલો મનુષ્યદેહ પાપથી એળે ગુમાવાય છે. એક તો જાણે પુણ્યને ખાઈ જવાં, બાકી વળી પાપનું બંધન કરવું, તેમ જ લક્ષ્મીની અને તે વડે આખા સંસારની ઉપાધિ ભોગવવી, એ હું ધારું છું કે વિવેકી આત્માને માન્ય ન હોય.

"મેં જે કારણથી લક્ષ્મી ઉપાર્જન કરી હતી, તે મેં આગળ આપને જણાવ્યું છે. હવે જેમ આપની ઇચ્છા હોય તેમ કરો. આપ વિદ્વાન છો; હું વિદ્વાનને ચાહું છું. આપની અભિલાષા હોય તો ધર્મધ્યાનમાં મગ્ન થઈ સહકુટુંબ અહીં ભલે રહો. આપના ભરણપોષણની વ્યવસ્થા જેમ કહો તેમ હું રુચિપૂર્વક કરાવી આપું. અહીં શાસ્ત્રાધ્યયન અને સત્ વસ્તુનો ઉપદેશ કરો. લોલુપતામાં, હું ઇચ્છું છું કે, આપ ન પડો; પછી આપની જેવી ઇચ્છા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ આ સાંભળીને બોલ્યો : "આપે આપના અનુભવની બહુ મનન કરવા જેવી વાત કહી. આપ અવશ્ય કોઈ મહાત્મા છો; પુણ્યવાન જીવ છો. આપની શક્તિ અદ્‌ભુત છે. હું દરિદ્રતાથી કંટાળીને જે ઇચ્છા રાખતો હતો તે બરોબર નહોતી. આવા સર્વ પ્રકારના વિવેકપૂર્ણ વિચાર મેં કર્યા નહોતા. આવો અનુભવ, આવી વિવેકશક્તિ, હું ગમે તેવો વિદ્વાન છું છતાં, મારામાં નથી જ. આ હું સત્ય વાત કહું છું. આપે મારે માટે જે વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે, તે માટે આપનો બહુ ઉપકાર માનું છું; અને નમ્રતાપૂર્વક એનો સ્વીકાર ખુશીની સાથે કરું છું. હું ઉપાધિને ચાહતો નથી. લક્ષ્મીનો ફંદ ઉપાધિ જ આપે છે. આપનું અનુભવસિદ્ધ કથન મને બહુ રુચ્યું છે. સંસાર દુઃખથી બળતો જ છે; એમાં સુખ નથી. આપે ઉપાધિરહિત મુનિસુખની પ્રશંસા કરી તે સત્ય છે. તે સન્માર્ગે સર્વે આધિ, વ્યાધિ અને ઉપાધિથી તથા સર્વ અજ્ઞાનભાવથી રહિત એવા શાશ્વત મોક્ષનો હેતુ સિદ્ધ થાય છે."

શેઠ કહે : "આપને મારી વાત રુચી, એથી હું આનંદ પામું છું. આપને માટે હું યોગ્ય વ્યવસ્થા કરીશ. હવે મારા કેટલાક સામાન્ય વિચારો અહીં કહેવાની હું રજા લઉં છું.

"જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મૂંઝાતા પડ્યા છે, તે બહુ દુઃખી છે. તેનો તે પૂરો ઉપયોગ કે અધૂરો ઉપયોગ કરી શકતા નથી; માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્ય પાપ કરે છે. તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળ અચાનક લઈ જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નકામો કરી નાખે છે; જેથી તે નિરંતર દુઃખી જ છે.

"જેણે પોતાના ભરણપોષણ માટે જોઈએ એટલાં જ સાધનો રાખ્યાં છે, શુદ્ધ એકપત્નીવ્રત–સંતોષ–અન્ય આત્માની રક્ષા–યમ–નિયમ–પરોપકાર–અલ્પરાગ–અલ્પદ્રવ્યમાયા–સત્ય તેમ જ શાસ્ત્રાધ્યયન રાખ્યાં છે, જે સત્પુરુષોને સેવે છે, જેણે સાધુતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવો છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટ છે, તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.

"એમ પંડિતજી, આપની અને મારી સુખ સંબંધી વાતચીત થઈ. આ વિચારો આપને કહ્યાથી મને બહુ આનંદ થયો છે."

જે વિવેકી માણસો આ સુખ સંબંધી વિચાર કરશે, તેઓ જીવનની ઉચ્ચતાને પામશે. જેમ બને તેમ સંસારી કર્મબંધનથી મુક્ત થઈ, સમભાવથી જનસમુદાયના હિત ભણી વળવું. પરોપકાર, દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાનું સેવન કરવું, એ બહુ સુખદાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

મોક્ષસુખ

આ જગતમાં એવી સામાન્ય વસ્તુઓ અને મનની ઇચ્છાઓ છે, જે કેટલેક અંશે આપણે જાણતા હોવા છતાં તે કહી શકાતી નથી. એવી સામાન્ય વસ્તુનું જ્યારે વર્ણન ન થઈ શકે, ત્યારે અનંત સુખમય મોક્ષ સંબંધી તો ઉપમા ક્યાંથી જ જડે? ભગવાનને ગૌતમસ્વામીએ મોક્ષના અનંત સુખ વિષે પ્રશ્ન કર્યો, ત્યારે ભગવાને ઉત્તરમાં કહ્યું: “ગૌતમ, એ અનંત સુખ હું જાણું છું. પણ તે કહી શકાય એવી અહીં કોઈ ઉપમા નથી. જગતમાં એ સુખના તુલ્ય કોઈ પણ વસ્તુ કે સુખ નથી.”

એમ કહીને ભગવાને એક ભીલનું દૃષ્ટાંત કહી સંભળાવ્યું:—

એક જંગલમાં એક ભીલ તેનાં બાળબચ્ચાં સાથે રહેતો હતો. શહેર વગેરેની સમૃદ્ધિનું તેને લેશ પણ ભાન નહોતું.

એક દિવસ કોઈ રાજા અશ્વક્રીડા માટે ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. તેને બહુ તરસ લાગી હતી. તેથી તેણે સાન વડે પેલા ભીલ પાસે પાણી માગ્યું. ભીલે પાણી પાયું.

શીતળ જળથી રાજા સંતોષાયો. પોતાને ભીલ તરફથી મળેલા અમૂલ્ય જળ-દાનનો ઉપકાર રૂપે બદલો આપવા માટે તેણે ભીલને સમજાવીને પોતાની સાથે લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરમાં આવ્યા પછી ભીલે જિંદગીમાં નહીં જોયેલી એવી વસ્તુઓમાં તેને રાખવામાં આવ્યો. સુંદર મહેલ, પાસે અનેક સેવકો, મનોહર છત્રપલંગ અને સ્વાદિષ્ટ ભોજન વગેરેથી તેને આનંદ આનંદ કરી આપ્યો. વિવિધ જાતનાં હીરામાણેક, મૌક્તિક, મણિરત્ન અને રંગબેરંગી અમૂલ્ય ચીજો રાજા તે ભીલને જોવા માટે હંમેશાં મોકલ્યા કરે; બાગબગીચામાં હરવાફરવા મોકલે. એમ રાજા તેને સુખ આપ્યા કરતો હતો.

એક રાતે બધાં સૂઈ ગયાં હતાં. તે વખતે ભીલને પોતાનાં બાળબચ્ચાં સાંભરી આવ્યાં. એટલે તે ત્યાંથી કંઈ પણ લીધા કે કર્યા વગર એકાએક નીકળી પડ્યો.

જઈને તે પોતાનાં કુટુંબીઓને મળ્યો. એ બધાંએ મળીને પૂછ્યું કે, 'તું ક્યાં ગયો હતો?"

ભીલે કહ્યું: "બહુ સુખમાં. ત્યાં મેં બહુ વખાણવા લાયક વસ્તુઓ જોઈ."

કુટુંબીઓ — "પણ તે કેવી? તે તો અમને કહે!"

ભીલ — "શું કહું? અહીં તેના જેવી એક્કે વસ્તુ જ નથી!"

કુટુંબીઓ — "એમ હોય કે? આ શંખલા, છીપ, કોડાં કેવાં મજાનાં પડ્યાં છે! ત્યાં કોઈ એના જેવી જોવા લાયક વસ્તુ હતી?"

ભીલ — "નહીં, નહીં ભાઈ; એવી ચીજ તો અહીં એક્કે નથી. એના સોમા ભાગની કે હજારમા ભાગની પણ સુંદર ચીજ અહીં નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબીઓ એ સાંભળીને કહે: "અત્યારે તો તું બોલ્યા વિના બેઠો રહે! તને કંઈ ભ્રમણા થઈ છે. આ બધાં કરતાં ત્યાં બીજું સારું શું હશે?"

આ દૃષ્ટાંત કહીને ભગવાન બોલ્યા: "હે ગૌતમ, જેમ એ ભીલ રાજવૈભવનું સુખ ભોગવી આવ્યો હતો તેમ જ જાણતો હતો, છતાં ઉપમા યોગ્ય વસ્તુ નહીં મળવાથી તે કંઈ કહી શકતો નહોતો; એ જ પ્રમાણે ઉપમા ન આપી શકાય એવા મોક્ષને, સચ્ચિદાનંદ સ્વરૂપમય નિર્વિકારી મોક્ષના સુખના અલ્પમાં અલ્પ ભાગને પણ જેની યોગ્ય ઉપમા આપી શકાય એવી કોઈ વસ્તુ નહીં મળવાથી હું તને એ કહી શકતો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

દૃષ્ટાંત-કથાઓનો જૈન ધર્મગ્રંથોમાં મળતો સ્થળનિર્દેશ

૧. ભિખારીનો ખેદ	×
૨. અનાથી મુનિ	ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૦
૩. નમિરાજ-શક્રેન્દ્ર સંવાદ	,, ,, ૯
૪. નમિરાજની એકત્વસિદ્ધિ	ભદ્રબાહુકૃત ઉત્ત૦ નિર્યુક્તિ ગાથા ૨૬૪-૨૭૯
૫. ભરતેશ્વરની અન્યત્વભાવના	ત્રિષષ્ટિશલાકાપુરુષ પ્રથમ પર્વ સર્ગ ૬
૬. સનત્કુમારની અશુચિભાવના	ઉત્તરાધ્યયન અધ્યયન ૧૮ ગાથા-૩૭ (કથા એ ગાથા પરની ટીકામાં છે.)
૭. મૃગાપુત્ર	ઉત્તરાધ્યયન અધ્યયન ૧૯
૮. પુંડરિક ને કંડરિકની કથા	જ્ઞાતાધર્મકથાંગસૂત્ર જ્ઞાત ૧૯
૯. વજ્રસ્વામીની કથા	હરિભદ્રકૃત આવશ્યકનિર્યુક્તિ ગાથા ૭૬૩-૭૮૩ જિનદાસકૃત ચૂર્ણી
૧૦. દૃઢપ્રહારીની કથા	આવશ્યકનિર્યુક્તિ ગાથા ૯૫૨ ઉપરની ટીકામાં
૧૧. બાહુબળની કથા	ત્રિષષ્ટિશલાકાપુરુષ પ્રથમ પર્વ, સર્ગ ૫
૧૨. કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા	ઉપાસકદશાંગસૂત્ર અધ્ય૦ ૨
૧૩. વસુરાજાની કથા	વસુદેવહિંડિ, સંઘદાસવાચકકૃત ૨૪મું લમ્ભક
૧૪. સુભૂમ ચક્રવર્તીની કથા	ત્રિષષ્ટિશલાકાપુરુષ છઠ્ઠો પર્વ, સર્ગ ૪
૧૫. માંસની સસ્તાઈ	×
૧૬. ચંડાળની કથા	દશવૈકાલિકનિર્યુક્તિ અગસ્ત્યચૂર્ણી ૨૫મી ગાથા ભાવોપાયમાં ઉદાહરણ
૧૭. સુદર્શન શેઠની કથા	ધર્મઘોષસૂરિકૃત ઋષિમંડલ પ્રકરણ
૧૮. ગજસુકુમારની કથા	અંતકૃદ્દશાંગસૂત્ર વર્ગ ૩, અધ્ય૦ ૮
૧૯. ગૌતમની રાગમુક્તિ	ત્રિષષ્ટિશલાકાપુરુષમાં મહાવીરનિર્વાણનો પ્રસંગ; કલ્પસૂત્રની સુબોધિકા ટીકામાં પણ.
૨૦. કપિલમુનિ	ઉત્તરાધ્યયન અધ્ય૦ ૮
૨૧. સુખ વિષે વિચાર	×
૨૨. મોક્ષસુખ	પ્રજ્ઞાપનાસૂત્ર પદ બીજું, ગાથા ૧૬૫; ૧૬૬ ઇ૦

૯૨ + ૨૪ = ૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय,

हरिद्वार

पुस्तक लौटाने की तिथि अन्त में अङ्कित है । इस तिथि को पुस्तक न लौटाने पर दस नये पैसे प्रति पुस्तक अतिरिक्त दिनों का अर्थदण्ड आप को लगाया जायेगा ।

५०००.११.१४ ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	૦.૭૫
શીલ અને સદાચાર	૦.૩૭
જાણવા જેવી વાતો	૦.૩૫
પચાસ પ્રેરક પ્રસંગો	૦.૬૨
મોટાં માણસોનાં મન	૦.૫૬
ચીન દેશનાં કથાનકો	૦.૬૨
ભક્તરાજ	૧.૦૦
પ્રતિભાનું પોત	૦.૩૭
માનવજીવનનું ઝવેરાત	૦.૩૭
જીવન અને મરણ	૦.૩૭
ધર્મ-સંસ્થાપકો	૦.૩૭
સંત-સમાગમ	૦.૩૭
શેખ સાદીની બોધકથાઓ	૦.૫૦
સંતોની જીવનપ્રસાદી	૦.૩૭
ભગવાન ઈશુની બોધકથાઓ	૦.૪૦
નીતિ અને વ્યવહાર	૦.૪૦
બાપુજીની વાતો-૧	૦.૪૦
નાની નાની વાતો	૦.૫૦
લોભ અને કરુણા	૧.૫૦
અવંતીનાં પરાક્રમો	૦.૩૦
સરદારશ્રીની પ્રતિભા	૦.૪૦
शील और सदाचार	૦.૩૧
जानने जैसी बातें	૦.૫૦
बोधक कहानियाँ	૦.૮૫
Character and Conduct	૦.૩૭
Inspiring Anecdotes	૦.૩૭
In the Company of the Saints	૦.૪૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા'નાં પુસ્તકો

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

આત્મસિદ્ધિશાસ્ત્ર

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

શ્રીમદ્ રાજચંદ્રનું સંક્ષિપ્ત જીવનચરિત; પંડિત સુખલાલજીની પ્રસ્તાવના; અને ટિપ્પણ સહિત.

કિં. રૂ. ૧.૫૦ ટપાલરવાનગી ૦.૪૪ ન. પૈ.

શાંતિદેવાચાર્યકૃત

બોધિચર્યાવતાર

[અધ્યાપક ધર્માનંદ કોસંબીનો સંક્ષિપ્ત અનુવાદ]

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

અધ્યા૦ ધર્માનંદજીનું સંક્ષિપ્ત જીવનચરિત અને પંડિત સુખલાલજીની પ્રસ્તાવના સહિત.

કિં. રૂ ૧.૦૦ ટપાલરવાનગી ૦.૨૫ ન. પૈ.

સંત તુકારામની વાણી

અનુ૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

સંત તુકારામના ૧૨૦ અભંગોનો અનુવાદ; શ્રી કેદારનાથજીની વિસ્તૃત પ્રસ્તાવના; સંત તુકારામનું સંક્ષિપ્ત જીવનચરિત ઇ૦.

કિં. રૂ. ૧.૫૦ ટપાલરવાનગી ૦.૩૭ ન. પૈ.

ધર્મચક્રપ્રવર્તન

[ભગવાન બુદ્ધનાં સાત ધર્મવચનો]

અધ્યાપક ધર્માનંદ કોસંબી

સંપા૦ સુકુલભાઈ કલાર્થી

પ્રિયદર્શી અશોકનું સંક્ષિપ્ત જીવનચરિત; પંડિત સુખલાલજીની પ્રસ્તાવના સહિત.

કિં. ૦.૭૫ ન. પૈ. ટપાલરવાનગી ૦.૧૯ ન. પૈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar